

“ભારતે લીધેલાં પગલાં અને અભિગમ અંગે સમગ્ર વિશ્વમાં ઉત્સાહ છે, અમે તમામ વિકાસશીલ દેશોના મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવ્યા છે ”

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવ સાથે વિશેષ મુલાકાત વાંચો પેજઃ 30થી 33

વર્ષઃ 02, અંકઃ 11

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

1-15 ડિસેમ્બર, 2021

નિઃશુલ્ક



#COP26

## માનવતાને બચાવવા ભારત અગ્રદૂત બન્યું

### પર્યાવરણ બચાવવા ‘પંચામૃત’ના સંકલ્પ સાથે ગ્લાસગોમાં ભારતે વિશ્વને માર્ગ ચીંધ્યો

# રમતવીરોનાં સન્માન દ્વારા રમતગમતને પ્રોત્સાહન



**જ્યારે ખેલાડીઓને સન્માન મળે છે, ત્યારે તેમનામાં એક નવી ઊર્જા, નવો ઉત્સાહ અને નવો જોશ પેદા થાય છે. આ જ ઊર્જા, ઉમંગ અને પ્રોત્સાહન તેમને રમતના મેદાનમાં કંઈક કરી બતાવવા માટે પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 13 નવેમ્બરનાં રોજ રાષ્ટ્રીય રમતગમત પુરસ્કાર 2021ના વિજેતાઓને પુરસ્કાર એનાયત કર્યા. કાર્યક્રમમાં 6 શ્રેણીઓમાં 47 એથ્લીટ્સને રમતગમત પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા. 12 ખેલાડીઓને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન અને 35 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા...**



ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષ: 02 ,અંક: 11 | 1-15 ડિસેમ્બર, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સૌનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણ: **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલ: response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને...

## ગ્લોબલ વોર્મિંગથી વિશ્વને બચાવવા માટે ભારત બન્યું અગ્રદૂત




**કવર સ્ટોરી** | ભારતે 'પંચામૃત'ના સંકલ્પ દ્વારા વિશ્વને માર્ગ દર્શાવ્યો અને વિક્સિત દેશોને પણ 'જળવાયુ ન્યાય'ની જરૂરિયાતની અનુભૂતિ કરાવી | પેજ 16-29



**'પંચતીર્થ'થી 'સ્નેહભૂમિ' લખનઉ સુધી બાબા સાહેબનાં જીવને પ્રેરણા આપી**
બાબા સાહેબની 'સ્નેહ ભૂમિ' લખનઉમાં ડો. ભીમરાવ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા સરકાર વંચિતોનું ઉત્થાન કરશે. | પેજ 6-8

**દિવ્યાંગો માટે સુગમ્ય ભારતનું નિર્માણ**



'સુગમ્ય ભારત' અભિયાનના માધ્યમથી કેન્દ્ર સરકાર સમાજમાં દિવ્યાંગોની ભૌતિક અને સામાજિક બરાબરીનું સપનું સાકાર કરી રહી છે. પેજ 40-42

**સમાચાર સાર**
પેજ 4-5

**જેમણે ભારતની પ્રથમ નિર્વાસિત સરકાર બનાવી**
વ્યક્તિત્વમાં આ અંકમાં વાંચો રાજા મહેન્દ્ર પ્રતાપસિંહની કહાની | પેજ 9

**યુપીની ગતિ વેગ પકડશે, બિહાર સુધીનું અંતર ઘટશે**
પૂર્વાંચલ એક્સપ્રેસ વે કનેક્ટિવિટી અને વિકાસનો રાજમાર્ગ બનશે પેજ 10-12

**બાબા કેદારનાથની નગરીના કાયાકલ્પનો સંકલ્પ**
300 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ પ્રોજેક્ટ્સનો પ્રારંભ પેજ 13-15

**ભારતનાં પગલાં અને અભિગમ અંગે સમગ્ર વિશ્વમાં ઉત્સાહ**
કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવ સાથે મુલાકાત પેજ 30-33

**હવે જનજાતિઓ સુધી પહોંચશે વિકાસના ફળ**
બિરસા મુંડાની જન્મજયંતી હવે જનજાતિ ગૌરવ દિવસ | પેજ 34-35

**સંપૂર્ણ રસીકરણનો સંકલ્પ...**
હર ઘર દસ્તક અભિયાન દ્વારા સંપૂર્ણ રસીકરણ તરફ આગેકૂચ | પેજ 36-39

**શેરડી અને શણ પકવતા ખેડૂતોને રાહત આપવામાં આવી**
કેબિનેટના મહત્વના નિર્ણયો | પેજ 43

**નવા ભારતના ગુમનામ નાયકો**
દેશના અસલી હીરોનું સન્માન | પેજ 44-47

**પ્રથમ વાર ઓટીટી પ્લેટફોર્મને પણ તક**
52મો ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ | પેજ 52



**જેમણે દેશવાસીઓને સાહસ અને નિઃસ્વાર્થતાના પાઠ ભણાવ્યા**
અમૃત મહોત્સવની શ્રૃંખલામાં વાંચો એવા સ્વતંત્રતાસેનાનીઓનો સંઘર્ષ જેમણે પોતાના સાહસ અને બલિદાનથી દેશને આઝાદી અપાવી પેજ 48-51

# સંપાદકની કલમે..

સાદર નમસ્કાર,

પ્રકૃતિ સાથેનું અદભૂત જોડાણ અને પૃથ્વી પ્રત્યે સન્માનની લાગણી ધરાવતી ભારતીય પરંપરાનું પાલન કરતાં વર્તમાન કેન્દ્ર સરકાર સ્વચ્છ અને અક્ષય ઊર્જા, ઊર્જા કાર્યક્ષમતા, વનીકરણ અને જૈવ વૈવિધ્યતાને પ્રોત્સાહન આપવા માટે મહત્વાકાંક્ષી પગલાં લઇ રહી છે. આજે ભારત જળવાયુ પરિવર્તન, શમન અને બહુપક્ષીય જોડાણ રચવાના સામૂહિક પ્રયાસમાં નવા માપદંડ પ્રસ્થાપિત કરી રહ્યું છે. સાથે સાથે, તે  બહુપક્ષીય જોડાણો કરવાના સામૂહિક પ્રયાસને પણ પ્રોત્સાહન આપી રહ્યું છે.

જ્યારે વિશ્વનાં દેશો તાપમાનને દોઢ ડિગ્રીથી વધુ વધતું રોકવા માટે મથામણ કરી રહ્યાં છે, ત્યારે ભારત સરકાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની જાગૃતિ અને કુદરતી સંસાધનોના બેફામ ઉપયોગને રોકવાની ચેતવણીને ગંભીરતાથી લઈને આગળ વધી રહ્યું છે. ભારત જ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ, LEEDIT અને કુદરતી આપત્તિ વિરોધી પાયાના માળખાનાં નિર્માણ માટે જોડાણ જેવી વૈશ્વિક પહેલને પ્રોત્સાહિત કરી રહ્યું છે. વિશ્વમાં 122 દેશ એવા છે જ્યાં 300થી વધુ દિવસ સુરજની ગરમીની અસર રહે છે અને આવા દેશોના સંગઠનના અગ્રણી તરીકે ભારત વૈકલ્પિક ઊર્જા પર કામ કરી રહ્યું છે.


ભારત સદીઓથી માનતું રહ્યું છે કે પ્રકૃતિ સાથે સંવાદ થવો જોઈએ, સંઘર્ષ નહીં. એક જવાબદાર રાષ્ટ્રનો આ અભિગમ જ આજે વિશ્વનું માર્ગદર્શન કરી રહ્યો છે. 'એક સુરજ, એક વિશ્વ, એક ગ્રિડ'નો વડાપ્રધાન મોદીનો મંત્ર વિશ્વ માટે માનવતાને બચાવવાનું શસ્ત્ર બની રહ્યું છે. બ્રિટનના ગ્લાસગોમાં પૂરી થયેલી કોપ-26 બેઠકમાં ભારતનો પંચામૃતનો સંકલ્પ, જળવાયુ ન્યાયનો સિધ્ધાંત અને ટેકનોલોજી હસ્તાંતરણ અંગેનો સ્પષ્ટ અવાજ વિશ્વમાં ગુંજી રહ્યો છે. આ અંકની કવર સ્ટોરી ધરતી અને માનવતાને બચાવવા માટે વિશ્વના પ્રયાસોમાં નેતૃત્વકર્તા તરીકે ભારતની ભૂમિકા પર આધારિત છે. ભારત આજે વિક્સિત દેશો સમક્ષ વિકાસશીલ અને અર્ધ વિક્સિત દેશોનો બુલંદ અવાજ રજૂ કરી રહ્યું છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવની મુલાકાત માનવતાના રક્ષણ માટે ભારતનું જવાબદાર વલણ અભિવ્યક્ત કરે છે.

દિવ્યાંગો માટે અભિમાન બનેલી સુગમ્ય ભારત યોજનાની માહિતી અંકમાં સામેલ છે. બાબા સાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિવસ પ્રસંગે લખનઉ કઈ રીતે બાબા સાહેબની સ્નેહ ભૂમિ બની તે અંગે અને પંચતીર્થ વિકાસની માહિતી આ અંકના વિશેષ આકર્ષણો છે. વ્યક્તિત્વના રૂપમાં રાજા મહેન્દ્ર પ્રતાપસિંહના પ્રદાન અને અમૃત મહોત્સવની શ્રૃંખલામાં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ સહિતના અન્ય મહાનાયકોની કહાની રાષ્ટ્રને પ્રેરિત કરે તેવી છે. કોવિડ સામેની લડાઈમાં ભારતની પ્રતિબધ્ધતા સાથેની લડાઈ અને કઈ રીતે વિશ્વને આગામી વર્ષમાં 500 કરોડ ડોઝ ઉપલબ્ધ કરાવવાનો દેશનો સંકલ્પ નવા ભારતની ઓળખ બની ગઈ છે, તેનાં પર વિશેષ સામગ્રી પણ આ અંકમાં સામેલ છે.

**સરનામું:  રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનમાં અનેક વિષયો આવરી લેવામાં આવે છે, જે જ્ઞાન-વિજ્ઞાન અંગેની જાણકારી આપે છે. આ મેગેઝીનમાં કરન્ટ અફેર્સ, સ્વતંત્રતા સેનાનીઓનો પરિચય અને કવર સ્ટોરી સરસ હોય છે. સૌથી સારી વાત એ છે કે અમારા જેવા નવા લેખકોને તેમાંથી ઘણું બધું શીખવાનું મળે છે. મારા માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર એક વરદાનની જેમ છે.

**પી કે સૂર્યવંશી કૃષ્ણા**
**suryavanshipk46@gmail.com**

હું ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક ઓનલાઇન વાંચી લઉં છું. આ મેગેઝીન ઉપયોગી જાણકારીથી ભરપુર હોય છે, એટલું જ નહીં પણ, રાષ્ટ્ર નિર્માણનાં કાર્યો અંગેની તમામ માહિતી પણ પૂરી પાડવામાં આવે છે. મેગેઝીનની સરળ ભાષાને કારણે લેખો વાંચવાલાયક બને છે. આ મેગેઝીન દેશના દરેક નાગરિક સુધી પહોંચે તેવા પ્રયાસ થવા જોઇએ.

**ડો. અશોક બાંગા**
**ashokbanga@gmail.com**

'વોકલ ફોર લોકલ' અંક ખરેખર ખૂબ સરસ રીતે રજૂ કરવામાં આવ્યો હતો. દેશના અવાજ સમાન આ મેગેઝીનની હું આતુરતાપૂર્વક રાહ જોતો હોઉં છું. કવર સ્ટોરી અને સંપાદકીય માટે તમારો આભાર. દેશના દરેક ખૂણાના સમાચાર અને જાણકારી આ મેગેઝીનને વધુ સારું બનાવે છે.

**મનીષ મિત્ર મહેતા**
**mehtamanish806@gmail.com**

હું ગ્રામીણ વિસ્તારમાં રહું છું. મારે ત્યાં કોઇ મેગેઝીન આવતું નહોતું, પણ જ્યારથી ન્યૂ ઈન્ડિયા સમાચાર નિઃશુલ્ક મળી રહ્યું છે, ત્યારથી મને અને મારા ગામના સાથી વિદ્યાર્થીઓને સરકારી પરીક્ષાઓની તૈયારી કરવામાં ઘણી મદદ મળી રહી છે. ભારત સરકારની કામગીરીની માહિતી ખૂબ સરળ શબ્દોમાં મળી રહી છે, જે ઘણી લાભદાયી સાબિત થઈ રહી છે.

**શિવમ મિશ્રા**
**sm79531@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર મારા માટે ઘણું લાભદાયી સાબિત થઈ રહ્યું છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે મેગેઝીનની સામગ્રી ઘણી ઉપયોગી છે. મેગેઝીનમાં સરકારની વિવિધ યોજનાઓ, આઝાદી કા અમૃત મહોત્સવ, વોકલ ફોર લોકલ, આત્મનિર્ભર ભારત, રસીકરણ અભિયાન વગેરેની સાચી અને સચોટ માહીતી મળી જાય છે. આઝાદી કા અમૃત મહોત્સવમાં જનતાની ભાગીદારી સતત વધી રહી છે.

**-બીરબલરામ ગોરછિયા**
**birbalram1021998@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# ખેડૂતોની માંગ પર સરકારનો મોટો નિર્ણયઃ ત્રણેય કૃષિ કાયદાઓ પાછા લેવાની વડાપ્રધાનની જાહેરાત

ભારતના ખેડૂતો ભ્રમિત ન થાય તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સાહસિક નિર્ણય લેતાં કૃષિ સુધારાઓ સાથે સંકળાયેલા ત્રણ મહત્વપૂર્ણ કાયદાઓને પાછા લેવાનો નિર્ણય લીધો છે. દેશના 80 ટકા નાના અને સીમાંત ખેડૂતોના હિતમાં



ઘડવામાં આવેલા કાયદાઓ અંગે લાંબા સમય સુધી ભ્રમ ફેલાવવામાં આવતો હતો. સરકારે અનેક પ્રયાસો કરવા છતાં ખેડૂતોને સમજાવવામાં નિષ્ફળતા મળી. સંવેદનશીલ સરકાર અને નેતૃત્વનો પરિચય આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મહત્વનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, ભવિષ્યમાં ખેડૂતોની જરૂરિયાતો સાથે સંકળાયેલા નિર્ણયો માટે એક નિષ્ણાત સમિતિ રચવાની પણ જાહેરાત કરવામાં આવી. કૃષિ વિકાસ અને ખેડૂતોનું કલ્યાણ વર્તમાન સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. એટલાં માટે જ સરકારે લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)માં વધારો કરવાની સાથે સાથે મોટી સંખ્યામાં સરકારી ખરીદ કેન્દ્રો પણ બનાવ્યા. સરકાર દ્વારા કરવામાં આવેલી ઉપજની ખરીદીએ છેલ્લાં અનેક દાયકાઓનાં રેકોર્ડ તોડયા છે. દેશના ખેડૂતો, ખાસ કરીને નાના ખેડૂતોને તેમની ઉપજના સારા ભાવ મળે અને તેને વેચવા માટે વધુ વિકલ્પો મળે એ હેતુથી કાયદા લાવવામાં આવ્યા હતા. વડાપ્રધાને 19 નવેમ્બરનાં રોજ ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વ અવસરે રાષ્ટ્રને સંબોધિત કરતા કહ્યું, "અનેક પ્રયત્નો છતાં અમે સંપૂર્ણ રીતે શુધ્ધ અને આટલી પવિત્ર વાત કેટલાંક ખેડૂતોને સમજાવી ન શક્યા. ત્યાં સુધી કે કૃષિ અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો અને પ્રગતિશીલ ખેડૂતોએ પણ તેમને કૃષિ કાયદાઓના મહત્વને સમજાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો. ખેડૂતો લાંબા સમય સુધી ભ્રમમાં ન રહે તે માટે નવેમ્બર મહિનાના અંતમાં શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્રમાં કાયદા પાછા લેવાની બંધારણીય પ્રક્રિયા પૂરી કરી દેવામાં આવશે."

## સરકારી કચેરીઓમાં સ્વચ્છતાઃ 8 લાખ ચોરસ ફુટ જગ્યા ખાલી કરી, રૂ. 40 કરોડની કમાણી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સાત વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલું સ્વચ્છ ભારત મિશન લોક આંદોલન બન્યું અને ભારતે સ્વચ્છતામાં નવા માપદંડો સ્થાપિત કર્યા. સ્વચ્છતા મિશનને કારણે દેશ ખુલ્લામાં શૌચથી મુક્ત થયો અને શહેરો તથા ગામડાંઓમાં સફાઇ હવે જીવનનો હિસ્સો બની ગઈ છે. સ્વચ્છતાની દિશામાં ગાંધી જયંતિ એટલે કે 31 ઓક્ટોબરથી સરકારી કચેરીઓમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું. કુલ 15,23,464 ફાઈલોમાંથી 13,73,204 ફાઈલોનો નિકાલ કરવામાં આવ્યો. 30 દિવસોમાં 2,91,692 ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું. સાંસદોએ મોકલેલા 11,057 કેસોમાંથી 8,282 કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સરકારે ઈલેક્ટ્રોનિક વેસ્ટ સહિતનો ભંગાર વેચીને રૂ. 40 કરોડની કમાણી પણ કરી છે. આ સફાઇ અભિયાન દ્વારા કેન્દ્ર સરકારે આઠ લાખ ચોરસ ફુટ જગ્યા ખાલી કરી છે.

## ઓક્ટબરમાં જીએસટીની વસુલાત 1.3 લાખ કરોડઃ પીએમઆઇ સાત મહિનાના સર્વોચ્ચ સ્તરે

કોવિડને કારણે લોકડાઉનનને પગલે વેપાર ધંધા ઠપ થઈ જવાથી દેશના અર્થતંત્રને મોટો ફટકો પડ્યો હતો. 2020-21ના પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીમાં 23.9 ટકા ઘટાડો થયો હતો. 1996માં ત્રિમાસિક જીડીપીના આંકડા પ્રસિધ્ધ કરવાનું શરૂ કર્યા બાદ આ સૌથી મોટો ઘટાડો હતો. જો કે આર્થિક મોરચે હવે સારા સમાચાર સાંભળવા મળી રહ્યા છે. ઓક્ટોબરમાં જીએસટી વસૂલાત 1,30,327 કરોડ રૂપિયા હતી, જ્યારે મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઇ)માં સતત ચોથા મહિને વૃધ્ધિ નોંધાઇ. ઓક્ટોબરમાં પીએમઆઇ 55.9 રહ્યો. સપ્ટેમ્બરમાં તે 53.7 અને ઓગસ્ટમાં 52.3 હતો. પીએમઆઇ આંક 50થી ઉપર હોય તેનો અર્થ એ થાય કે અર્થતંત્રમાં વિસ્તરણ થઈ રહ્યું છે. જીએસટી વસૂલાતનો આંક એટલા માટે મહત્વનો છે કે જીએસટી લાગુ થયા બાદ અત્યાર સુધીની આ બીજા ક્રમની મોટી વસુલાત છે. એપ્રિલ મહિનામાં જીએસટીની વસુલાત રૂ. 1.3 લાખ કરોડને પાર થઈ હતી.

# 70 ટકા એપ્રુવલ રેટિંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી વધુ લોકપ્રિય નેતા બન્યા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા છે. અમેરિકન ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ 'ધ મોર્નિંગ કન્સલ્ટ'ના સર્વે પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એપ્રુવલ રેટિંગમાં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઇડેન અને બ્રિટીશ વડાપ્રધાન બોરિસ જોન્સન સહિત દુનિયાના 13 રાષ્ટ્ર પ્રમુખોને પાછળ છોડી દીધાં છે. વડાપ્રધાન મોદીનું એપ્રુવલ રેટિંગ 70 % છે. 5 નવેમ્બરનાં રોજ અપડેટ કરવામાં આવેલા આ સર્વેમાં ભારતના વડાપ્રધાન અનેક દેશોના રાષ્ટ્રપતિઓ અને વડાપ્રધાનો કરતા આગળ છે. વડાપ્રધાન મોદીએ મેક્સિકન રાષ્ટ્રપતિ આંદ્રે મેનુએલ લોપેઝ ઓબ્રાડોર, ઇટલીના વડાપ્રધાન મારિયા દ્રાગી, જર્મન ચાન્સેલર એન્જલા મર્કેલ, અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઇડેન સહિત અનેક મોટાં નેતાઓને લોકપ્રિયતાના ગ્રાફમાં પાછળ છોડી દીધાં છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન, કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો, બ્રિટીશ વડાપ્રધાન બોરિસ જોન્સન અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેર બોલ્સોનેરોનો પણ સમવેશ થાય છે. આ સર્વેમાં અમેરિકન રાષ્ટ્રપતિ પાંચમાંથી છઠ્ઠા નંબરે અને બ્રિટીશ વડાપ્રધાન 8માથી બે સ્થાન ઉતરીને 10મા ક્રમે આવી ગયા હતા.

## મેક ઇન ઇન્ડિયાને મજબૂતીઃ રૂ. 8,000 કરોડના સ્વદેશી સંરક્ષણ સાધનોની ખરીદીને મંજૂરી

મજબૂત સેના, મજબૂત રાષ્ટ્રનું પ્રતીક હોય છે. આઝાદીના આ અમૃતકાળમાં દેશ એક નવા ભવિષ્યના નિર્માણનો સંકલ્પ લઈ રહ્યો છે ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતને પોતાનાં જોરે વિશ્વની મોટી સૈન્ય તાકાત બનાવવાનું પણ દેશનું લક્ષ્ય છે. આ દિશામાં મહત્વનું પગલું ભરતા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 41 ઓર્ડિનન્સ ફેક્ટરીઓને નવા સ્વરૂપ સાથે સાત નવી કંપનીઓની શરૂઆત કરી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના અધ્યક્ષપદ હેઠળની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે રૂ. 7,965 કરોડનાં સૈન્ય શસ્ત્ર અને ઉપકરણોની ખરીદીને મંજૂરી આપી હતી. મેક ઇન ઇન્ડિયા અંતર્ગત સ્વદેશી કંપનીઓ પાસેથી આ ખરીદી કરવામાં આવશે. તેમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી 12 લાઇટ યુટિલિટી હેલિકોપ્ટરની ખરીદી, ડોર્નિયર એરક્રાફ્ટનું અપગ્રેડેશન, નૌસેનાના યુધ્ધજહાજોની દેખરેખ અને સંચાલન ક્ષમતાઓને વધારવા માટે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ પાસેથી લિન્ક્સ U2 નેવલ ગનફાયર કન્ટ્રોલ સિસ્ટમની ખરીદીનો સમાવેશ થાય છે.

## શ્રીનગરના શિલ્પ, લોક કળાને નવી ઓળખ, યુનેસ્કોના સર્જનાત્મક શહેરોની યાદીમાં સામેલ

કલમ 370ની નાબૂદી બાદ જમ્મુ કાશ્મીર અને લડાખને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ મળ્યો છે, તો સ્થાનિક શિલ્પ કળા અને લોક કળાને પણ વૈશ્વિક મંચ પર નવી ઓળખ મળી છે. તાજેતરમાં જ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કોએ બહાર પાડેલી સર્જનાત્મક શહેરોની યાદીમાં શ્રીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુનેસ્કોના સર્જનાત્મક શહેર નેટવર્કમાં શિલ્પ અને લોક કળા, મીડિયા, ફિલ્મ, સાહિત્ય, ડિઝાઇન, ગેસ્ટ્રોનોમી અને મીડિયા સહિતના સર્જનાત્મક ક્ષેત્રો સાથે સંકળાયેલી સાત પ્રવૃત્તિઓના આધારે વિશ્વભરના શહેરોને સામેલ કરવામાં આવે છે. શ્રીનગરને શિલ્પ અને કળાની શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યું છે. આ યાદીમાં કુલ 90 દેશોના 295 શહેરોને સામેલ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે ટ્વિટ કરતા કહ્યું હતું કે, "આનાથી શ્રીનગરની સાંસ્કૃતિક વિવિધતાને પણ એક નવી ઓળખ મળી છે. જમ્મુ કાશ્મીરના લોકોને ખૂબ ખૂબ અભિનંદન." સર્જનાત્મક શહેરોની યાદીમાં શ્રીનગરને સ્થાન અપાવવા માટે પ્રથમ વાર 2019માં નોમિનેશન ડોઝિયર રજૂ કરવામાં આવ્યું હતું,ત પણ એ વર્ષે સમગ્ર દેશમાં માત્ર બે શહેરો હૈદરાબાદને ગેસ્ટ્રોનોમી તથા મુંબઇને ફિલ્મોમાં યોગદાન બદલ પસંદ કરામાં આવ્યા હતા. ●

# 'પંચતીર્થ'થી 'સ્નેહભૂમિ' લખનઉ સુધી બાબા સાહેબનું જીવન યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત

**નૈતિકતા, સમતા, આત્મસન્માન અને ભારતીયતા. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના વિઝનના આ ચાર સૌથી મહત્વપૂર્ણ સ્તંભ છે. કેન્દ્ર સરકારના વડપણ હેઠળ નવું ભારત આ દિશામાં આગળ વધી રહ્યું છે. બાબા સાહેબના જીવન સાથે સંકળાયેલ સ્થળોનો વિકાસ કરીને કેન્દ્ર સરકારે સમતા અને સમરસતાની સાંસ્કૃતિક દ્રષ્ટિને નવી ઓળખ આપી. આ શ્રૃંખલાને આગળ વધારતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉત્તરપ્રદેશનાં લખનઉમાં ડો. ભીમરાવ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્રનો શિલાન્યાસ કરીને આ શહેરને બાબા સાહેબની 'સ્નેહ ભૂમિ' ગણાવી.**



"બાબા સાહેબે પોતાનું જીવન પછાત સમાજ, વંચિત સમુદાય, દલિતો અને આદિવાસીઓ માટે સમર્પિત કરી દીધું. વિકાસની દોટમાં પાછળ રહી ગયેલા અને જેમને પાછળ છોડી દેવામાં આવ્યા તેવા સમુદાયોમાં આજે ચેતના જાગી છે, વિકાસની ભૂખ જાગી છે, અધિકારની આકાંક્ષા જાગી છે. આ ચેતના બાબાસાહેબ આંબેડકરની દેન છે." બંધારણ દ્વારા સમાજને એક તાંતણે બાંધી રાખનાર ડો. ભીમરાવ આંબેડકર પ્રત્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં માત્ર શબ્દ નથી, નવા ભારતનો સંકલ્પ છે. એક એવું ભારત જ્યાં તમામ માટે સમાન તકો અને અધિકાર હોય, જાતિવાદી સતામણીથી

> **"લખનઉ શહેર સાથે બાબાસાહેબ આંબેડકરનો ખાસ સંબંધ રહ્યો છે, જેનાં કારણે લખનઉને બાબા સાહેબની 'સ્નેહ ભૂમિ' પણ કહેવામાં આવે છે. બાબાસાહેબમાટે ગુરુ સમાન બોધાનંદજી અને તેમને દીક્ષા આપનાર ભદંત પ્રજ્ઞાનંદજી, બંને લખનઉના નિવાસી હતા."**
>
> **રામનાથ કોવિંદ, રાષ્ટ્રપતિ**

## જન્મભૂમિ મહૂમાં સ્મારક

ડો. આંબેડકરની 125 જન્મજયંતી પ્રસંગે 14 એપ્રિલ, 2016નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્પાંજલિ અર્પિત કરી.





## લંડનમાં શિક્ષા ભૂમિ

ડો. આંબેડકરે 1920ના દાયકામાં લંડનમાં જે ઘરે રહીને અભ્યાસ કર્યો હતો તેને કેન્દ્ર સરકારની પહેલથી 2015માં તત્કાલીન મહારાષ્ટ્ર સરકારે ખરીદ્યું હતું, જેને આંતરરાષ્ટ્રીય સ્મારક તરીકે વિકસાવવામાં આવ્યું છે.

## દિલ્હીમાં આંબેડકર મેમોરિયલ અને ઈન્ટરનેશનલ સેન્ટર





ડો. આંબેડકરનું અવસાન દિલ્હીના જે 26 અલીપુર રોડ સ્થિત બંગલામાં થયું હતું તેને રાષ્ટ્રીય સંગ્રહાલય બનાવીને તેનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. દિલ્હીમાં 15, જનપથ રોડને આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું રૂપ આપવામાં આવ્યું છે, જ્યાં સામાજિક-આર્થિક મુદ્દે રિસર્ચ થયં છે. રૂ. 192 કરોડનાં ખર્ચે આ બહુમાળી ઈમારત બની છે.

## દીક્ષા સ્થળ પર સ્મારક

વડાપ્રધાનની પહેલથી બાબા સાહેબની 125 જયંતિ વર્ષમાં દીક્ષા ભૂમિને A ક્લાસ પર્યટન સ્થળનો દરજ્જો આપવામાં આવ્યો. A ક્લાસનો દરજ્જો મળ્યા બાદ દીક્ષા ભૂમિની તીવ્ર વિકાસ શરૂ થયો.





## ચૈત્યભૂમિમાં સ્મારક

મુંબઈમાં ચૈત્યભૂમિ પર આંબેડકર સ્મારક બનાવીને તેને ભવ્ય રૂપ આપવામાં આવ્યું છે. 11 ઓક્ટોબર, 2015નાં રોજ વડાપ્રધાને તેનું ભૂમિપુજન કર્યું હતું. સ્મારકની ભવ્યતાની કલ્પના ભાગ્યેજ કોઇએ કરી હશે.

> **ડો. બાબાસાહેબ આંબેડકર પછાત વર્ગ સાથે સંકળાયેલા મારા જેવા કરોડો લોકો માટે પ્રેરણા છે. તેમણે આપણને સંદેશો આપ્યો કે આગળ વધવા માટે જરૂરી નથી કે મોટા કે ધનિક પરિવારમાં જ જન્મ થયો હોય. પણ ભારતમાં ગરીબ પરિવારોમાં જન્મ લેનારા લોકો પણ પોતાનાં સપના જોઈ શકે છે. એ સપનાઓને સાકાર કરવાનો પ્રયાસ કરી શકે છે અને સફળતા પણ મેળવી શકે છે. બાબાસાહેબને કદાચ બીજી કોઈ સરકારે આટલું માન-સન્માન અને શ્રધ્ધાંજલિ નહીં આપી હોય જેટલી આ સરકારે આપી છે. તેમણે આપણને જે માર્ગ ચીંધ્યો છે, તેમાં બંધુતા છે. એ બંધુતાને છોડ્યા વગર આપણે ક્યારેય આગળ ન વધી શકીએ.**
>
> **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

મુક્ત હોય અને ટેકનોલોજીની તાકાત દ્વારા પ્રગતિ થતી હોય. કેન્દ્ર સરકારે બાબા સાહેબના સપનાંઓને 2022 સુધી પૂરા કરવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો અને તેમની સાથે સંકળાયેલી સ્મૃતિઓને પંચતીર્થ તરીકે વિકસાવ્યું જેથી આજની પેઢી તેનાં પરથી પ્રેરણા લઈ શકે. આ વર્ષે જ ઉત્તરપ્રદેશ સરકારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે લખનઉમાં ડો. ભીમરાવ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્રનું શિલારોપણ કર્યું.

ભારતના રાષ્ટ્રપતિ બન્યા પછી પ્રથમ વાર રામનાથ કોવિંદ જૂન મહિનામાં ઉત્તરપ્રદેશના કાનપુર દેહાત જિલ્લામાં પોતાના પૈતૃક ગામ પરૌંખ ગયા હતા. રાષ્ટ્રપતિએ પોતાના ગામમાં ડો. બી આર આંબેડકરને તેમની પ્રતિમા પર શ્રધ્ધાંજલિ અર્પણ કરી. એ પછી તેમણે પોતાના પૈતૃક ઘરની મુલાકાત લીધી, જેને ગ્રામીણો માટે સામુદાયિક કેન્દ્રમાં તબદિલ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ લખનઉમાં ડો. ભીમરાવ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્રનાં નિર્માણ


# બાબાસાહેબ આંબેડકરના સન્માનમાં સરકારનાં પગલાં



- આંબેડકરની 125મી જયંતી વર્ષ પર 26 નવેમ્બર, 2015નાં રોજ બંધારણ દિવસ તરીકે મનાવવાનું શરૂ કર્યું. સંસદના બંને ગૃહોમાં 125મી જયંતી અને બંધારણ દિવસના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું
- આંબેડકરના સન્માનમાં 125મી જયંતી વર્ષમાં રૂ. 125 અને રૂ. 10નો સ્મૃતિ સિક્કો બહાર પાડવામાં આવ્યો. આંબેડકર જયંતી 14 એપ્રિલને દર વર્ષે સામાજિક સમરસતા દિવસ તરીકે મનાવવાનું શરૂ કરવામાં આવ્યું. સંયુક્ત રાષ્ટ્ર વડામથકમાં પ્રથમ વાર 14 એપ્રિલ, 2016નાં રોજ બાબાસાહેબની જન્મજયંતી મનાવવામાં આવી.
- ગ્રામ સ્વરાજ અભિયાનઃ સમાજના તમામ વિસ્તારોના સર્વાંગી વિકાસના બાબાસાહેબના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકાર તરફથી 14 એપ્રિલથી 5 મે, 2018 દરમિયાન ગ્રામ સ્વરાજ અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેને પછીથી 1 જૂનથી 15 ઓગસ્ટ સુધી ફરીથી ચલાવવામાં આવ્યું.
- 'સબકા સાથ, સબકા ગાંવ અને સબકા વિકાસ' નામથી શરૂ કરવામાં આવેલા આ અભિયાનનો હેતુ સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવાનો હતો અને 21,000થી વધુ ગામોમાં કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓને મોકલવામાં આવ્યા.
- તેમાં સાત ફ્લેગશિપ યોજનાઓ-પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સૌભાગ્ય, ઉજાલા યોજના, પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના અને મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત પાત્ર પરિવારો /વ્યક્તિઓને મદદ કરવા વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું.
- ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી શરૂ કરવામાં આવેલા વિશેષ એપને બાબાસાહેબના સન્માનમાં 'ભીમ' નામ આપવામાં આવ્યું. આ અભિયાનને બીજા તબક્કામાં 117 આકાંક્ષી જિલ્લાઓમાં પણ લાગુ કરવામાં આવશે. તેમાં સાત ફ્લેગશિપ યોજનાઓ ઉપરાંત, શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્ય વિકાસ અને કૃષિ અંતર્ગત અન્ય પાંચ પ્રાથમિકતાઓને પણ ઉમેરવામાં આવી.

કાર્યનો શિલાન્યાસ કર્યો ત્યારે તેમણે લખનઉ સાથે બાબા સાહેબના જોડાણને આ રીતે યાદ કર્યું, "આ લખનઉ શહેર સાથે બાબાસાહેબઆંબેડકરનો ખાસ સંબંધ રહ્યો છે, જેનાં કારણે લખનઉને બાબા સાહેબની 'સ્નેહ ભૂમિ' પણ કહેવામાં આવે છે. બાબાસાહેબમાટે ગુરુ સમાન બોધાનંદજી અને તેમને દીક્ષા આપનાર ભડંત પ્રજ્ઞાનંદજી, બંને લખનઉના નિવાસી હતા." કેન્દ્ર સરકારે વીતેલાં કેટલાંક વર્ષોમાં બાબાસાહેબસાથે સંકળાયેલા સ્થળોને શ્રધ્ધા, ભાવ અને સંકલ્પ શક્તિ સાથે પૂરા કર્યા છે, જેની કલ્પના પહેલાં ક્યારેય કરવામાં આવી નહોતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંબેડકરની 125મી જન્મજયંતીએ તેમનાં જન્મસ્થળ મહૂની મુલાકાત લઈને તેમને શ્રધ્ધાંજલિ આપી હતી. સરકારે મહારાષ્ટ્રમાં ઈન્દુ મિલની જમીન ખરીદીને ચૈત્ય ભૂમિ પર સ્મારક વિક્સાવ્યું, નાગપુરમાં દીક્ષાસ્થળને આંતરરાષ્ટ્રીય સ્તરે વિક્સાવ્યું, લંડનમાં અભ્યાસ દરમિયાન જે મકાનમાં બાબાસાહેબરહ્યા હતા, તેને શિક્ષા ભૂમિ તરીકે વિક્સાવી, દિલ્હીમાં બાબા સાહેબના મહાપરિનિર્વાણ સ્થળ અને 15 જનપથ પર સ્મારક એમ પાંચ સ્થળોને જે તે રાજ્ય સરકાર સાથે મળીને પંચતીર્થ તરીકે વિકાસ કરવામાં આવ્યો છે.

બાબા સાહેબ આંબેડકરે જે રીતે સમાજના નબળા વર્ગો માટે પોતાનું જીવન સમર્પિત કરીને દેશ, દુનિયા અને સમાજને સંદેશો આપ્યો કે જો આપણે સંપૂર્ણ રાષ્ટ્ર નિષ્ઠા અને સમાજ નિષ્ઠાથી કામ કરીશું, તો આપણી દિશા હંમેશા સાચી સાબિત થશે. બાબાસાહેબ આંબેડકરનો સંદેશ અને તેમની સમાજ અને રાષ્ટ્રસેવાને કારણે જ આટલાં વર્ષો પછી પણ બાબાસાહે આંબેડકર બધાંની પ્રેરણા બની રહ્યા છે. ●



# જેમણે ભારતની પ્રથમ નિર્વાસિત સરકાર બનાવી

**ભારતનો હજારો વર્ષોનો ઇતિહાસ એવાં અનેક રાષ્ટ્રભક્તોથી ભરેલો છે, જેમણે સમય-સમયે ભારતને પોતાનાં તપ અને ત્યાગથી દિશા આપી. દેશની આઝાદીના આંદોલનમાં અનેક મહાન વ્યક્તિત્વોએ પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું. જો કે, કમનસીબે, આઝાદી બાદ આવા રાષ્ટ્ર નાયકો અને રાષ્ટ્ર નાયિકાઓની તપસ્યાથી દેશની આગામી પેઢીઓને પરિચિત ન કરાવવામાં આવી. આને કારણે દેશની અનેક પેઢીઓ તેમની ગાથાઓ જાણી ન શકી. 20મી સદીમાં થયેલી આ ભૂલોને આજે 21મી સદીમાં ભારત સુધારી રહ્યું છે. આજે દેશ, આઝાદીનું 75મું વર્ષ એટલે કે અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે વિસરાયેલા સેનાનીઓની યાદ કરવામાં આવી રહ્યા છે. 1 ડિસેમ્બરનાં રોજ રાજા મહેન્દ્ર પ્રતાપસિંહનાં જન્મદિને તેમને યાદ કરીને શ્રધ્ધાંજલિ આપીએઃ**

**જન્મઃ 1 ડિસેમ્બર, 1886, મૃત્યુઃ 29 એપ્રિલ, 1979**

મહેન્દ્ર પ્રતાપનો જન્મ 1 ડિસેમ્બર, 1886નાં રોજ હાથરસનાં મુરસાન રજવાડાંના શાસક પરિવારમાં થયો હતો. તેઓ ત્રણ વર્ષના હતા ત્યારે હાથરસના રાજા હરનારાયણ સિંહે તેમને પુત્ર તરીકે દત્તક લીધા હતા.. વૃંદાવનના વિશાળ મહેલમાં તેમનું બાળપણ વીત્યું. એક સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું. એ પછી તેમને મોહમેડિયન એંગ્લો-ઓરિએન્ટલ કોલેજિયેટ સ્કુલમાં ભણાવવામાં આવ્યા, જે પછીથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં રૂપાંતરિત થઈ. 1906માં જિંદના મહારાજાની ઈચ્છા વિરુધ્ધ રાજા મહેન્દ્ર પ્રતાપે કોલકતામાં કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો અને અહીંથી તેઓ સ્વદેશીના રંગે રંગાયા. સ્વદેશી આંદોલનમાં શામેલ અનેક નેતાઓ સાથે મુલાકાત થતાં તેમનામાં દેશભક્તિની ભાવના જાગી. તેમણે નક્કી કર્યું કે શાહી વારસદાર હોવાના નાતે તેઓ નાના ઉદ્યોગો અને સ્વદેશી માલને પ્રોત્સાહન આપશે. મહેન્દ્ર પ્રતાપ પર દાદાભાઈ નવરોજી, બાળ ગંગાધર તિળક, બિપીનચંદ્ર પાલનો મોટો પ્રભાવ હતો. પોતાનાં રાજ્યમાં વિદેશી કપડાં સળગાવવાનું આંદોલન મહેન્દ્ર પ્રતાપે જ શરૂ કર્યું હતું. તેમણે 1909માં વૃંદાવનમાં પ્રેમ યુનિવર્સિટીની સ્થાપના કરી, જે ટેકનિકલ શિક્ષણ માટે ભારતનું પ્રથમ કેન્દ્ર હતું. આ યુનિવર્સિટીના ઉદઘાટન સમારોહમાં મદનમોહન માલવિય હાજર રહ્યા હતા. પ્રથમ વિશ્વયુધ્ધ શરૂ થતાં મહેન્દ્ર પ્રતાપના હૃદયમાં માતૃભૂમિને સ્વતંત્ર કરવાની ઈચ્છા વધુ તીવ્ર બની. તેમને વિચાર આવ્યો કે વિદેશી સત્તાઓની મદદથી ભારતને અંગ્રેજોના કબ્જામાંથી છોડાવી શકાશે.

યુરોપના અનેક દેશોમાં ફરી ફરીને સંપર્ક વધાર્યા બાદ મહેન્દ્ર પ્રતાપે કાબુલની વાટ પકડી. 1 ડિસેમ્બર, 1915નાં રોજ તેમનો 28મો જન્મદિવસ હતો. એ દિવસે તેમણે કાબુલમાં ભારતની વચગાળાની સરકારની રચના કરી અને પોતે રાષ્ટ્રપતિ બન્યા અને મૌલવી બરકતુલ્લાહને વડાપ્રધાન બનાવ્યા. પછીનાં કેટલાંક વર્ષો સંઘર્ષમાં વીત્યા. મહેન્દ્ર પ્રતાપને લેનિન સાથે સારું બનતું હતું. લેનિને રાજાને રશિયા બોલાવ્યા. ત્યાં સુધીમાં અંગ્રેજોની નજરમાં મહેન્દ્ર પ્રતાપ જોખમ બની ગયા હતા. અંગ્રેજ શાસને રાજા મહેન્દ્ર પ્રતાપના શિરે ઈનામ જાહેર કરી દીધું. તેમની તમામ સંપત્તિ જપ્ત કરી લીધી અને ભાગેડૂ જાહેર કરી દીધા. 1925માં તેઓ જાપાન જતા રહ્યા. 1932માં તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે પણ નોમિનેટ કરવામાં આવ્યા. 32 વર્ષ બાદ 1946માં રાજા મહેન્દ્ર પ્રતાપ ભારત પાછા ફર્યા અને મહાત્મા ગાંધીને મળવા સીધા વર્ધા ગયા. ત્યાં સુધીમાં સ્વતંત્રતા નક્કી થઈ ગઈ હતી. 1957માં તેઓ મથુરા લોકસભા બેઠક પરથી જીત્યા હતા.

રાજા મહેન્દ્ર પ્રતાપે 1915માં જે માર્ગ દર્શાવ્યો તેનાં પગલે ચાલીને સુભાષચંદ્ર બોઝે આઝાદ હિન્દ સરકારની સ્થાપના કરી હતી. 14 સપ્ટેમ્બર, 2021નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલીગઢમાં તેમનાં નામે યુનિવર્સિટીનું શિલારોપણ કરતા કહ્યું હતું, "રાજા મહેન્દ્ર પ્રતાપે પોતાના સંસાધનો દ્વારા, પૈતૃક સંપત્તિ દાનમાં આપીને વૃંદાવનમાં આધુનિક ટેકનિકલ કોલેજ બનાવડાવી હતી. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી માટે પણ તેમણે ઘણી જમીન આપી હતી. આઝાદીના આ અમૃતકાળમાં 21મી સદીનું ભારત શિક્ષણ અને કૌશલ્યના નવા યુગ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે માં ભારતીના અમર સપૂતનાં નામે યુનિવર્સિટીનું નિર્માણ તેમને સાચી શ્રધ્ધાંજલિ છે." ●

## પૂર્વાંચલ એક્સપ્રેસ વે


# યુપીને નવી આર્થિક ઝડપ મળશે, દિલ્હીથી બિહાર સુધીનું અંતર ઘટશે

**ફળદ્રુપ જમીન, નદીઓનું વિશાળ નેટવર્ક અને પૂરતા પ્રમાણમાં વીજળી તથા કુશળ માનવ સંસાધન હોવા છતાં વિકાસની બાબતમાં અત્યાર સુધી પાછળ રહી ગયેલા ઉત્તરપ્રદેશનો પૂર્વાંચલ વિસ્તાર હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રાથમિકતાઓમાં સામેલ છે. પૂર્વાંચલમાં વિકાસના નવા માપદંડો સ્થાપતા વડાપ્રધાન મોદીએ ઓક્ટોબર મહિનામાં કુશીનગરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને એક સાથે નવ નવી મેડિકલ કોલેજોની ભેટ આપી. હવે વધુ એક પહેલ કરતા તેમણે 341 કિ.મી. લાંબા પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું ઉદઘાટન કર્યું, જેથી ઔદ્યોગિક વિકાસમાં અત્યાર સુધી પાછળ રહી ગયેલો આ વિસ્તાર ઝડપથી પ્રગતિ કરી શકે.**




એક્સપ્રેસ વે પર વડાપ્રધાનના હરક્યુલિસ વિમાનના આગમનનો સંપૂર્ણ વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

“અમે જેનો શિલાન્યાસ કરીએ છીએ, તેનું લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. આ અહંકાર નથી, સરકારની પ્રતિબધ્ધતા છે. બાકી, રાજકીય ગણતરીઓથી તો શિલાન્યાસ થતા રહે છે અને યોજનાઓ લટકતી રહે છે.” વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો એ નવા ભારતના સંકલ્પની નિશાની છે, જ્યાં પ્રોજેક્ટ્સ લટકતા નથી પણ સમય કરતા પહેલાં પૂરા થાય છે. ઉત્તરપ્રદેશનો પૂર્વાંચલ એક્સપ્રેસ વે આ સંકલ્પનો પુરાવો છે. જુલાઇ, 2018નાં રોજં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનો શિલાન્યાસ કર્યો હતો. કોવિડ મહામારી છતાં 36 મહિનાની અંદર એક્સપ્રેસ વેનું કામ પૂરું થઈ ગયું. 16 નવેમ્બરનાં રોજ એક્સપ્રેસ વે રાષ્ટ્રને સમર્પિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, “આ એક્સપ્રેસ વે યુપીનો વિકાસ, યુપીની પ્રગતિ, યુપીનું નિર્માણ, યુપીનું મજબૂત બની રહેલું અર્થતંત્ર અને યુપીમાં આધુનિક બની રહેલી સુવિધાઓનું પ્રતિબિંબ છે. આ યુપીની મજબૂત ઇચ્છાશક્તિનું પરિણામ, સંકલ્પોની સિધ્ધિનું પ્રમાણ અને યુપીનું ગૌરવ છે. ત્રણ વર્ષ પહેલાં મેં એક્સપ્રેસ વેનું શિલારોપણ કર્યું ત્યારે વિચાર્યું નહોતું કે એક દિવસ હું આ એક્સપ્રેસ વે પર વિમાન દ્વારા ઉતરીશ.”



## દિલ્હીથી બિહાર સુધીનું અંતર ઘટ્યું

આશરે રૂ. 22,500 કરોડનાં ખર્ચે તૈયાર થયેલો 341 કિ.મી લાંબો આ એક્સપ્રેસ વે લખનઉના ચાંદસરાસ થઈને ગાઝીપુરના હૈદરિયા ખાતે પૂરો થાય છે. બિહારનો બક્સર જિલ્લો અહીંથી 18 કિ.મી.છે. આને કારણે લખનઉથી ગાઝીપુરનો પ્રવાસ ચાર કલાકથી પણ ઓછા સમયમાં પૂરો થઈ જશે. એક્સપ્રેસ વે શરૂ થવાથી હવે 302 કિ.મી.નો આગરા-લખનઉ તાજ એક્સપ્રેસ વે અને 165 કિ.મી.નો યમુના એક્સપ્રેસ વે સાથે બિહાર સુધીની રોડ મુસાફરી માત્ર 11થી 12 કલાકમાં પૂરી કરી શકાશે. પહેલાં તેમાં 18થી 20 કલાક લાગતા હતા.

### પ્રોજેક્ટના લાભ

| | |
|---|---|
| સારી કનેક્ટિવિટીને કારણે પર્યટનને પ્રોત્સાહન મળશે, મુસાફરીનો સમય ઘટશે | આર્થિક વિકાસની સાથે રોજગારની તકોમાં પણ વધારો થશે |
| ટ્રાફિક જામમાંથી મુક્તિ મળશે, ઇંધણ બચશે અને પ્રદૂષણ પણ ઓછું થશે | કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોનો વિકાસ થશે |

કટોકટીની સ્થિતીમાં ફાઇટર વિમાનો માટે એરસ્ટ્રીપ, દેશની સલામતીને મજબૂતી મળશે


## એક્સપ્રેસ વે પર રનવેને કારણે દેશની સલામતીને મજબૂતી

આ એક્સપ્રેસ વે પર એરસ્ટ્રીપ બનાવવામાં આવી છે, જેનાં પર ફાઇટર વિમાનો પણ લેન્ડ કરી શકાય છે. આ અગાઉ, લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે અને યમુના એક્સપ્રેસ વે પર પણ એરસ્ટ્રીપ બનાવવામાં આવી છે. કટોકટીની સ્થિતિમાં આ સ્ટ્રીપ પર ફાઇટર વિમાનોને ઉતારી શકાય છે. દેશની સલામતીના સંદર્ભમાં આ મહત્વપૂર્ણ પગલું છે.

પૂર્વાંચલ એક્સપ્રેસ વે ઉદઘાટન સમારોહનો સંપૂર્ણ વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# દેશનો આ સૌથી લાંબો ઓપરેશનલ એક્સપ્રેસ વે

**વર્તમાન સમયમાં પૂર્વાંચલ એક્સપ્રેસ વે દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ વે છે, જે ઉત્તરપ્રદેશના નવ જિલ્લા લખનઉ, સુલતાનપુર, ફૈઝાબાદ, આંબેડકર નગર, આઝમગઢ, અમેઠી, મઉ અને ગાઝીપુરને જોડશે. તેનું વિસ્તરણ કરીને બલિયા સુધી લઈ જવામાં આવશે. પૂર્વાંચલ એક્સપ્રેસ વે શરૂ થયા બાદ 10 જિલ્લાના આશરે 10 લાખ લોકોને સીધો ફાયદો થશે. એક્સપ્રેસ વેની સમાંતર બજાર અને ઉદ્યોગો પણ સ્થાપવામાં આવશે.**




- એક્સપ્રેસ વેને ઔદ્યોગિક રીતે પછાત પૂર્વ ઉત્તરપ્રદેશ માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. આ એક્સપ્રેસ વેની આસપાસ પાંચ ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ પણ બનાવવામાં આવી રહ્યા છે. તેનાથી લોકોને મોટી સંખ્યામાં રોજગારી મળવાની અપેક્ષા છે.
- એક્સપ્રેસ વેની આસપાસ ખાદ્ય ઉત્પાદન અને પ્રોસેસિંગ, બેવરેજ, રિફાઈન્ડ, પેટ્રોલિયમ પ્રોડક્ટ, કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટ, નોન મેટાલિક મિનરલ પ્રોડક્ટ્સ, ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટ્સ, મેડિકલ અને ડેન્ટલ ઈક્વિપમેન્ટ્સ સંબંધિત ઉદ્યોગો સ્થાપવામાં આવશે.
- પૂર્વાંચલ એક્સપ્રેસ વે માટે વાહનોની સ્પીડ લિમિટ નક્કી કરવામાં આવી છે. આ એક્સપ્રેસ વે પર વાહનોને પ્રતિ કલાક 100 કિલોમીટરથી વધુ ઝડપથી વાહન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે.
- ઉત્તરપ્રદેશ એક્સપ્રેસ વે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ (UPEDA) દ્વારા વિકસાવવામાં આવી રહેલા છ લેનના પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર 13 ઈન્ટરચેન્જ બનાવવામાં આવ્યા છે.
- એક્સપ્રેસ વે પર 11 સ્થળો પર ટોલ ટેક્સ વસૂલવામાં આવશે. હાલમાં એક્સપ્રેસ વે પર ટોલ ટેક્સ નહિં વસૂલવામાં આવે. UPEDA દ્વારા છ સ્થળો પર ટોલ પ્લાઝા અને પાંચ રેમ્પ પ્લાઝાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- એક અંદાજ પ્રમાણે આ એક્સપ્રેસ વે પર દૈનિક 15,000થી 20,000 વાહનો પસાર થશે. પશુઓ રોડ પર ન આવી જાય તે માટે બંને તરફ ફેન્સિંગ કરવામાં આવી છે.
- સુલતાનપુરના કૂડેભારમાં આ એક્સપ્રેસ વે પર ભારતીય હવાઈ દળના વિમાન ઉતારવા માટે એરસ્ટ્રીપનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનાં પર હવાઈ દળના ફાઈટર વિમોનો લેન્ડ કરી શકશે.
- એક્સપ્રેસ વે અંતર્ગત 18 ફ્લાયઓવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સાત રેલવે ઓવરબ્રીજ અને સાત લાંબા પુલ પણ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, બ્રેક ફ્રી ટ્રાફિક માટે 118 નાના પુલ, 271 અન્ડરપાસ અને 503 પુલ પણ બનાવવામાં આવ્યા છે.
- દુર્ઘટનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને દરેક સેક્ટરમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની બે-બે એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા પણ એક્સપ્રેસ વે પર સલામતી કર્મચારીઓને ખડકવામાં આવ્યા છે. 20 પેટ્રોલિંગ વાહનો ખડકવામાં આવ્યા છે. ક્રેશ બેરિયર પણ લગાવવામાં આવ્યા છે.
- એક્સપ્રેસ વે ચાલુ થયા બાદ તેની બંને બાજુઓ પર વ્યાવસાયિક પ્રવૃત્તિમાં ઝડપ આવશે. એવી પણ આશા રાખવામાં આવે છે કે આગામી સમયમાં એક્સપ્રેસ વેને છમાંથી આઠ લેનનો કરવામાં આવી શકે છે.
- પૂર્વાંચલ એક્સપ્રેસ વે જે શહેરોમાંથી પસાર થવાનો છે તે શહેરોથી રાષ્ટ્રીય રાજધાની સુધીની સીધી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. ●




# બાબા કેદારની નગરીના કાયાકલ્પનો સંકલ્પ

**એક સમયે 80ના દાયકામાં કેદારપુરી-ગરૂડચટ્ટીમાં દોઢ મહિના સુધી સાધના કરનાર સાધક નરેન્દ્ર મોદીએ પ્રધાનસેવક તરીકે દેશનું સુકાન સંભાળ્યું ત્યારે બાબા કેદારનાથની આ નગરીને ભવ્ય અને સલામત બનાવવાનું બીડું ઝડપ્યું. ઓક્ટોબર મહિનામાં પોતાની પાંચમી કેદારનાથ યાત્રા દરમિયાન તેમણે રૂ. 300 કરોડનાં ખર્ચે બનેલા અનેક વિકાસકાર્યોની શરૂઆત કરી અને સાધક તરીકે અહીં વીતાવેલા દિવસોને પણ યાદ કર્યા....**

વર્ષ 2013માં 16-17 જૂનની એ ભયાનક રાતનાં દ્રશ્યો આજે પણ ભયભીત કરી મૂકે છે. ઉત્તરાખંડના કેદારનાથ ધામની આ ભયાનક આપત્તિએ હજારો લોકોનો ભોગ લીધો હતો, તો લાખો લોકોનાં ઘર નાશ પામ્યા અને પોતાના પરિવારજનોને ઉગાર્યા. અવરજવરના સાધનો ઠપ થઈ ગયા હતા. એક વર્ષ વીત્યા પછી પણ અહીં જનજીવન સામાન્ય નહોતું થયું. વર્ષ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે તેમણે પોતાના હૃદયની સૌથી નજીક કેદારનાથ ધામના પુનર્નિમાણની જવાબદારી પોતાના શિરે લીધી. ત્યારથી તેઓ કેદારનાથ ધામના વિકાસ પર સીધી દેખરેખ રાખી રહ્યા છે. આઝાદ ભારતના ઈતિહાસમાં એવું પ્રથમ વાર બન્યું છે જ્યારે કોઈ વડાપ્રધાન પાંચ વાર કેદારનાથ ગયા હોય. 5 નવેમ્બરનાં રોજ પોતાની પાંચમી કેદારનાથ યાત્રા દરમિયાન તેમણે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું શિલારોપણ કર્યું,

# કેદારનાથને દિવ્ય રૂપ આપવાની વડાપ્રધાન મોદીની પહેલ



- હિન્દુ ધર્મની પવિત્ર નગરી કેદારનાથ ધામ હિમાલયના ખોળામાં મંદાકિની અને સરસ્વતીના સંગમ પર આવેલું છે.
- વર્ષ 2013માં આવેલી ભયાનક કુદરતી આપત્તિને કારણે યાત્રાધામને ભારે નુકસાન થયું હતું. એ પછી આડેધડ ઈમારતોનું બાંધકામ થતાં મંદિર ઢંકાઈ ગયું હતું.
- કેદારનાથ ધામની આધ્યાત્મિક ઓળખ અને તેનાં દિવ્ય સ્વરૂપને પુનઃસ્થાપિત કરવા માટે વડાપ્રધાન મોદીએ 2017માં શ્રી કેદારનાથ ધામ પુનર્નિમાણ યોજનાની કલ્પના કરી.
- આ કલ્પનાને આધારે તમામ હિતધારકોની ભાગીદારી સાથે પર્યાવરણીય સંતુલન બનાવીને એક મેગા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો. વડાપ્રધાન મોદીએ દરેક કાર્યની વ્યક્તિગત રીતે સમીક્ષા કરી.

## ધામને દિવ્યની સાથે સાથે ભવ્ય બનાવવાની શરૂઆત


- ભીષણ દુર્ઘટના બાદ કેદારનાથને દિવ્યની સાથે સાથે ભવ્ય સ્વરૂપમાં પાછાં લાવવાનો જે પડકાર હતો તેને પૂરાં કરતાં પાંચ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- ગૌરીકુંડથી 16 કિ.મી દૂર પગપાળા માર્ગ પર આવેલા આ ધામમાં પ્રોજેક્ટને અમલી બનાવવો, ખરાબ હવામાન અને વિષમ ભૌગોલિક પરિસ્થિતિમાં સાધનસામગ્રી એકઠી કરવી બહુ મોટો પડકાર હતો. મંદિર સુધી પહોંચવાનો રસ્તો (એપ્રોચ રોડ) બનાવવાનું કામ પહેલાં પૂરું કરવામાં આવ્યું.
- દુર્ઘટના પહેલાં મંદિર પરિસરમાં 10 ફુટ સાંકડી ગલીમાં આવેલાં અનેક ઈમારતોને નુકસાન થયું હતું. ચારે બાજુ 30,000 ટન કાટમાળ ફેલાઈ ગયો હતો. આ કાટમાળને 840 ફુટ લાંબા ચડાણના રૂપમાં મંદિર સુધીની ગલીના રૂપમાં બનાવવામાં આવ્યો. સ્થાનિક કારીગરો દ્વારા 20,000 સ્થાનિક પથ્થરોનો ઉપયોગ કરીને તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- બંને નદીઓના સંગમ પર સ્થિત 104 મીટર વ્યાસ ધરાવતા આગમન પ્લાઝાનું નિર્માણ 51,000 સ્થાનિક પથ્થરોનો ઉપયોગ કરીને ગોળ આકારમાં કરવામાં આવ્યું છે. મંદિર પ્લાઝાનું નિર્માણ 4,340 ચોરસ મીટર વિસ્તારમાં 15,200 સ્થાનિક પથ્થરો દ્વારા કરવામાં આવ્યું છે.
- પૂરને કારણે સરસ્વતી અને મંદાકિની નદીના કિનારાની સાથે વહી ગયેલી જમીનનું પુનઃસંપાદન કરવામાં આવ્યું. પૂર સામે રક્ષણ મેળવવા માટે મંદિર પરિસરને દ્વિપની જેમ બનાવવા માટે બંને નદીઓ પર પૂરથી બચવા સલામતી દિવાલોનું નિર્માણ કરવામાં આવ્યું.
- ભૂસ્ખલનથી નુકસાન પામેલા પૂજારીઓના નિવાસસ્થાનોનું પુનર્નિર્માણ કાર્ય ચોથા તબક્કામાં કરવામાં આવ્યું.
- સ્થાનિક પથ્થરો, લાકડી અને ઢાળવાળા ધાબાનો ઉપયોગ કરીને સ્થાનિક સ્થાપત્ય શૈલીમાં પુજારીઓના નિવાસસ્થાનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- પાંચમાં કાર્ય તરીકે દુર્ઘટનામાં નુકસાન પામેલી શ્રી આદિગુરુ શંકરાચાર્યની સમાધિનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. સમાધિ સુધી પહોંચવા માટે સ્મારકની દિવાલો વચ્ચેથી ચાલતા જવા માટેનું ભૂગર્ભ માળખું શ્રધ્ધાળુઓને અનોખી અનુભૂતિ પૂરી પાડે છે.

તો કેટલાંક પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા. આ યાત્રામાં કેદારનાથ કાર્યક્રમને જોડીને સમગ્ર દેશના 12 જ્યોતિર્લિંગ અને ચાર ધામને સાંકળીને અનેક આસ્થા કેન્દ્રો પર પુજા-અર્ચના સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. કેદારનાથમાં આયોજિત મુખ્ય કાર્યક્રમને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "એ મારું સૌભાગ્ય છે કે બાબા કેદારે, સંતોના આશીર્વાદે, આ પવિત્ર ધરતીની જે માટીએ, અહીંની હવાઓએ એક સમયે મને ઉછેર્યો હતો તેનાં માટે સેવા કરવાનું સૌભાગ્ય મળ્યું. આનાથી મોટું પુણ્ય જીવનમાં કયું હોઇ શકે. આ આદિ ભૂમિ પર શાશ્વતની સાથે આધુનિકતાનો આ સુમેળ, વિકાસના આ કામ ભગવાન શંકરની સહજ કૃપાનું જ પરિણામ છે."

ભારતની સંસ્કૃતિમાં ધાર્મિક સ્થળોનું અનોખું મહત્વ રહ્યું

કેદારનાથ ધામ ખાતે વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# રૂ. 185 કરોડનાં ખર્ચે નવા વિકાસ કાર્યોની શરૂઆત





## ભગવાન વિઠ્ઠલની નગરી પંઢરપુરને વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ

**ભગવાન વિઠ્ઠલની નગરી તરીકે વિશ્વભરમાં જાણીતા પંઢરપુર સુધી પહોંચવું હવે ખૂબ સરળ બની જશે. 8 નવેમ્બરનાં રોજ અહીં નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી. સંત જ્ઞાનેશ્વર મહારાજ પાલખી માર્ગ અને સંત તુકારામ મહારાજ પાલખી માર્ગના રોડને ચાર લેનનો કરવાના કાર્યનો શિલાન્યાસ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, આ યાત્રા વિશ્વની પ્રાચીન યાત્રાઓમાંની એક છે અને લોકો મોટી સંખ્યામાં એક સાથે સંઘમાં આ યાત્રા પર જતા હોય છે. આ ભારતના એ શાશ્વત બોધની પ્રતીક છે જે આપણી આસ્થાને બાંધતી નથી, પણ મુક્ત કરે છે. ભગવાન વિઠ્ઠલનો દરબાર બધાં માટે ખુલ્લો છે. સબકા સાથ-સબકા વિકાસ-સબકા વિશ્વાસ પાછળ પણ આ જ ભાવના છે.**

## આ પ્રોજેક્ટ્સની શરૂઆત..

- **પાલખી માર્ગનો લગભગ 221 કિ.મી અને પતસથી ટોડેલ-બોંડલે સુધીનો સંત તુકારામ મહારાજ પાલખી માર્ગનો લગભગ 130 કિ.મી ભાગ ચાર લેનનો કરવામાં આવશે.**
- **આ રોડની બંને તરફ પાલખી માટે વિશેષ પદયાત્રા માર્ગ હશે, જેની પાછળ અનુક્રમે આશરે રૂ. 6,690 કરોડ અને રૂ. 4,400 કરોડનો ખર્ચ થશે.**

### આધ્યાત્મિક નગરી પંઢરપુરની વિશેષતા જાણો...

ભગવાન વિષ્ણુના અવતાર વિઠોબા અને તેમનાં પત્ની રૂકમણીના માનમાં લોકો દર વર્ષે ચાર વાર શહેરમાં તહેવાર મનાવવા ભેગાં થાય છે. તેમાં સૌથી વધુ શ્રદ્ધાળુ અષાઢના મહિનામાં, પછી ક્રમશઃ કારતક, મહા અને શ્રાવણ મહિનામાં એકત્ર થાય છે. એવી માન્યતા છે કે છેલ્લાં 800 વર્ષથી આ સતત આ યાત્રાઓ થઈ રહી છે.

છે. માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વમાંથી અહીં દર વર્ષે લાખો પ્રવાસીઓ આવતા હોવાથી અહીં આધ્યાત્મિક પર્યટન માટે અપાર સંભાવનાઓ છે. તેનાથી લોકોને મોટી સંખ્યામાં રોજગાર મળે છે, એટલું જ નહીં, પણ દેશના અર્થતંત્રમાં પણ તેનું મોટું પ્રદાન છે. આ બાબતને ધ્યાનમાં લઈને 2014 પછી કેન્દ્ર સરકારે આ વિસ્તારના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું છે. બૌધ્ધ સર્કિટના વિકાસની સાથે કુશીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની શરૂઆત હોય કે પછી રામાયણ સર્કિટ અંતર્ગત ભગવાન રામ સાથે સંકળાયેલા ધાર્મિક સ્થળોના વિકાસની વાત હોય, દેવભૂમિ ઉત્તરાખંડના વિકાસ પ્રોજેક્ટ્સ હોય કે દક્ષિણ ભારતના ધાર્મિક સ્થળ, કેન્દ્ર સરકાર સતત કાર્યશીલ રહી છે. પર્યટન સુવિધા અને પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરવાની દિશામાં સરકાર ઝડપથી કામ કરી રહી છે.●


પંઢરપુર ખાતે વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# વિશ્વને ગ્લોબલ વોર્મિંગથી બચાવવામાં ભારતની અગ્રેસર ભૂમિકા



**વિશ્વમાં કોઈને કોઈ દેશમાં તમે પૂર, તોફાન, બરફવર્ષા, સમુદ્રના સ્તર ઉપર આવવા, ભૂસ્ખલન, જંગલમાં આગ કે એન્ટાર્કિટકામાં બરફ ઓગળવા જેવી ઘટનાઓ અંગે રોજ સાંભળતા અન વાંચતા હશો . પોતાના ગ્રહને બચાવવા માટે વિશ્વનાં તમામ દેશો તાજેતરમાં ફરી એક વાર બ્રિટનના ગ્લોસગોમાં એકત્ર થયા અને સદીઓથી પર્યાવરણ પ્રત્યે સમર્પિત ભારતે 'પંચામૃત'ના સંકલ્પ દ્વારા વિશ્વને માર્ગ દર્શાવ્યો અને વિક્સિત દેશોને પણ 'જળવાયુ ન્યાય'ની જરૂરિયાતની અનુભૂતિ કરાવી, જેથી વિકાસશીલ અને અલ્પવિક્સિત દેશો પણ વિકાસનાં માર્ગમાં પાછળ ન રહી જાય...**

**ઉત્તરપ્રદેશના બારાબંકીમાં 43 હેક્ટરમાં ફેલાયેલું સરાહી તળાવ સાવ સુકાઈ ગયું હતું. પણ ગ્રામજનોએ ભેગાં થઈને તળાવને બચાવવાનો નિર્ધાર કર્યો અને અભિયાન હાથ ધર્યું. એક પછી એક ગામ આ અભિયાનમાં જોડાતા ગયા. તેમણે તળાવની ચારે બાજુ એક મીટર ઊંચો બંધ બાંધ્યો. આજે તળાવ પાણીથી છલોછલ છે અને આસપાસનું વાતાવરણ પક્ષીઓનાં કલરવથી ગુંજી રહ્યું છે.**



**ગયા વર્ષે 10 જુલાઈનાં રોજ મધ્યપ્રદેશના રીવામાં 750 મેગાવોટનો સોલર પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો. કદાચ એશિયાના આ સૌથી મોટા સોલર પાવર પ્લાન્ટમાં એક સોલર પાર્કની અંદર 500 હેક્ટર જમીન પર 250-250 મેગાવોટનાં ત્રણ સોલર પાવર ઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ ગ્રિડ સમાનતાનો અવરોધ તોડનાર દેશનો પ્રથમ સોલર પ્રોજેક્ટ હતો. આનાથી વર્ષે આશરે 15 લાખ ટન CO2 જેટલું કાર્બન ઉત્સર્જન ઓછું થશે.**

**કોપ શિખર સંમેલન ચાલતું હતું ત્યારે મેઘાલય સાથે સંકળાયેલી મહત્વની માહિતી પર દેશનું ધ્યાન ગયું. અહીં વૈજ્ઞાનિકોએ માછલીની નવી પ્રજાતિની શોધ કરી જે માત્ર મેઘાલયની ગુફાઓમાં જ જોવા મળે છે. માનવામાં આવે છે કે ગુફાઓમાં જમીનની અંદર રહેતા જળચર પ્રાણીની પ્રજાતિમાં આ માછલી સૌથી મોટી છે.**

બદલાતા ભારતની આવી અનેક તસવીરો તમને જોવા મળશે, જે માત્ર વિકાસ જ નહીં, પર્યાવરણના સંરક્ષણ માટે પણ દેશની જાગૃતિનો સંકેત આપે છે. તાજેતરમાં બ્રિટનના ગ્લાસગોમાં પૂરા થયેલા જળવાયુ શિખર સંમેલનમાં ભારતે વિશ્વ સમક્ષ પોતાની પ્રતિબધ્ધતા દર્શાવી છે એટલું જ નહીં, પણ વીતેલાં કેટલાંક વર્ષોમાં જળવાયુ સંરક્ષણની દિશામાં ક્રાંતિકારી પહેલ પણ કરી છે. ગ્લાસગોની બેઠક કોઈ સામાન્ય બેઠક નહોતી પણ દરેક વ્યક્તિના જીવન પર અસર કરનારી હતી. ભારત આવી બેઠકોનું મહત્વ સમજે છે એટલાં માટે જ વિશ્વના મોટા ભાગના દેશોએ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા, જ્યારે ભારત તરફથી ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે હાજરી આપી. આ આંતરરાષ્ટ્રીય મંચ પરથી વડાપ્રધાન મોદીએ કાર્બન ઉત્સર્જન અંગે હિંમતભર્યું નિવેદન આપીને ભારત પર સવાલો ઉઠાવનારા ટીકાકારોની બોલતી બંધ કરી દીધી. ભારતનાં નેતૃત્વએ સ્પષ્ટ કરી દીધું કે નિશ્ચિત સમયમર્યાદા અને વ્યવહારુ અભિગમ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતે આ સમસ્યામાં વિશ્વને ઉકેલનો માર્ગ દર્શાવ્યો છે.

પર્યાવરણ અંગે ભારતની ગંભીરતા અને તેનાં માટે લેવામાં આવી રહેલાં નક્કર પગલાં સમજતાં પહેલાં એ સમજી લેવું પણ જરૂરી છે કે દુનિયાને અચાનક જળવાયુ પરિવર્તન પર ગંભીરતાથી મંથનની જરૂર કેમ અનુભવાઈ? હકીકતમાં, ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વ સમક્ષ માનવતાના અસ્તિત્વ પર જ જોખમ ઊભું થયું છે. ક્યાંક પૂર, તોફાન, દુકાળ તો ક્યાંક ભૂસ્ખલન, તો ક્યાંક વનમાં આગ, તો દરિયાનું જળ સ્તર ઉપર આવવાની તો ઝડપથી બરફ ઓગળવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. મીડિયા અહેવાલો પ્રમાણે વિશ્વના વૈજ્ઞાનિકોનું માનવું છે કે તાપમાનમાં દોઢ ડિગ્રી સુધીનો વધારો સહન કરી શકાશે, પણ જે રીતે વાયુમંડળમાં કાર્બન ઉત્સર્જન વધી રહ્યું છે તેને જોતાં 21મી સદી પૂરી થતાં સુધીમાં તાપમાન ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી જશે. એટલાં માટે છેલ્લાં એક દાયકાથી માનવતાને બચાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે, પણ વિક્સિત, વિકાસશીલ અને અલ્પવિક્સિત દેશોમાં વિકાસમાં અસમાનતાને કારણે કોઈ નક્કર માર્ગ નીકળતો નહોતો. આ મુદ્દે મંથન કરવા માટે 31 ઓક્ટોબરથી 12 નવેમ્બર સુધી વિશ્વના 200થી વધુ દેશોએ સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ બ્રિટનના ગ્લાસગોમાં જળવાયુ પરિવર્તન મુદ્દે ગંભીર મંથન કર્યું. કોપ-26 નામથી પૂરું થયેલું જળવાયુ શિખર સંમેલન એટલાં માટે પણ મહત્વપૂર્ણ છે કે હવે તેના પર માત્ર મંથન

**લગભગ બે વર્ષ પહેલાં 12 ઓક્ટોબરનાં રોજ મલ્લાપુરમ દરિયાકિનારે વડાપ્રધાન મોર્નિંગ વોક દરમિયાન અડધો કલાક સુધી દરિયાકિનારે પ્લાસ્ટિક કચરો વીણતા નજરે પડ્યા હતા. સ્વચ્છ દરિયાકિનારો અને પર્યાવરણનો સંદેશ આપતી આ તસવીરે ભારતીય લોકોનાં માનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ પેદા કરી.. આ ઘટનાના લગભગ એક વર્ષ પહેલાં ભારતના આઠ દરિયાકિનારાઓને 'બ્લુ ફ્લેગ' આંતરરાષ્ટ્રીય લેબલથી નવાજવામાં આવ્યા હતા. પ્રથમ જ પ્રયાસમાં આવી સફળતા હાંસલ કરનાર ભારત પ્રથમ દેશ બની ગયો અને બ્લુ ફ્લેગ દરિયાકિનારાનો દરજ્જો ધરાવતા 50 દેશોની યાદીમાં સ્થાન મળ્યું. વિશ્વ બેન્કે પણ ભારતના દરિયાઇ વિસ્તારોની જાણવણી અને તેની સ્વચ્છતાની પ્રશંસા કરી હતી. હવે ભારતે આગામી 4-5 વર્ષોમાં બીજાં 100 દરિયાકિનારાઓને પણ સંપૂર્ણ રીતે સ્વચ્છ બનાવવાનો લક્ષ્ય રાખ્યો છે.**



# Cop શું છે અને દુનિયા કેમ ચિંતિત છે

Cop એટલે 'કોન્ફરન્સ ઓફ પાર્ટીસ. સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન ફ્રેમવર્ક સંમેલન અંતર્ગત કોપની બેઠક યોજાતી હોય છે. તેમાં વિશ્વના 200 દેશો ભાગ લે છે. 1995માં બર્લિનમાં તેની પ્રથમ બેઠક યોજાઈ હતી અને તાજેતરમાં બ્રિટનના ગ્લાસગોમાં યોજાયેલી બેઠક 26મી હતી, તેથી તેને કોપ-26 કહેવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગત કામ કરતી આઇપીસીસી (જળવાયુ પરિવર્તન પર આંતર સરકારી પેનલ) નામની સંસ્થા અમુક વર્ષો બાદ જળવાયુ અંગે પોતાનો અહેવાલ રજૂ કરે છે, જેને વિશ્વના મોટા ભાગના દેશો સ્વીકારે છે. તેનો છઠ્ઠો સમીક્ષા અહેવાલ ઓગસ્ટ મહિનામાં જાહેર કરવામાં આવ્યો, જેમાં જળવાયુ પરિવર્તન અને તેના ગંભીર જોખમ અંગે ચેતવણી આપવામાં આવી છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સમગ્ર માનવ જાતિ હાલમાં ઇતિહાસના સૌથી ગરમ સમયમાં જીવન જીવી રહી છે. સમુદ્રની જળ સપાટી ત્રણ ગણી ઝડપથી વધી રહી છે અને ધરતીનું તાપમાન 1.2 ડિગ્રી સેલ્સિયસ સુધી વધી ગયું છે. વિજ્ઞાનીઓ એમ માને છે કે પૃથ્વી દોઢ ડિગ્રી સુધી તાપમાન વધારો સહન કરી શકે છે, પણ જેમ જેમ કાર્બન ઉત્સર્જન વધશે તેમ તેમ ધરતીનું તાપમાન પણ વધશે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 2030 સુધીમાં વિશ્વનું કાર્બન ઉત્સર્જન અડધું અને 2050 સુધી નેટ ઝીરો કરવાની જરૂર છે. આમ થશે તો જ તાપમાનને નિયંત્રિત કરી શકાશે. આ સ્થિતિમાં, વિશ્વએ નક્કર એક્શન પ્લાન સાથે ગ્લોબલ વોર્મિંગને ઘટાડવાની દિશામાં પગલાં લેવા જ પડશે. કોપ 26ની બેઠકના એજન્ડામાં કોલસાનો ઉપયોગ ઘટાડવા, જંગલો કાપવા પર રોક, ઈલેક્ટ્રિક વાહનો અને અક્ષય ઊર્જાને પ્રોત્સાહન અને દરિયાકિનારે રહેતા લોકો માટે 'કોસ્ટલ પ્રોટેક્શન પ્લાન્ટ'ના નિર્માણનો સમાવેશ થાય છે.





આ બેઠકનાં મહત્વ અંગે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવ કહે છે, "જળવાયુ પરિવર્તનના વિષયથી વિશ્વ ચિંતિત છે. આઇપીસીસીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આડેધડ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચાલુ રહેશે તો કાર્બન ઉત્સર્જન એટલું વધી જશે કે પેરિસ સમજૂતિમાં નિર્ધારિત 1.5 ડિગ્રી વધારાના લક્ષ્ય કરતાં તાપમાન વધી જશે. જળવાયુ પરિવર્તનને કારણે દરિયા કિનારાના શહેરો ડૂબવાનું જોખમ છે. આપણે હાલમાં પૂર સહિતનાં કુદરતી પરિવર્તન થતાં જોઈ જ રહ્યા છીએ. કોપ 26માં વિશ્વનાં તમામ દેશો એકઠા થયાં જેનો વિષય સ્પષ્ટ હતો કે 2015માં પેરિસ સંમેલનમાં જે લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતા તેનાં માટે નિયમ અને કાયદા ઘડવામાં આવે." પેરિસ સંમેલનમાં વિશ્વનાં તમામ દેશોને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાનો લક્ષ્ય આપવામાં આવ્યો હતો, જેને રાષ્ટ્રીય સ્તર પર નિર્ધારિત યોગદાન (NDC) કહેવામાં આવ્યું હતું. પણ પેરિસ બાદ ગ્લાસગોમાં આટલી ગંભીર ચર્ચા કરવી પડી તેનું કારણ એ હતું કે વિક્સિત દેશોએ પોતાનાં વચનનું સંપૂર્ણ પાલન ન કર્યું. ગ્લાસગો બેઠકમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને માનવતાને બચાવવાનો માર્ગ દર્શાવ્યો એટલું જ નહીં, પણ અલ્પવિક્સિત દેશોનું મજબૂત પ્રતિનિધિત્વ કર્યું.

નહીં, પગલાં લેવાની પણ જરૂર છે કારણ કે હવે પાછળ હટવાનો અર્થ છે પૃથ્વીનો વિનાશ અને માનવ અસ્તિત્વ પર સંકટ.

**પંચામૃત એટલે કે પાંચ સૂત્ર દ્વારા વિકાસનો નવો માર્ગ**

ગ્લાસગોમાં પૂરા થયેલા 26મા સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન એટલે કે COP-26માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2030 સુધી ભારત દ્વારા બિન અશ્મિભૂત ઊર્જા ક્ષમતાને 500 ગિગાવોટ કરવાનો, 50 ટકા ઊર્જા જરૂરિયાતને અક્ષય ઊર્જા સ્રોત દ્વારા પૂરી કરવાનો, દેશના કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરવાનો, અર્થતંત્રની કાર્બન તીવ્રતાને 45 ટકાથી ઓછી કરવાનો અને 2070 સુધી નેટ ઝીરો ઉત્સર્જનનાં લક્ષ્યને પ્રાપ્ત કરવાનો ભરોસો આપ્યો છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ભારત દ્વારા કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ઘણું ઓછું છે. ઉલ્લેખનીય છે કે વિશ્વની 17 ટકા વસતિ ધરાવતો ભારત માત્ર પાંચ ટકા જ ઉત્સર્જન કરે છે. તેનું મોટું કારણ એ છે કે ભારત જળવાયુ પરિવર્તન સામેની લડાઇમાં પોતાની ફરજને સારી રીતે સમજે છે. વૈશ્વિક ગુણોત્તરમાં સરખામણી કરવામાં આવે તો ભારતનું પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન વૈશ્વિક સરેરાશ કરતાં 60 ટકા ઓછું છે. તેનું કારણ એ છે કે હજુ પણ ભારતીય જીવનશૈલી પરંપરાગત પ્રથા આધારિત છે. ભારતે સમજી વિચારીને આ લક્ષ્ય નક્કી કર્યું છે. જો આઇપીસીસીના અહેવાલને માપદંડ ગણીએ તો વિક્સિત દેશોએ 2030 સુધીમાં જ કાર્બન ઉત્સર્જનમાં નેટ ઝીરોનું લક્ષ્ય હાંસલ કરી લેવું જોઇએ. પણ, વિક્સિત દેશોએ જ 2050 સુધીનું લક્ષ્ય મૂક્યું છે, તો ભારતે ગંભીરતાતી વિચારવિમર્શ કર્યા બાદ 2070 સુધી નેટ ઝીરોનું લક્ષ્ય નક્કી કર્યું છે.

## ભારતની પંચામૃતની ભેટ




> *सम्-गच्छ-ध्वम्,*
> *सम्-व-दद्वम् ,*
> *सम् वो मानसिजानताम्।*
>
> **21મી સદીમાં આ મંત્ર વધુ મહત્વનો અને પ્રાસંગિક થઈ ગયો છે. સમ્-ગચ્છ- ધ્વમ્ એટલે કે બધાં સાથે મળીને ચાલે. સમ્-વ-દદ્વમ્ એટલે કે બધાં પરસ્પર સંવાદ કરે અને સમ્ વો મનાનસિજાનતામ્ એટલે બધાંના મન એકબીજા સાથે મળે. માનવતાનાં ભવિષ્યને બચાવવા માટે આપણે ફરીથી સૂરજ સાથે ચાલવું પડશે**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વડાપ્રધાને વિકાસની નીતિઓ અને યોજનાઓમાં ઘટાડા (Mitigation) ને બદલે અનુકુલન (Adaptation)ને અપનાવવા ભાર મૂકયો છે. ભારતમાં 'નલસે જલ', 'સ્વચ્છ ભારત', સ્વચ્છ ઇંધણ માટે 'ઉજ્જવલા' જેવી યોજનાઓ દ્વારા જરૂરિયાતમંદ નાગરિકોને લાભ થયો છે અને તેમનાં જીવનધોરણમાં પણ સુધારો આવ્યો છે. એમાં કોઈ બેમત નથી કે જળવાયુ પરિવર્તન સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર વિશ્વને આ સંકટમાંથી બહાર લાવવા યોગ્ય દિશા દર્શાવવાનું કામ કર્યું છે. ગ્લાસગોમાં ભારત અગ્રણીની ભૂમિકામાં રહ્યું હતું. તેનું કારણ એ છે કે જળવાયુ પરિવર્તનને કારણે થઈ રહેલા વિનાશમાંથી વિશ્વને બચાવવાની દિશામાં ભારત પોતાની પૂરી પ્રામાણિકતા અને પ્રતિબધ્ધતા સાથે કામ કરી રહ્યું છે. માત્ર વચનો નહીં પણ પાલન દ્વારા ભારતે વિશ્વ સમક્ષ જળવાયુ ન્યાયનો ખ્યાલ રજૂ કર્યો છે. ઉદ્યોગ જગતે પણ ભારતના આ સંકલ્પની પ્રશંસા કરી છે. ભારતીય કંપનીઓએ 2070 સુધી નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનને વ્યાવહારિક અને લાંબા ગાળાનું લક્ષ્ય ગણાવ્યું. સીઆઈઆઈએ પણ વડાપ્રધાનના આ નિર્ણયને સાહસિક અને મહત્વાકાંક્ષી ગણાવ્યું.

### વિશ્વ માટે ભારત આશા જ નહીં, અનુકરણીય પણ બન્યું

2014માં ભારતની અક્ષય ઊર્જા 20 ગિગાવોટ હતી, ત્યારે વડાપ્રધાન મોદીએ નક્કી કર્યું કે 2022 સુધી તેને 100 ગિગાવોટ સુધી પહોંચાડીશું. પણ સમય પહેલાં જ આ લક્ષ્યને હાંસલ કરીને ભારતે વિશ્વને નવો માર્ગ દર્શાવ્યો છે. આટલું જ નહીં, સૌર ઊર્જાનો ભાવ પ્રતિ યુનિટ 16 રૂપિયાથી ઘટીને બે રૂપિયા થઈ ગયો છે. વડાપ્રધાને અક્ષય ઊર્જા



# એક સુરજ, એક વિશ્વ, એક ગ્રિડનો મંત્ર

- વડાપ્રધાન મોદી કહે છે, "વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ." આ સપનાને લઈને આપણે ચાલીએ તો ક્યારેય કોઈ જગ્યાએ જ્યાં સુધી સુરજ અસ્ત ન થાય ત્યાં સુધી વીજળી મેળવવી અશક્ય નથી.
- "સુરજ ક્યાંક ને ક્યાંક તો હોય જ છે, ક્યારેય અસ્ત નથી થતો, તો પછી વીજળીનો પ્રવાહ કેમ બંધ થાય." ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)ની રચના સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આ વિઝનને વિશ્વએ આવકાર આપ્યો છે. આ સંગઠનની ચોથી બેઠકમાં 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ'ને કોપ-26ની હરિત પહેલ તરીકે સમાવવાની પ્રતિબધ્ધતા જાહેર કરવામાં આવી. આ સાથે વડાપ્રધાન મોદીના વડપણમાં ભારત જળવાયુ ન્યાયનું સૂત્રધાર બની ગયું છે.
- જી-20 દેશોમાં ભારત જ એક માત્ર એવો દેશ છે, જે પોતાનાં જળવાયુ લક્ષ્યોને હાંસલ કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે.
- આજે ભારત બહુ ઝડપથી 450 ગિગાવોટ અક્ષય ઊર્જાના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. તેમાંથી 100 ગિગાવોટના લક્ષ્યને ભારતે નિર્ધારિત સમય પહેલાં જ હાંસલ કરી લીધો છે.
- સરકારે નક્કી કર્યું છે કે 2030 સુધી દેશનું 40 ટકા વીજ ઉત્પાદન અશ્મિભૂત ઇંધણ સંસાધનો દ્વારા થાય. સ્વચ્છ અને કાર્યક્ષમ ઊર્જા પ્રણાલિ, સ્થિતિસ્થાપક શહેરી માળખાકીય સુવિધાઓ અને આયોજનબધ્ધ પર્યાવરણ સંરક્ષણ આત્મનિર્ભર ભારત ઝૂંબેશના મહત્વનાં હિસ્સા છે.
- પર્યાવરણ સલામતી પ્રત્યે ભારતના આ પ્રયાસ વિશ્વને નવો ભરોસો આપી રહ્યા છે. એક દાયકા પહેલાં સૌર ઊર્જા માટે વિસ્તૃત નીતિ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું.
- વર્ષ 2010માં પાટણમાં સોલર પાવર પ્લાન્ટનું ઉદઘાટન થયું હતું, ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ ભારત વિશ્વને 'એક સુરજ, એક વિશ્વ, એક ગ્રિડ'નો માર્ગ દર્શાવશે. ।

ક્ષમતાનું લક્ષ્ય વધારીને 450 ગિગાવોટ કર્યું હતું અને હવે ગ્લાસગોમાં તેમણે આ લક્ષ્યને 500 ગિગાવોટ સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે. આટલાં મોટા પાયે અક્ષય ઊર્જાનો લક્ષ્ય હાંસલ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બનશે. એટલાં માટે, સ્વાભાવિક રીતે જ વિશ્વની નજર ભારત પર છે. 2015માં ભારતે જ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)નો પાયો નાખ્યો. સૌર એ બહુ સારી વૈકલ્પિક ઊર્જા છે. સોલર એલાયન્સની પ્રગતિનાં કારણે જ ભારતમાં જૈવ ઇંધણ (બાયો-ફ્યુઅલ) દ્વારા કમર્શિયલ એરક્રાફ્ટ ઉડાડવામાં આવ્યું હતું અને આમ કરનાર ભારત કદાચ વિશ્વનો એક માત્ર દેશ છે. સૌર ઊર્જાના ક્ષેત્રમાં બેટરી સ્ટોરેજ એક પડકાર છે, જેનાં માટે ભારત સતત કામ કરી રહ્યું છે. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે આ ક્ષેત્રમાં પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ્સને મંજૂરી આપી છે. 2030 સુધી રેલવેને હરિત (ગ્રીન) બનાવવાનું લક્ષ્ય છે, જેનાથી 60 મિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં મદદ મળશે. ભારત દ્વારા પ્રોત્સાહન બાદ ઉદ્યોગો 2050 સુધીમાં જ નેટ ઝીરોનું લક્ષ્ય રાખીને નવી ટેકનિકથી કામ કરવામાં જોડાઈ ચૂક્યા છે. કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરવાનું વડાપ્રધાનનું લક્ષ્ય ભારત સરળતાથી હાંસલ કરી શકે છે. કોપ 26ની બેઠક દરમિયાન પણ ભારતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં કોઈ દેશ વિકાસનાં માર્ગમાં પાછળ ન રહી જાય તે માટે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર ધ રિઝિલન્ટ આઈલેન્ડ સ્ટેટ્સ' (IRIS) ની શરૂઆત કરી. નાના ટાપુ રાષ્ટ્રોના માળખાકીય વિકાસ માટે આ મહત્વપૂર્ણ પહેલ છે. વડાપ્રધાને કહ્યું કે આ પહેલ સંવેદનશીલ દેશો માટે કંઈક કરવાની નવી આશા, નવો આત્મસંતોષ પ્રદાન કરશે.

## નેટ ઝીરો શું છે



**નેટ ઝીરોનો અર્થ એ નથી કે કાર્બન ઉત્સર્જનને સંપૂર્ણ રીતે નાબૂદ કરી દેવામાં આવશે. તેનો અર્થ એ છે કે જેટલું ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન થશે, તેને ટેકનોલોજીની મદદથી વાતાવરણમાં જતાં પહેલાં જ અટકાવી દેવાશે.**

### જળવાયુ ન્યાય અને ટેકનોલોજી ટ્રાન્સફર

વર્ષ 2009માં વિક્સિત દેશોએ વચન આપ્યું હતું કે વિકાસશીલ દેશોને 100 અબજ ડોલર આપવામાં આવશે, જેથી જળવાયુ લક્ષ્યોને હાંસલ કરી શકાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લાસગોમાં આર્થિક મદદ, ટેકનોલોજી ટ્રાન્સફર, જીવનશૈલી અને જળવાયુ ન્યાયના મુદ્દાઓ સ્પષ્ટ રીતે વિશ્વ સમક્ષ રજૂ કર્યા. વડાપ્રધાને વિશ્વ સમક્ષ વિક્સિત દેશોની પોલ ખોલતાં કહ્યું કે 2009નાં વચન ઠાલાં પુરવાર થયા છે. તેમણે એમ પણ જણાવ્યું કે પહેલાં અને અત્યારની સ્થિતિમાં ઘણો ફરક આવી ગયો છે, એટલાં માટે વિક્સિત દેશોએ વિકાસશીલ દેશોને 100 અબજ ડોલર આપી દેવા જોઈએ. આ જ જળવાયુ ન્યાયનું પ્રમાણ છે. વડાપ્રધાને ઓછી કિંમતમાં ટેકનોલોજી ટ્રાન્સફર પર પણ ભાર મૂક્યો. વડાપ્રધાને વિક્સિત દેશો દ્વારા તાત્કાલિક એક ટ્રિલિયન ડોલરનું જળવાયુ નાણાંકીય ભંડોળ બનાવવાની માંગ કરી. વડાપ્રધાને કહ્યું, “ભારત આશા રાખે છે કે વિક્સિત દેશો શક્ય એટલી વહેલી તકે જળવાયુ નાણાંકીય ભંડોળ માટે 1000 અબજ

**વાહનોમાંથી નીકળતા ધુમાડામાં કાર્બનનું પ્રમાણ ઓછું કરવા માટે પેટ્રોલમાં ઇથેનોલનો ઉપયોગ કરવામાં આવ્યો. બ્રાઝીલ બાદ આવું કરનાર ભારત બીજો દેશ છે. આ ઉપરાંત, બીએસ-4 પછી સીધો બીએસ-6નો ઉપયોગ પર્યાવરણ સંરક્ષણની દિશામાં ભારતનું મહત્વપૂર્ણ પગલું સાબિત થયું છે.**

## જળવાયુ સંરક્ષણમાં ભારતનો અભૂતપુર્વ રેકોર્ડ

**05%** કાર્બન ઉત્સર્જન ભારતનું, જ્યારે વિશ્વની વસતિનો 17 ટકા હિસ્સો

**2030** સુધી કાર્બન ઉત્સર્જનમાં નેટ ઝીરો બનવાનું લક્ષ્ય છે ભારતીય રેલવેનું

- સ્થાપિત અક્ષય ઊર્જા ક્ષમતામાં ભારત ચોથા સ્થાને છે. ભારતે જ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સની પહેલ કરી. દુર્ઘટના સામે મજબૂત માળખાં માટે જોડાણ રચવામાં આવ્યું.

## પર્યાવરણ સંરક્ષણની દિશામાં સતત પગલાં

### પેરિસ સમજૂતિનાં લક્ષ્ય પૂરા કરવા તરફ ભારત

**2030** સુધી ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન તીવ્રતા 33થી 35 ટકા ઓછી કરવાના લક્ષ્ય તરફ આગળ વધતા અત્યાર સુધી આ તીવ્રતાને 21 ટકા ઓછી કરી દીધી

જી 20 દેશોમાં ભારત એક માત્ર એવો દેશ છે, જે વૈશ્વિક તાપમાન વધારાને બે ડિગ્રી સુધી સીમિત રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે.

**1500** કરોડનાં રૂ. ખર્ચે ઊર્જાના વૈકલ્પિક સ્રોત તૈયાર કરવા માટે બજેટમાં નેશનલ હાઈડ્રોજન મિશનની જાહેરાત કરવામાં આવી.

**15%** લક્ષ્ય નક્કી કર્યું છે ભારતે 2030 સુધી કુલ ઊર્જામાં નેચરલ ગેસનું. વન નેશન-વન ગેસ ગ્રિડ દ્વારા લક્ષ્ય પૂરું થશે.





## જળવાયુ ન્યાય ભારતનાં વધતા પગલાં

**વડાપ્રધાન હંમેશા વિઝન સાથે કામ કરે છે. આશરે દોઢ દાયકા પહેલાં તેમણે જળવાયુ પરિવર્તનના જોખમને સમજીને એક પુસ્તક લખ્યું હતું. મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતમાં જળવાયુ વિભાગ પણ બનાવ્યો હતો. વિશ્વના દેશોએ પેરિસ સમજૂતિ કરી તો વડાપ્રધાનના નેતૃત્વમાં 'જળવાયુ ન્યાય' શબ્દને સામેલ કરવાની માગણી કરવામાં આવી. ભારતે તેનાં લક્ષ્યને પૂરું કર્યું છે અને 2030 માટે પણ અક્ષય ઊર્જાનો નવો લક્ષ્ય રાખ્યો છે. ભારતે માત્ર વાતોથી નહીં, ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ જેવા વિવિધ કરાર દ્વારા વિશ્વની આગેવાની લીધી છે.**

- જળવાયુ પરિવર્તન પ્રદર્શન સૂચકાંક (પર્ફોમન્સ ઈન્ડેક્સ)ના 2020ના અહેવાલ પ્રમાણે જળવાયુ પરિવર્તનની પ્રતિબધ્ધતાઓને પૂરો કરનાર ભારત એક માત્ર જી-20 દેશ છે.
- અક્ષય ઊર્જામાં ભારતનો વૈશ્વિક ક્રમ સ્થાપિત ઊર્જા ક્ષમતા અને સ્થાપિત પવન ઊર્જા ક્ષમતામાં ચોથા સ્થાને છે
- સ્થાપિત સૌર ક્ષમતામાં ભારત પાંચમાં ક્રમે છે. છેલ્લાં છ મહિનામાં ભારતની સ્થાપિત અને સૌર ઊર્જા ક્ષમતામાં 15 ગણો વધારો થયો છે.
- છેલ્લાં પાંચ વર્ષોમાં ભારતના વન વિસ્તારમાં 15,000 ચોરસ કિ.મી.નો વધારો થયો છે.


**21 રાજ્યોમાં કુલ 26,694 મેગાવોટ ક્ષમતાના 47 સોલર પાર્ક સ્થાપવામાં આવી રહ્યા છે. કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશમાં સોલર પાર્ક સ્થાપિત થઇ ચૂક્યા છે.**

ડોલર ઉપલબ્ધ કરાવશે. જેવી રીતે આપણે જળવાયુ મિશન પર દેખરેખ રાખીએ છીએ, તે રીતે જળવાયુ ધિરાણ પર પણ દેખરેખ રાખવી જોઈએ. જે દેશો જળવાયુ નાણાં ભંડોળ માટેનાં પોતાનાં વચનનું પાલન નથી કરતાં એ દેશો પર દબાણ લાવવાની જરૂર છે." વડાપ્રધાને જણાવ્યું કે ભારત હિંમત અને મહત્વાકાંક્ષા સાથે જળવાયુના મુદ્દે આગળ વધી રહ્યુ છે અને તે અન્ય વિકાસશીલ દેશોની તકલીફ સમજે છે.

### જળવાયુ પરિવર્તન અને જીવનશૈલી

જીવન માટે પર્યાવરણ અને જળવાયુ સંરક્ષણ કેટલું જરૂરી છે, તે કોવિડે દુનિયાને શીખવાડ્યું છે. વડાપ્રધાને LIFE એટલે કે સાતત્યપૂર્ણ વિકાસનો એવો મંત્ર આપ્યો જેમાં લાઇફસ્ટાઇલ ફોર એન્વાયર્નમેન્ટ (પર્યાવરણને અનુકુળ જીવનશૈલી) સૌથી મહત્વપૂર્ણ છે. આ વિચાર ભારતીય સંસ્કૃતિ અને મહાત્મા ગાંધીની વિચારધારાથી પ્રેરિત છે. આ વિચાર પ્રકૃતિ સાથે શાંતિપૂર્ણ અસ્તિત્વ અને સંસાધનોનાં જવાબદારીપૂર્વક ઉપયોગ પ્રત્યે જાગૃતિ પેદા કરે છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે જળવાયુ પરિવર્તન પર ધ્યાન આપીને પોતાની સરકારમાં જળવાયુ પરિવર્તન વિભાગ બનાવ્યો હતો. આવું કરનાર તેઓ આઝાદી પછી દેશના પ્રથમ વડાપ્રધાન હતા. એ સમયે વિશ્વમાં બહુ ઓછા નેતાઓ આ મુદ્દે વાત કરતા હતા ત્યારે તેમણે આ વિષયને મહત્વ આપ્યું. જળવાયુ પરિવર્તનની સમસ્યા ઉકેલવા માટે વડાપ્રધાન મોદીનું સમર્પણ તેમનાં કાર્યો અને સકારાત્મક પરિવર્તન માટે કરવામાં આવી રહેલા પ્રયત્નોમાં વર્તાય છે. જળવાયુ પરિવર્તન સામેની લડાઈ કઈ રીતે લડવી તે સમજવા માગતી કોઈ પણ વ્યક્તિ માટે આ મહત્વનો મુદ્દો છે. એક વાર પશ્ચિમ ભારતના નાનકડાં ગામમાં વડાપ્રધાન મોદી રોકાયા હતા, જ્યાં તેમને પ્રકૃતિ સાથે તાલમેલ ધરાવતી જીવનશૈલીનો અનુભવ થયો. આ અનુભવે તેમને સાતત્યપૂર્ણ પર્યાવરણની એ ફિલોસોફી પ્રત્યે આકર્ષિત કરી, જેનાં મૂળિયાં ભારતીય પરંપરા અને મૂલ્યોમાં છુપાયેલાં છે. વેદોમાં ધરતીને માતા

# ઇલેક્ટ્રિક વાહનોથી માંડીને બેટરી ઉત્પાદન સુધીની મદદ



### કેમિકલ બેટરી

પીએલઆઇ સાથે સંકળાયેલી યોજના નેશનલ એડવાન્સ્ડ કેમિકલ બેટરી સ્ટોરેજ પ્રોગ્રામને કેબિનેટની મંજૂરી. તેનાથી ઓઇલની આયાત ઘટવાથી રૂ. 2,50,000 કરોડની ચોખ્ખી બચત થશે



### ઈ વાહનો માટે ફેમ ઈન્ડિયા

ફેમ ઈન્ડિયાને કારણે આપણે દૈનિક 85,605 લીટર ઇંધણ બચાવી રહ્યા છીએ. 20,05,91,605 કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઓછું કરવામાં સફળ થયા છીએ.



### વન્ય જીવન સંરક્ષણના પ્રયાસ

- પ્રોજેક્ટ એલીફન્ટ, ગીધ સંરક્ષણ કાર્યયોજના, પ્રોજેક્ટ ડોલ્ફિન, રાષ્ટ્રીય દરિયાઇ કાચબા કાર્યયોજના, પ્રોજેક્ટ સ્નો લેપર્ડ, ઇન્ડિયન રાઇનો વિઝન જેવા કાર્યક્રમો દ્વારા સંરક્ષણ કાર્યક્રમોમાં ઓછામાં ઓછા 22 વન્યજીવોને સમાવવામાં આવ્યા છે.



**13 હજાર કિ.મી વધ્યું ટ્રી કવર વીતેલા ચાર વર્ષોમાં, 2017થી 2019 સુધી તેમાં 5,188 ચોરસ કિ.મીનો વધારો થયો છે.**

**સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આગામી પાંચ વર્ષોમાં 5,000 પ્લાન્ટ સ્થાપીને કૃષિ કચરામાંથી બાયો-સીએનજીનું ઉત્પાદન કરવાની સ્કીમ લોંચ કરી છે.**

સાથે સરખાવતા કહેવામાં આવ્યું છે- 'माता भूमिः पुत्रोअहं पृथिव्या'. એટલે કે પૃથ્વી આપણી માતા છે અને આપણે તેના સાચા સંતાનો છીએ. પર્યાવરણ સંરક્ષણનું આ મોડલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પ્રથમ વાર ગુજરાતમાં લાગુ કર્યું હતું અને હવે દેશમાં પણ તેને આગળ વધારવામાં આવી રહ્યું છે.

પર્યાવરણ અંગે વડાપ્રધાને લખેલું પુસ્તક 'ધ ક્લાઇમેટ ક્લાઇમ્બઃ ઈન્ડિયા'ઝ સ્ટ્રેટેજી, એક્શન્સ એન્ડ એચિવમેન્ટ્સ' લોકોને એવું જીવન જીવવાની પ્રેરણા આપે છે, જે પ્રકૃતિ સાથે તાદામ્ય ધરાવતું અને સાતત્યપૂર્ણ હોય, કારણ કે આ જીવનશૈલી આપણા જીવન વ્યવહારનો હિસ્સો છે. તેમનું માનવું છે કે એક વાર આપણે સમજી લઈએ કે આપણે પ્રકૃતિ પ્રત્યે સદભાવની પરંપરાના સૂત્રધાર છીએ, તો ચોક્કસપણે તેનાથી લોકોની કામગીરી અને જીવન પર સકારાત્મક અસર પડશે. પોતાના પુસ્તકમાં વડાપ્રધાન મોદીએ અર્થતંત્ર, ઊર્જા અને ઇકોલોજીના એકીકરણની જરૂરિયાત અને જળવાયુ પરિવર્તનથી માંડીને જળવાયુ ન્યાય સુધીના દ્રષ્ટિકોણ અને દ્રષ્ટિને વ્યાપક બનાવવા પર ભાર મૂક્યો છે, જેનાથી સાતત્યપૂર્ણ વિકાસ હાંસલ કરવા ગરીબો અને ભાવિ પેઢીઓની પૂરતી કાળજી લઈ શકાય. તેમણે, ક્લીન ટેકનોલોજીને સક્રિય પ્રોત્સાહન, અક્ષય ઊર્જાનો વિકાસ અને પ્રકૃતિના સંરક્ષણ પ્રત્યે ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો. આ પુસ્તક જળવાયુ પરિવર્તન વિરુધ્ધ સકારાત્મક

# સ્વચ્છ ભારત અભિયાનથી મળ્યો જુસ્સો

- 2014માં લાલ કિલ્લા પરથી વડાપ્રધાને સ્વચ્છ ભારત મિશનની જાહેરાત કરી ત્યારે લોકોએ તેને ગંભીરતાથી નહોતી લીધી. વડાપ્રધાનના આ વિચારના મૂળમાં સ્વચ્છતાની સાથે સાથે પર્યાવરણની ચિંતા પણ સામેલ હતી, કારણ કે લોકોનું આરોગ્ય આ બે મુદ્દા સાથે જ સંકળાયેલું છે.
- વડાપ્રધાનના આહવાનથી લોકો અને સંગઠનો આગળ આવ્યા અને ભારતમાં પ્રથમ વાર કોઈ સરકારી યોજનાની શરૂઆત લોક આંદોલન તરીકે થઈ. અત્યાર સુધી 11 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ થઈ ચૂક્યું છે.
- સ્વચ્છતા રેટિંગને કારણે ભારતનું દરેક શહેર હવે સ્વચ્છતા મુદ્દે એક બીજા સાથે હરીફાઈ કરી રહ્યું છે. ભૂગર્ભ જળ દૂષિત થવાનું પ્રમાણ ઘટ્યું અને પ્રવાહી અને ઘન કચરાના યોગ્ય નિકાલ દ્વારા જમીન અને વાયુને પ્રદૂષિત કરનાર પરિબળોમાં ઘટાડો થઈ શક્યો
- પરિણામ... યુનિસેફના એક અહેવાલ પ્રમાણે દર વર્ષે ડાયેરિયાથી મૃત્યુ પામતાં ત્રણ લાખ બાળકોનો જીવ બચ્યો. પરિવાર દીઠ રૂ. 50,000 સુધીની બચત થઈ.




**નમામિ ગંગે જેવી યોજના અંતર્ગત ઘાટના કિનારે સ્વચ્છતા, સુએજ ટ્રીટમેન્ટ અને જંગલ વિસ્તારના કામ પર્યાવરણના સંદર્ભમાં મહત્વનાં સાબિત થયા**

કામગીરીની દિશામાં વ્યવહારુ નીતિ ઘડતરનાં તમામ પાસાઓમાં જળવાયુ પરિવર્તનને સાંકળવાના વડાપ્રધાનના વિઝન અને વ્યૂહ પર પ્રકાશ પાડે છે. કોપ-26માં ભારતનો નીતિગત અભિગમ, જળવાયુ ન્યાય માટે વડાપ્રધાન મોદીની પ્રતિબધ્ધતા અને પ્રકૃતિ પ્રત્યે ભારતની સન્માનની દ્રષ્ટિમાં સમાયેલી છે. વડાપ્રધાન મોદીના વડપણ હેઠળ ભારતે કઈ રીતે ખુદને 2030 પહેલાં પેરિસ જળવાયુ સંમલનની પ્રતિબધ્ધતાઓને પૂરી કરવા તૈયારી કરી છે એ સમજવા માટે આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ. આ પુસ્તક ધરતીના સંરક્ષણ અને માનવતાના સંતુલિત વિકાસની માર્ગદર્શિકા તરીકે વાંચવી જોઈએ.

જો જળવાયુ પરિવર્તનન દુનિયા ગંભીરતાથી નહીં લે તો પ્રકૃતિ અને માનવતા વચ્ચેનું સહ-અસ્તિત્વ હંમેશા માટે બદલાઈ જશે. ગ્લાસગોમાં કોપ-26ના મહાઆયોજનમાં પૃથ્વીને બચાવવા માટે સમગ્ર વિશ્વ સંગઠિત થયું, જેથી જળવાયુ પરિવર્તનથી આવનારા સંકટનો ઉપાય શોધી શકાય. પેરિસ જળવાયુ સંમેલનમાં વડાપ્રધાન મોદીએ વિશ્વને વન વિસ્તાર વધારવા. કાર્બન ઉત્સર્જન ઓછું કરવા અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપ્યો હતો, તો ગ્લાસગોમાં મળેલા કોપ-26 જળવાયુ સંમેલનમાં તેમણે જળવાયુ પરિવર્તન વિરુધ્ધ લડાઈમાં પંચામૃતના સંકલ્પની સાથે વિશ્વને દ્રષ્ટિ અને દિશા દર્શાવી છે.



રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ યોજના જેવા અભિયાનને પરિણામે વર્ષ 2018ની સરખામણીમાં 2019માં 86 શહેરોની વાયુ ગુણવત્તામાં સુધારો થયો અને વર્ષ 2020માં આવા શહેરોની સંખ્યા 104 થઈ

## આ મુદ્દાઓ પર સહમતિ સધાઈ

- પહેલાં જરૂરી હતું તે પાંચ વર્ષની જગ્યાએ આગામી વર્ષ (2022) સુધીમાં તમામ દેશો પોતાનાં 2030 ક્લાઈમેટ એક્શન પ્લાન અથવા NDC (રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન)ને વધુ મજબૂત કરશે.
- પર્યાવરણ પર વિપરીત અસર ઘટાડવા અને તેનાં અમલીકરણને તાત્કાલિક પ્રોત્સાહન આપવા માટે વર્ક પ્રોગ્રામની સ્થાપના.
- 2030 ક્લાઈમેટ એક્શન ટારગેટને પ્રોત્સાહન આપવા માટે વિવિધ દેશોના મંત્રીઓની વાર્ષિક બેઠક બોલાવવામાં આવશે.
- જળવાયુ પરિવર્તન પર દેશ શું કરી રહ્યો છે તેનાં પર વાર્ષિક પૃથક્કરણ અહેવાલ પ્રસિધ્ધ કરશે.
- ક્લાઈમેટ એક્શન ટારગેટને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીએ 2023માં વૈશ્વિક નેતાઓની બેઠક બોલાવવાનો અનુરોધ કર્યો.
- દેશ ઇંધણના સ્રોત તરીકે કોલસાનો ઉપયોગ ઓછો કરે અને અશ્મિભૂત ઇંધણ પરની સબસિડીને બંધ કરવા માટે પ્રયત્ન કરે.
- તમામ દેશો કોલસાને તબક્કાવાર રીતે બંધ કરશે.
- વિક્સિત દેશો 2025 સુધી અનુકૂલન (Adaptation) માટે ગરીબ અને વિકાસશીલ દેશોને આપવામાં આવી રહેલાં ધિરાણને 2019નાં સ્તરથી ઓછામાં ઓછું બમણું કરે
- અનુકૂલન (Adaptation) માટેનાં વૈશ્વિક લક્ષ્યને વ્યાખ્યાયિત કરવા માટે બે વર્ષનો વર્ક પ્રોગ્રામ બનાવવામાં આવ્યો.

## ‘ઉજાલા’એ ઘટાડ્યું કાર્બન ઉત્સર્જન.. ‘ઉજ્જવલા’થી રસોડું ધુમાડામુક્ત બન્યું



- 2016માં ઉજાલા યોજનાની શરૂઆત કરવામાં આવી. તેનો હેતુ કુલ વીજ વપરાશમાં 20 ટકા હિસ્સો ધરાવતા પરંપરાગત બલ્બની જગ્યાએ એલઇડી બલ્બ નાખવાનો હતો.
- આ માટે શહેરોમાં અડધી કિંમતમાં એલઇડી બલ્બ પૂરાં પાડવામાં આવ્યા અને સ્ટ્રીટ લાઇટને એલઇડીમાં બદલવામાં આવી. ઉજાલા યોજના અંતર્ગત અત્યાર સુધી 36 કરોડ 78 લાખથી વધુ એલઇડી બલ્બ વહેંચવામાં આવ્યા છે.
- અત્યાર સુધી 80 લાખ ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઓછું કરવામાં આવ્યું છે. એક વર્ષમાં 47,000 કિલોવોટથી વધુ વીજ વપરાશ ઘટ્યો, તો દર વર્ષે સરેરાશ રૂ. 19,000 કરોડથી વધુની બચત કરવામાં આવી.
- ઉજાલા યોજનાથી આગળ વધીને હવે ગ્રામીણ ઉજાલા યોજનાની શરૂઆત કરવામાં આવી છે. તેનાં દ્વારા ગામડાંઓમાં 60 કરોડ જુનાં બલ્બની જગ્યાએ 10 રૂપિયામાં નવા એલઇડી બલ્બ આપવામાં આવી રહ્યા છે.
- ઉજ્જવલા જેવી મહત્વપૂર્ણ યોજના દ્વારા દેશના 99.6 ટકા ઘરોને રાંધણ ગેસની સુવિધા દ્વારા આવરી લેવામાં આવ્યા છે. આઝાદીના છ દાયકા સુધી તેનું પ્રમાણ માત્ર 55 ટકા જ હતું.
- આનાથી કેરોસીન અને લાકડા જેવાં પરંપરાગત ઇંધણના ઉપયોગ પર અંકુશ આવ્યો, તો બીજી બાજુ ધુમાડાથી મહિલાઓને થતી આરોગ્યની સમસ્યા પણ દૂર થઈ.

# સૌર ઊર્જામાં વિશ્વના ભવિષ્યમાં ભારતની આગેવાની



- ભવિષ્યની ઊર્જા જરૂરિયાતોને પૂરી કરવામાં અક્ષય ઊર્જા મહત્વપૂર્ણ સ્રોત સાબિત થશે. આ હકીકતને ધ્યાનમાં રાખતા ભારતે 2009માં પ્રથમ વાર નેશનલ સોલર મિશનની શરૂઆત કરી.
- વર્ષ 2022માં 20 ગિગાવોટ સૌર ઊર્જા ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય હતું. પર્યાવરણ પ્રત્યે વર્તમાન સરકારની પ્રતિબધ્ધતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દ્રષ્ટિનાં પરિણામે 2015માં આ લક્ષ્યને પાંચ ગણો વધારીને 100 ગિગાવોટ કરવામાં આવ્યો.
- સરકારે 2022ના અંત સુધી કુલ 175 ગિગાવોટ અક્ષય ઊર્જા ક્ષમતાનો લક્ષ્ય નક્કી કર્યો છે. પવન ઊર્જા દ્વારા 60 ગિગાવોટ, સૌર ઊર્જાથી 100 ગિગાવોટ, બાયોમાસ ઊર્જાથી 10 ગિગાવોટ અને લઘુ જળવિદ્યુત પ્રોજેક્ટ્સથી પાંચ ગિગાવોટનો સમાવેશ થાય છે.
- છેલ્લાં છ વર્ષોમાં ભારતે વિશ્વના તમામ મોટા અર્થતંત્રોની સરખામણીમાં અક્ષય ઊર્જાના ક્ષેત્રમાં સૌથી ઝડપી વૃધ્ધિ કરી છે. કુલ ઊર્જા વપરાશમાં હવે અક્ષય ઊર્જાનો હિસ્સો 24 ટકાથી વધુ છે.
- સૌર ઊર્જા માટે ખેડૂતોની બિનઉપજાઉ જમીનનો ઉપયોગ કરવાના હેતુથી જુલાઇ, 2018માં 'કિસાન ઊર્જા સુરક્ષા એવં ઉત્થાન મહાભિયાન' (PM-KUSUM)ની શરૂઆત કરવામાં આવી.

**"ભારતે વિશ્વ સમક્ષ કહ્યું હતું કે અમારી અક્ષય ઊર્જાની ક્ષમતાને 40 ટકા કરીશું. ભારતે આ લક્ષ્યને હાંસલ કર્યું છે. વડાપ્રધાને 450 ગિગાવોટ કહ્યું હતું, હવે ગ્લાસગોમાં તેને વધારીને 500 ગિગાવોટ કરવામાં આવી છે. હવે દુનિયામાં બધાંને લાગવા માંડ્યું છે કે ભારત સ્વચ્છ ઊર્જા માટે પ્રતિબધ્ધ છે એટલું જ નહીં, તેણે આપેલું વચન પણ પૂરું કર્યું છે. જે લક્ષ્યોને આપણે વિશ્વ સમક્ષ મૂક્યાં છે, તેને પૂરા કરીશું અને ભારત ચોક્કસપણે હરિત ઊર્જામાં આગળ વધનારો દેશ છે."**

ભુપેન્દ્ર યાદવ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી

**ફેમ ઇન્ડિયા યોજના દ્વારા જાહેર પરિવહનમાં ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, દેશમાં લગભગ 740 કિલોમીટરની મેટ્રો લાઇન શરૂ થઇ ચૂકી છે. વર્ષ 2022 સુધી તે 900 કિલોમીટરથી વધુની થઇ જશે. 1000 કિલોમીટરથી વધુની મેટ્રો લાઇનો નિર્માણાધીન છે.**

# જળવાયુ પરિવર્તન મુદ્દે વડાપ્રધાનની મેરેથોન બેઠકો



**અમલીકરણનો દાયકો**

## જી-20 શિખર સંમેલન સત્ર IIIમાં વડાપ્રધાન

વડાપ્રધાન મોદીએ આ સંમેલનમાં જણાવ્યું કે કઈ રીતે કોવિડને કારણે સમગ્ર વિશ્વમાં સાતત્યપૂર્ણ વિકાસનાં લક્ષ્યને હાંસલ કરવાની ગતિ ધીમી પડી છે. આ સ્થિતિમાં, ખાસ કરીને આફ્રિકા અને નાના ટાપુ રાષ્ટ્રોને વિશેષ મદદની જરૂર છે. તેમણે કહ્યું, 'Decade of Action' નું આ પ્રથમ વર્ષ છે.

**વેટિકન સિટી**

## કોવિડમાં વિશ્વને મદદ બદલ પોપે ભારતની પ્રશંસા કરી

બે દાયકા બાદ ભારતના વડાપ્રધાન અને પોપ વચ્ચે પ્રથમ વાર બેઠક યોજાઈ હતી. અગાઉ, જૂન, 2000માં ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ વેટિકનની મુલાકાત લીધી હતી અને પોપ જ્હોન પોલ II ને મળ્યા હતા. પોપે મહામારી દરમિયાન વિવિધ દેશોને કરેલી મદદ બદલ ભારતની પ્રશંસા કરી હતી.

**જી-20માં વડાપ્રધાન**

## 500 કરોડ રસીના ડોઝ ભારત વિશ્વને આપશે

જી-20 દેશોના સંમેલનના પ્રથમ સત્રમાં 'વૈશ્વિક અર્થતંત્રો અને વૈશ્વિક આરોગ્ય' વિષય પર વડાપ્રધાન મોદીએ કોવિડ મહામારી સામે લડવા માટે 'એક પૃથ્વી-એક આરોગ્ય'નું વિઝન વિશ્વ સમક્ષ રજૂ કર્યું, તો જી-20 બેઠકની વચ્ચે જ વડાપ્રધાને સપ્લાય ચેઇનમાં ફ્લેક્સિબિલિટી અંગે વૈશ્વિક શિખર સંમેલનને સંબોધન કર્યું

**દ્વિપક્ષીય બેઠક**

## સિંગાપોર સાથે જળવાયુ પરિવર્તન મુદ્દે મહત્વની ચર્ચા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 30 ઓક્ટોબર, 2021નાં રોજ ઇટલીના રોમમાં આયોજિત જી 20 શિખર સંમેલનની પૃષ્ઠભૂમિમાં સિંગાપોરના વડાપ્રધાન સિએન લુંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓએ જળવાયુ પરિવર્તનનો સામનો કરવાના વૈશ્વિક પ્રયાસો પર ચર્ચા કરી.



## ફ્રાન્સ સાથે જળવાયુ સંલગ્ન મુદ્દાઓ પર ઊંડી વિચારણા

વડાપ્રધાને રોમમાં આયોજિત જી 20 શિખર સંમેલનની પૃષ્ઠભૂમિમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈન્યુઅલ મેક્રોં સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બંને રાજનેતાઓએ જળવાયુના સંદર્ભમાં નાણાંકીય બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂરિયા પર ચર્ચા કરી.

કોપ-26 બેઠકમાં વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



## બ્રિટનના વડાપ્રધાને ભારત સાથે મળીને કામ કરવાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

વડાપ્રધાને કોપ-26 વૈશ્વિક નેતાઓના શિખર સંમેલન પ્રસંગે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન સાથે મુલાકાત કરી. તેમણે ISA, ક્લાઈમેટ ફાઈનાન્સ, ટેકનોલોજી, ઈનોવેશન અને ગ્રીન હાઈડ્રોજન, અક્ષય અને ક્લિન ટેકનોલોજી મુદ્દે યુકે સાથે કામ કરવાની ભારત પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

**દ્વિપક્ષીય બેઠક**

## સ્પેનના પીએમ સાથેની મુલાકાતમાં અનેક મુદ્દા પર ચર્ચા

વડાપ્રધાને રોમમાં આયોજિત જી 20 શિખર સંમેલનની પૃષ્ઠભૂમિમાં સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાન્ચેઝ સાથે મુલાકાત કરી. બંને દેશોના વડાઓએ ઇ-મોબિલિટી, ક્લિન ટેકનોલોજી, અત્યાધુનિક સાધનો અને ઊંડા સમુદ્રમાં શોધખોળ જેવા નવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર સંમતિ વ્યક્ત કરી.

**દ્વિપક્ષીય બેઠક**

## જર્મની સાથેના સંબંધો વધારવા પર ભાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબર, 2021નાં રોજ રોમમાં જર્મન ચાન્સેલર અંજલા મર્કેલ સાથે મુલાકાત કરી. લબંને નેતાઓએ ભારત અને જર્મની વચ્ચેનાં ગાઢ દ્વિપક્ષીય સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો અને પરસ્પર વેપાર તથા રોકાણ સાથે સંકળાયેલા સંબંધોને વધુ મજબૂત કરવાનો સંકલ્પ લીધો.

**દ્વિપક્ષીય બેઠક**

## ઈન્ડોનેશિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારી પર ભારતની ચર્ચા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોમમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે પણ મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની દિશામાં તાજતેરમાં થયેલી પ્રગતિ પર ચર્ચા કરી. બંને નેતાઓએ કોવિડ-19 મહામારી દરમિયાન એક બીજાના સતત સહયોગની પણ પ્રશંસા કરી.

## બિલ ગેટ્સ સાથે ભવિષ્યની સંભાવનાઓ પર ચર્ચા કરી

વડાપ્રધાન મોદી અને માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક બિલ ગેટ્સ વચ્ચેની મુલાકાતમાં ગ્રીન હાઈડ્રોજન,  વિમાનનું ઈંધણ, બેટરી સ્ટોરેજ અને રસી સંશોધન જેવા ક્ષેત્રોમાં ભવિષ્યની સંભાવનાઓ પર ચર્ચા થઈ. વડાપ્રધાને ભારતમાં બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહેલા કાર્યોની પ્રશંસા કરી.

**દ્વિપક્ષીય બેઠક**

## સૌથી નજીકના પડોશી નેપાળ સાથે ચર્ચા થઈ

જુલાઈમાં નેપાળનું વડાપ્રધાનપદ સંભાળ્યા બાદ શેરબહાદુર દેઉબા પ્રથમ વાર વડાપ્રધાન મોદીને મળ્યા. બંને નેતાઓએ મહામારીનો સામનો કરવા ચાલી રહેલા પ્રયાસો અને  દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અંગે ચર્ચા કરી અને મહામારી દરમિયાન ભારત અને નેપાળ વચ્ચે ઉત્કૃષ્ટ સહયોગનો ઉલ્લેખ કર્યો.

**દ્વિપક્ષીય બેઠક**

## યુક્રેન સાથેની બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોનો ઉલ્લેખ

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમીર ઝેલેન્સ્કીએ વડાપ્રધાન મોદી સાથેની બેઠકમાં  દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી અને પ્રાદેશિક મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે કોવિડ કાળમાં પરસ્પર સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો, જેમાં બંને દેશો દ્વારા કોવિડ રસીકરણ પ્રમાણપત્રોને પરસ્પર માન્યતાનો પણ સમાવેશ થાય છે.



## ભારત-ઈઝરાયેલ પરસ્પર સહયોગ વધારશે

ઈઝરાયેલના વડાપ્રધાન નફ્તાલી બેનેટે વડાપ્રધાન મોદી સાથે પ્રથમ વાર મુલાકાત કરી. બંને નેતાઓએ દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી. ખાસ કરીને હાઇ ટેકનોલોજી અને ઈનોવેશનમાં સહયોગ વધારવા પર સંમતિ સધાઈ ●

# "ભારતના એક્શન અને અભિગમ અંગે સમગ્ર વિશ્વાસમાં ઉત્સાહ છે, અમે તમામ વિકાસશીલ દેશોના મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવ્યા છે"




**તાજેતરમાં પ્રસિધ્ધ થયેલાં એક અહેવાલ પ્રમાણે, 2021નો ઓક્ટોબર મહિનો પૃથ્વીના ઇતિહાસનો ચોથો સૌથી ગરમ મહિનો છે, તો આર્કટિકમાં એકત્ર થયેલો બરફ 43 મહિનામાં આઠમી વાર સૌથી નીચા સ્તરે છે. એન્ટાર્કટિકામાં આ રેકોર્ડ ચોથી વાર સર્જાયો છે. અહીં બહુ ઝડપથી બરફ ઓગળી રહ્યો છે, તોફાનો વધી રહ્યા છે, તાપમાન વધી રહ્યું અને વિશ્વમાં કુદરતી આપત્તિઓ સતત વધી રહી છે. આવા સમયમાં, ગ્લાસગોમાં વિશ્વના આશરે 200 દેશોના વડા પર્યાવરણ પર ચિંતન કરવા એક સાથે બેઠાં ત્યારે ભારતે પોતાનો અભિગમ રજૂ કર્યો એટલું જ નહીં, પણ વિકાસશીલ દેશો સમક્ષનાં પડકારોનો ઉલ્લેખ કરીને વિક્સિત દેશોને તેમનું વચન પણ યાદ અપાવ્યું. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે ન્યૂ ઇન્ડિયા સમાચારના વરિષ્ઠ સલાહકાર સંપાદક સંતોષ કુમાર અને વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક વિભોર શર્માને આપેલી મુલાકાતના કેટલાક અંશો પ્રસ્તુત છેઃ**

**સવાલઃ કોપ-26 બેઠક આ વર્ષે ઘણી ચર્ચાસ્પદ રહી. વિશ્વ સમક્ષ જળવાયુના આ પડકાર અંગે યોજાયેલી આ સમગ્ર બેઠકને તમે કઈ રીતે જૂઓ છો?**

જવાબઃ 1992માં UNFCCCની સ્થાપના બાદ વિશ્વ દર વર્ષે જળવાયુ પરિવર્તન પર ચર્ચા, ચિંતન અને પરસ્પર સહયોગ માટે મંથન કરે છે. આ વર્ષે કોપ 26ની બેઠક દ્વારા સમગ્ર વિશ્વના દેશો પર્યાવરણ પર ચર્ચા કરવા એક રહ્યા. પરસ્પર પ્રયાસથી દરેક સમસ્યાનો ઉકેલ આવે છે. કોવિડ જેવી સદીની સૌથી મોટી મહામારી વચ્ચે યોજાયેલી આ બેઠક મહત્વપૂર્ણ છે. બેઠક પહેલાં IPCCનો અહેવાલ પણ આવ્યો હતો, જેમાં એક દાયકામાં તાપમાનમાં 1.5 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. ઔદ્યોગિક ઉત્પાદનની સાથે સાથે આ જ રીતે અનિયમિત કાર્બન ઉત્સર્જન પણ ચાલુ રહેશે તો આગામી સમયમાં દરેક દેશ અનિયમિત જળવાયુ પરિવર્તનની સાથે સાથે કુદરતી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમામ દેશોએ તેનાં પર ચિંતન કર્યું, અનેક મુદ્દે સહમતિ પણ સધાઈ છે.

---

**સવાલઃ પેરિસથી ગ્લાસગો સુધી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે લેવામાં આવેલા પગલાંને તમે કઈ રીતે જૂઓ છો?**

જવાબઃ કોપની સતત બેઠકો પછી પેરિસમાં થયેલી સમજૂતિમાં બે બાબતો નક્કી કરવામાં આવી હતી. જે દેશોએ વધુ ઔદ્યોગિક ઉત્પાદન દ્વારા વધુ કાર્બન ઉત્સર્જન કર્યું છે, તેમણે પોતાની ફરજો નિભાવવી જોઇએ. આ દેશોએ પોતે કહ્યું હતું કે, આ ખામી ભરપાઈ કરવા તેઓ વિકાસશીલ દેશોને દર વર્ષે 100 અબજ ડોલર આપશે. આ ઉપરાંત, વિકાસશીલ દેશોને સમસ્યા ઉકેલવા જરૂરી ટેકનિક પણ પૂરી પાડવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેરિસ શિખર સંમેલનમાં એ સમયે જળવાયુ ન્યાયની વાત કરતા આ મુદ્દે ગંભીરતાથી વિચારવા અને તેનું પાલન કરવાનો વિચાર વિશ્વ સમક્ષ રજૂ કર્યો હતો. આખરે તો, જેમણે પર્યાવરણને વધુ નુકસાન પહોંચાડ્યું છે તેમની વધુ જવાબદારી બને છે.

---

**સવાલઃ ભારતની દ્રષ્ટિએ ગ્લાસગોનું પરિણામ શું રહ્યું ?**

જવાબઃ ગ્લાસગોમાં માત્ર વિઝન પર જ નહીં, પગલાં પર પણ વાત થઈ છે. ભારતની સંસ્કૃતિ સાથે પ્રકૃતિ

**" ભારત એક જવાબદાર વૈશ્વિક મહાશક્તિ છે અને પાંચ સૂત્રી જળવાયુ એજન્ડા રજૂ કરીને જળવાયુ ન્યાયની સાચી ભાવના સાથે જળવાયુ પરિવર્તનનો સામનો કરવામાં સૌથી આગળ છે. ગ્લોસગોના મંચ પરથી વડાપ્રધાને વિશ્વને યાદ અપાવ્યું કે વિશ્વની કુલ વસતિનો 17 ટકા હિસ્સો હોવા છતાં ભારત ઉત્સર્જન માટે માત્ર પાંચ ટકા જ જવાબદાર છે. કારણ કે ભારતે જળવાયુ પરિવર્તનની સમસ્યામાંથી વિશ્વને બચાવવાની પોતાની ફરજમાં સહેજ પણ કચાશ રાખી નથી. હવે, એ દેશોનો વારો છે, જેઓ કાર્બન ઉત્સર્જન માટે વધુ જવાબદાર છે."**

**ભુપેન્દ્ર યાદવ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી**

Q&A

**કોપ 26ની બેઠકમાં ભારતે મજબૂતીપૂર્વક પોતાનો પક્ષ રાખ્યો છે અને વડાપ્રધાન મોદીએ વિશ્વને પંચામૃતનો સંકલ્પ બતાવ્યો છે. એક મંત્રી તરીકે તેને સાકાર કરવા માટે તમારો શો વ્યૂહ રહેશે?**

વડાપ્રધાનના પંચામૃતનો અર્થ એ છે કે પર્યાવરણના ક્ષેત્રમાં ભારતના આગામી લક્ષ્ય કયા હશે. આ લક્ષ્યોને પૂરા કરવાની દિશામાં અમે શરૂઆત કરી દીધી છે. એ માટે તમામ મંત્રાલયો અને વિભાગો સાથે મળીને કામ કરે તે જરૂરી છે. આગામી સમયમાં તમે આ ફરકને અનુભવશો.


## Q&A

**ધરતી એટલે કે માનવતાને બચાવવા માટે વિશ્વ ચિંતિત છે. પણ વિક્સિત દેશોનો અભિગમ સકારાત્મક નથી લાગતો. વડાપ્રધાને કરેલા સંબોધનમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વિક્સિત દેશો વિકાસશીલ અને અર્ધવિક્સિત દેશો સાથે સહયોગનો અભિગમ કેમ નથી અપનાવતા?**

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં આ મુદ્દાને ગંભીરતાથી ઉઠાવ્યો તેનાં પરિણામે જ કોપ 26ના નિવેદનમાં વિક્સિત દેશોએ ભારે દિલગીરી વ્યક્ત કરી. આ પહેલાં ક્લાઈમેટ ફાઈનાન્સ અંગે પણ કોઈ સ્પષ્ટતા નહોતી. ભારત અને અન્ય વિકાસશીલ દેશોના દબાણને કારણે જ પ્રથમ વાર એવું બનશે કે ક્લાઈમેટ ફાઈનાન્સ પર કમિટી બનાવવામાં આવશે. એડોપ્શન પર દસ્તાવેજ તૈયાર કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.લાંબા સમય સુધી કાર્બન માર્કેટનો મુદ્દો પણ રહ્યો, કારણ કે ક્યોટો પ્રોટોકલ બાદ જે કંપનીઓના કાર્બન ક્રેડિટ બન્યા હતા અને પેરિસ સમજૂતિ બાદ એ નક્કી કરવામાં આવ્યું હતું કે તેને નવી રીતે શરૂ કરવામાં આવે અને નવું વ્યવસ્થાતંત્ર બનાવવામાં આવે અને જૂના કાર્બન ક્રેડિટને કઈ રીતે જોડવામાં આવે તેવા ભારતના સૂચનને પણ સામેલ કરવામાં આવ્યું છે. આ તમામ વિષયો પર ભારતની અસરકારક દરમિયાનગીરીને કારણે ઉકેલ શક્ય બન્યો છે.

જોડાયેલી છે. વડાપ્રધાને પહેલાં જ દિવસે આ મુદ્દે ભારતનું વિઝન વિશ્વ સમક્ષ રજૂ કર્યું, એટલું જ નહી, પણ આ મુદ્દે પોતાના વ્યક્તિગત હિતોને બદલે વિશ્વના હિતો માટે સાથે મળીને કામ કરવાનું આહવાન કર્યું. ભારતે પોતે આ દિશામાં આગળ વધતા 2070 સુધી નેટ ઝીરોનું લક્ષ્ય નક્કી કર્યું છે. અક્ષય ઉર્જાની ભારતની વર્તમાન ક્ષમતાને 40 ટકાથી વધારીને 50 ટકા કરવાની જાહેરાત કરી. ભારતે વૈકલ્પિક ઊર્જાનું ઉત્પાદન વધારીને 500 ગીગાવોટ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આટલું જ નહીં, ભવિષ્યમાં ભારત ગ્રીન એનર્જીનો ઉપયોગ વધારીને 2030 સુધી એક અબજ ટન કાર્બન ઉત્સર્જન ઓછું કરશે. ભારતમાં પંચામૃત સંકલ્પ સાથે વડાપ્રધાન મોદીએ પેરિસ સમિટમાં 100 અબજ ડોલર આપવાના વિક્સિત દેશોનાં વચનને યાદ અપાવતા કહ્યું કે આ વચન હજુ સુધી પૂરું નથી થયું. ભવિષ્યના પડકારો અને જરૂરિયાતોને જોતાં વડાપ્રધાને તેને એક ટ્રિલિયન ડોલર કરવા પર ભાર મૂક્યો છે.

તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે પર્યાવરણ અંગેનાં આ મહત્વપૂર્ણ પગલાં સાથે ભારતે આ વિષય પર ત્રણ મહત્વપૂર્ણ ફોરમની શરૂઆત પણ કરી છે. આ ત્રણેય પગલાં પર્યાવરણ પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતા દર્શાવે છે. પ્રથમ, બ્રિટનમાં સ્થાપિત CDRI (Coalition For Disaster Resilient Infrastructure), બીજું, ફ્રાન્સની સાથે મળીને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સના રૂપમાં સહિયારા પ્રયાસ અને ત્રીજું, સ્વીડનની સાથે



મળીને LeadIT (leadership group for industry transition). ISAના પોતાના વિઝનને આગળ ધપાવતા વડાપ્રધાન મોદીએ 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ'ની વાત કરી, તો યુકે બાદ ઓસ્ટ્રેલિયા, યુએસ વગેરેએ આ મુદ્દે ભારતને ટેકો આપ્યો છે. CDRIના માધ્યમથી IRISની સ્થાપના કરીને ભારત અને બ્રિટને નાના દેશોને 10 અબજ ડોલરની મદદ કરવાની શરૂઆત કરી છે. આપણે નાના દેશોને ઇસરોના માધ્યમથી ટેકનિકલ મદદ પૂરી પાડીશું. જેથી પર્યાવરણના ક્ષેત્રમાં ત્યાં થનારા પરિવર્તનોનો અંદાજ પહેલેથી લગાવી શકાય.

**સવાલઃ ભારતે વીતેલાં કેટલાંક વર્ષોમાં પર્યાવરણ સંરક્ષણ મુદ્દે નોંધપાત્ર પ્રગતિ કરી છે. ઉજ્જવલા, ઉજાલા જેવી યોજનાઓ મહત્વપૂર્ણ જણાય છે. આવા બીજા કયા પગલાં લેવાયા છે?**

જવાબઃ પર્યાવરણ સંરક્ષણની દિશામાં એ બાબત મહત્વપૂર્ણ બની જાય છે કે તમે કઈ રીતે અને કયા માધ્યમો દ્વારા પ્રયાસ કરો છો. ભારત આ વાત અત્યંત ગંભીરતાથી સમજી ગયું છે. હરિત ઊર્જાને પ્રોત્સાહન મળે, કાર્બન ઉત્સર્જન ઓછું થાય, લોકોની જીવનશૈલી સરળ બને તે દિશામાં ઉજાલા, ઉજ્જવલા જેવી યોજનાઓ ક્રાંતિકારી સાબિત થઈ છે. આ ઉપરાંત, ભારતે વન ક્ષેત્રમાં પણ ઘણું સારું કામ કર્યું છે. અક્ષય ઊર્જામાં પણ આપણે અપેક્ષા કરતા સારી કામગીરી કરી છે.

**સવાલઃ કોપ 26માં કોલસો અને અશ્મિભૂત ઇંધણનો મુદ્દો બહુ છવાયેલો રહ્યો. આ મુદ્દે ભારતનો શો વિચાર છે?**

જવાબઃ UNFCCCનું ડેક્લરેશન છે કે કોલસા અને અશ્મિભૂત ઇંધણ આધારિત એકમોને ક્રમશઃ ઓછાં કરવામાં આવે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવામાં આવે. ભવિષ્યના પર્યાવરણીય પડકારોને જોતાં આ બરાબર છે અને ભારત તેનું સમર્થન કરે છે. આ બાબતને જોતાં ભારતે તેની વૈકલ્પિક અને અક્ષય ઊર્જા ક્ષમતા તથા તેનાં લક્ષ્યાંકોને વધાર્યા છે. દરેક દેશની પોતાની રાષ્ટ્રીય જરૂરિયાતો હોય છે અને પોતાના દેશના લોકોની આશા-અપેક્ષાઓ પૂરી કરવાની હોય છે. પણ, પર્યાવરણના હિતમાં વૈકલ્પિક સ્રોતના રૂપમાં અક્ષય ઊર્જાને પણ પ્રોત્સાહન આપવાનું છે. તમામ દેશોને નેટ ઝીરોનું લક્ષ્ય આપવામાં આવ્યું છે. તેમાં બે મુદ્દા છે. પ્રથમ-પોતાની જરૂરિયાતો અને ક્ષમતાને જોવી અને બીજો- નેટ ઝીરોની દિશામાં આગળ વધવું. આ બંને લક્ષ્ય પર આગળ વધવા માટે વિકાસશીલ દેશોને આર્થિક સહાય અને ટેકનોલોજીની જરૂર છે. વિક્સિત દેશો આ મુદ્દે વાતો તો ઘણી કરે છે, પણ કોઈ નક્કર પહેલ નથી કરવામાં આવતી. એટલાં માટે ભારતે વિકાસશીલ દેશોનો અવાજ બનીને આ મુદ્દાને ભારપૂર્વક ઉઠાવ્યો છે. આગામી સમયમાં પણ આપણે આ ભૂમિકાને ભારપૂર્વક ઉઠાવીશું.

## ભારત અને ઇંગ્લેન્ડે નાના દેશોને 10 અબજ ડોલરની મદદ આપવાની શરૂઆત કરી છે

## નાના દેશોને ભારત ઇસરો દ્વારા ટેકનિકલ મદદ પૂરી પાડશે, જેથી પર્યાવરણના ક્ષેત્રમાં ત્યાં થનારા પરિવર્તનનો અંદાજ પહેલેથી મેળવી શકાય.

**સવાલઃ ભારતે કોપ-26માં ક્લાઈમેટ જસ્ટિસ અને ક્લાઈમેટ ફાઈનાન્સ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. તેની પાછળ શો વિચાર છે?**

જવાબઃ હેતુ છે પર્યાવરણની જાળવણી. પણ તેનાંથી દેશોના પાયાના હિતોનું અહિત ન થાય એટલાં માટે ભારતે ઉઠાવેલા દરેક મુદ્દાને વિકાસશીલ દેશોએ જોરદાર સમર્થન કર્યું છે. વડાપ્રધાન મોદીએ જે રીતે ગ્લાસગોના મંચ પર વિશ્વ સમક્ષ ભારતનું વિઝન રજૂ કર્યું તેને માત્ર વિકાસશીલ જ નહીં, વિક્સિત દેશોએ પણ જોરદાર સમર્થન કર્યું છે.

**સવાલઃ કોપ 26માં ભારતે અત્યંત સકારાત્મક વલણ અપનાવ્યું છે. વિશ્વના અન્ય દેશોના પર્યાવરણ મંત્રીઓ અને પ્રતિનિધિઓ સાથે તમારી અલગથી બેઠક થઈ. ભારતના આ સકારાત્મક વલણ અંગે તેમનો શો અભિપ્રાય હતો?**

જવાબઃ માનનીય વડાપ્રધાનની ભૂમિકા, ભારતનાં પગલાં અને વિઝન અંગે સમગ્ર વિશ્વમાં અને તેનાં પ્રતિનિધિઓમાં ઉત્સાહ છે. તમામ લોકો એ વાતને ઉત્સાહપૂર્વક સ્વીકારે છે કે ભારતે વિકાસશીલ દેશોના મુદ્દાઓને મજબૂત રીતે ઉઠાવ્યા છે. ●

# હવે જનજાતિઓ સુધી વિકાસના ફળ પહોંચ્યા


**જનજાતિઓએ જંગલ, રણ અને પર્વતોની વચ્ચે રહીને ભારતની આઝાદી માટે સંઘર્ષ કર્યો છે. ભારતની સમૃધ્ધિમાં તેમનું મોટું યોગદાન છે પણ તેમનાં સુધી વિકાસનાં ફળ ન પહોંચ્યા, જેનાં તેઓ હકદાર હતા. વર્તમાન કેન્દ્ર સરકારે વીતેલાં કેટલાંક વર્ષોમાં જનજાતિય વિસ્તારોના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે અને ઐતિહાસિક પહેલ કરતાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી 15 નવેમ્બરનાં રોજ દર વર્ષે 'જનજાતિય ગૌરવ દિવસ' મનાવવાની શરૂઆત કરી છે.**



ભારતને આત્મનિર્ભર બનાવવા પાછળ દેશનાં પાયાને મજબૂત બનાવવાનો સંકલ્પ પણ છે. સમાજનાં તમામ વર્ગોનાં યોગદાન દ્વારા જ આ સંકલ્પ પૂરો થઈ શકે છે. આઝાદીના લાંબા સમય સુધી વિકાસની પહોંચથી દૂર રહેલી જનજાતિઓ માટે વર્તમાન સરકાર સતત પ્રયાસશીલ છે. તેમનાં સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ તથા સલામતી માટે સરકાર દ્વારા ભાર મૂકવામાં આવી રહ્યો છે. જનજાતિય સમુદાયોને સમાજની મુખ્યધારા સાથે જોડવાની પહેલ રૂપે ભારતમાં જનજાતીય પરંપરાઓ, શૌર્ય ગાથાઓને લોકો સમક્ષ રજૂ કરીને સમાજને ગૌરવ અપાવવામાં આવશે. આ દિશામાં 15 નવેમ્બરને જનજાતિય ગૌરવ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 10 નવેમ્બરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રથમ જનજાતિય ગૌરવ દિવસ પ્રસંગે વડાપ્રધાને ઝારખંડની રાજધાની રાંચીમાં ભગવાન બિરસા મુંડા સ્મૃતિ ઉદ્યાન અને સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું અને મધ્યપ્રદેશના ભોપાલમાં પણ એક સમારોહમાં સંબોધન કર્યું. ભોપાલમાં આયોજિત કાર્યક્રમમાં તેમણે એકલવ્ય મોડલ આધારિત 50 નિવાસી શાળાઓનું શિલારોપણ કર્યું હતું. આ શાળાઓ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા. ત્રિપુરા, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં સ્થાપવામાં આવશે. વડાપ્રધાને ભોપાલમાં દેશનું પ્રથમ વર્લ્ડ ક્લાસ સ્ટેશન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. સ્ટેશનનું નામ ગોંડ વંશની રાણી કમલાપતિના નામે રાખવામાં આવ્યું છે.

વિતેલાં કેટલાંક વર્ષોમાં આદિવાસી વિસ્તારોમાં પણ વિકાસ થઈ

## સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિઓના યોગદાનની સ્મૃતિમાં 10 સંગ્રહાલય




## બજેટમાં 75 ટકા વધારો

2013-14 ₹4,296 કરોડ

2021-22 ₹7,525 કરોડ

- લઘુ વન પેદાશની ખરીદ કિંમતમાં 62 ટકાની વૃદ્ધિ. એમએસપી અંતર્ગત સામેલ નાની વન પેદાશોની સંખ્યામાં સાત ગણો વધારો
- 25 રાજ્યોમાં 37,500 સ્વ સહાય જૂથો દ્વારા 2,500 વન-ધન વિકાસ કેન્દ્રનું જૂથ બનાવવામાં આવ્યું છે.

### અનુસૂચિત જનજાતિ ઘટક (STC)

જનજાતિય સમુદાયોના કલ્યાણ ભંડોળમાં 3.5 ગણો વધારો. જનજાતિઓના કલ્યાણ માટે 2013માં રૂ. 21225 કરોડનું ભંડોળ હતું, જે 2021માં વધીને રૂ. 78,256 કરોડ કરવામાં આવ્યું.

### વાંસ હવે વૃક્ષની કેટેગરીની બહાર



- જનજાતિઓના સશક્તિકરણ માટે વાંસને વૃક્ષની કેટેગરીમાંથી દૂર કરવામાં આવ્યું, જેથી 125થી વધુ પ્રકારના વાંસનો ઉપયોગ કરી શકાય
- અંગત અથવા ઘરેલુ જમીનમાં ઉગાડવામાં આવેલા વાંસને કાપવા માટે સરકારની મંજૂરીની જરૂર નહીં

### જનજાતિય લોકો માટે આરોગ્યની વિશેષ સુવિધાઓ

જનજાતિય લોકો માટે એક વિશેષ આરોગ્ય ભંડોળની રચના કરવામાં આવી છે. નવી પધ્ધતિઓ દ્વારા જ્ઞાન ભંડાર માટે દેશભરમાં પોર્ટલ લોંચ કરવામાં આવ્યું. સ્વદેશી ઔષધીય જ્ઞાન અને જનજાતિય દવાઓ માટે એઈમ્સ, પતંજલિ જેવા સંગઠનો સાથે ભાગીદારી કરવામાં આવી.

### સંસ્કૃતિ

**રાષ્ટ્રીય જનજાતિય સંશોધન સંસ્થા સ્થાપવામાં આવી રહી છે, જેથી જનજાતિય વારસો અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે**

### આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ દ્વારા વિકાસ

- આરોગ્ય, શિક્ષણ, કૃષિ, નાણાં, કૌશલ્ય વિકાસમાં સુવિધાઓમાં વધારો. આકાંક્ષી જિલ્લામાંથી 42 જિલ્લામાં મોટી સંખ્યામાં આદિવાસીઓ રહે છે. એટલાં માટે પ્રોજેક્ટનો પ્રસ્તાવ તૈયાર કરવા માટે એ 42 જિલ્લાઓને રૂ. 250 કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

રહ્યો છે. આદિ જાતિઓના વિકાસના વાર્ષિક બજેટમાં 75 ટકાનો વધારો થયો છે. દેશભરમાં ખુલેલી એકલવ્ય મોડલની શાળાઓમાં વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળી રહ્યું છે. વન ધન યોજનાએ આદિવાસીઓનું જીવન બદલી નાખ્યું છે અને જંગલની સંપત્તિ દ્વારા તેમનું સશક્તિકરણ થયું છે. જનજાતિઓના બાળકોની સ્કોલરશીપમાં વધારો થયો છે. અભ્યાસ તેમજ રમતગમતના મેદાનોમાં પણ આદિવાસી બાળકોની વિજયપતાકા લહેરાઈ રહી છે. બોડો, બ્રુ, કાર્બી સહિતની જનજાતિઓમાં નવો વિશ્વાસ જાગ્યો છે. પદ્મ પુરસ્કારોના વિજેતાઓ હવે મહાનગરો પૂરતા મર્યાદિત નથી. હવે જંગલ, રણ કે પહાડોમાં વસતા લોકોને પણ પદ્મ પુરસ્કારો મળે છે, જેનાથી જનજાતિઓનાં કામને નવી ઓળખ મળી છે. ચોક્કસપણે, જનજાતિય વિસ્તારો અને લોકોને આત્મનિર્ભર ભારતના સારથી બનાવવાની દિશામાં આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે હવે તેમનાં વિકાસની ચિંતા કરી અને તેમને પણ અન્ય વિસ્તારોના વિકાસની યાત્રામાં સહભાગી બનાવ્યા અને તેમને ગૌરવ અપાવ્યું. ભાવિ પેઢીને તેમાંથી પ્રેરણા મળે તે માટે જનજાતિય ગૌરવ દિવસ મનાવવાની ઐતિહાસિક પહેલ કરવામાં આવી. ●

પ્રથમ જનજાતિય દિવસ પર વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો

દેશના પ્રથમ વર્લ્ડ ક્લાસ સ્ટેશનના શુભારંભ પર વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો

## સલામતી ચક્ર



કોવિડ સામેની લડાઈ.. આ તસવીર બિહારના સીવાન જિલ્લાની છે. અહીં 'હર ઘર દસ્તક' અભિયાન અંતર્ગત ખેતરમાં કામ કરી રહેલા ખેડૂતો અને તેમના પરિવારજનોને રસી આપી રહેલાં આરોગ્ય કર્મચારીઓ.

# સંપૂર્ણ રસીકરણનો સંકલ્પ....

**આરોગ્ય પ્રત્યે સહેજ પણ બેદરકારી આપણને કેટલી ભારે પડી શકે છે તે આપણને કોવિડે શીખવાડ્યું છે. કોવિડના કેસોમાં ઘટાડો અને દેશમાં 110 કરોડથી વધુ લોકોનું રસીકરણ થયા બાદ પણ સરકારના પ્રયાસો જરા પણ ઢીલા પડ્યા નથી. કેન્દ્ર સરકાર દેશભરમાં કોવડ-19 રસીકરણનો વ્યાપ વધારવા અને રસીકરણની ઝડપને હજુ તીવ્ર કરવા માટે પ્રતિબધ્ધ છે. ભારત વિશ્વનાં સૌથી મોટાં અને મફત 100 ટકા રસીકરણનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે....**

બિહારના સીવાન જિલ્લામાં અત્યારે પાક લણવાની મોસમ ચાલી રહી છે. ખેતરોમાં અનાજને કાપવામાં આવી રહ્યું છે. એટલાં માટે ખેડૂતો અને ખેત મજૂરોને ખેતરમાં જ રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે, જેથી તેઓ કામ પણ કરી શકે અને રસીથી વંચિત પણ ન રહી જાય. સીવાન ઉપરાંત બિહારના ચંપારણ, વૈના જેવા અન્ય વિસ્તારોમાં પણ લોકોને હરતીફરતી ટીમ દ્વારા કોવિડ-19ની રસી આપવામાં આવી રહી છે. ખેતર ઉપરાંત, ટ્રેન, રોડ અને ઘરોમાં રસીકરણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. દેશમાં અનેક સ્થળોમાં 'હર ઘર દસ્તક' અંતર્ગત રસી આપવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા તાજેતરમાં જ

# કોવેક્સિનને WHOની મંજૂરી

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ ભારતમાં બનેલી રસી કોવેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. છેલ્લાં કેટલાંક મહિનાઓમાં, કોવેક્સિન બનાવનાર કંપની ભારત બાયોટેક અને ડબલ્યુએચઓ વચ્ચે આ મુદ્દે વાતચીત ચાલી રહી હતી. સંયુક્ત રાષ્ટ્રના આ સંગઠને સમય-સમયે ભારતમાં બનેલી આ રસી અંગે ઉત્પાદકો પાસેથી વિગતવાર માહિતી માગી જેથી તેને આંતરરાષ્ટ્રીય માપદંડો સાથે સરખાવી શકાય. ડબલ્યુએચઓ દ્વારા કરવામાં આવેલી ટ્વિટમાં કહેવામાં આવ્યું હતું, "ડબલ્યુએચઓએ ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલી કોવેક્સિનને 'ઈમરજન્સી યુઝ લિસ્ટિંગ'માં સામેલ કરી છે." હવે કોવિડને રોકવા માટેની રસીમાં વધુ એક નામ જોડાઈ ગયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ઈમરજન્સી યુઝ લિસ્ટિંગમાં કોવેક્સિનનો સમાવેશ કરવા બદલ આભાર માનતા કહ્યું, "આ મજબૂત નેતૃત્વની નિશાની છે. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પની કહાની છે. આ દેશવાસીઓના વિશ્વાની જુબાની છે, આ આત્મનિર્ભર ભારતની દિવાળી છે. અમે મેડ ઈન ઈન્ડિયા રસીનો ઈમરજન્સી યુઝ લિસ્ટિંગમાં સમાવેશ કરવા બદલ આભાર માનીએ છીએ."



## ડબલ્યુએચઓની મંજૂરી બાદ અનેક લાભ થશે

- ડબલ્યુએચઓ પાસેથી મંજૂરી મળવાનો અર્થ એ છે કે આ રસી લગાવનાર હવે એક દેશથી બીજા દેશનો પ્રવાસ કરી શકશે.
- ડબલ્યુએચઓએ અત્યાર સુધી આઠ રસીને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી છે, જેમાંથી બે ભારતીય રસી છે.
- આ રસીના પરીક્ષણના ત્રીજા તબક્કાના પરિણામ દર્શાવે છે કે તે 81 ટકા સુધી અસરકારક છે.
- હવે વિદેશમાં કોવેક્સિનની સ્વીકાર્યતામાં વધારો થશે અને તેને વધુ ઓર્ડર મળશે.
- મોટાં ભાગનાં દેશો પોતાને ત્યાં ડબલ્યુએચઓ માન્ય રસીને મંજૂરી આપે છે.
- જો તમે કોવેક્સિનના બંને ડોઝ લીધા હશે તો 22 નવેમ્બરથી બ્રિટન જવામાં કોઈ સમસ્યાનો સામનો નહીં કરવો પડે.
- ભારતમાં ઉપયોગમાં લેવાઈ રહેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નિર્મિત કોવિશીલ્ડને ડબલ્યુએચઓ તરફથી અગાઉ મંજૂરી મળી ચૂકી છે.
- કોવકેસિન એક નિષ્ક્રિય રસી છે. એનો અર્થ એ થયો કે તેને મરેલા વાયરસમાંથી બનાવવામાં આવી છે, જે રસીને સલામત બનાવે છે.
- દેશની 24 વર્ષ જૂની કંપની ભારત બાયોટેક કુલ 16 રોગોના બચાવ માટેની રસી બનાવે છે. આ રસી વિશ્વના 123 દેશોમાં મોકલવામાં આવે છે. આ રસીના બંને ડોઝ વચ્ચે ચાર અઠવાડિયાનું અંતર રાખવામાં આવે છે.

પોતાના હોમટાઉન પાલિતાણા ગયા હતા, જ્યાં શેત્રુંજી ગામનાં લોકોને રસી લેવા માટે વિનંતી કરી. જે લોકોએ હજુ સુધી રસીનો પ્રથમ ડોઝ નથી લીધો અથવા જેમને બીજો ડોઝ નથી મળ્યો તેમની સુવિધા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 3થી 30 નવેમ્બર સુધી 'હર ઘર દસ્તક' અભિયાનની શરૂઆત કરી છે, જેથી સરકાર સંપૂર્ણ રસીકરણના લક્ષ્યને નવી ગતિ આપી શકે. એટલાં માટે જ સરકાર 'સબકા પ્રયાસ'ના મંત્ર સાથે સંપૂર્ણ રસીકરણ માટે દરેક વ્યક્તિ સુધી પહોંચી રહી છે અને ઝડપથી આગળ વધી રહી છે. આ કામને પૂરું કરવા માટે આપણા આરોગ્ય કર્મચારીઓ ભારે મહેનત કરીને કોવિડ રસી લગાવવા માટે દરેક વ્યક્તિ સુધી પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છે. શક્ય એટલી જલ્દી વધુને વધુ લોકોને રસી આપીને

# ભારતનું કોવિડ- 19 રસીકરણ પ્રમાણપત્ર 110 દેશોમાં માન્ય



110 દેશોએ ભારત સાથે કોવિડ-19 રસીકરણ પ્રમાણપત્રને પરસ્પર મંજૂરી આપવાની સંમતિ વ્યક્ત કરી છે. આટલું જ નહીં, ભારત સરકાર વિશ્વના બાકીના દેશોના સંપર્કમાં છે, જેથી વિશ્વના સૌથી મોટા કોવિડ-19 રસીકરણ કાર્યક્રમના લાભાર્થીઓને સ્વીકૃતિ મળી શકે અને તેઓ શિક્ષણ, વ્યવસાય અને પર્યટનના હેતુથી સરળતાથી મુસાફરી કરી શકે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, આ દેશોમાંથી સતત મુસાફરી કરનારા લોકોને 20 ઓક્ટોબર, 2021નાં રોજ આંતરરાષ્ટ્રીય આગમનને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના દિશા-નિર્દેશો પ્રમાણે કેટલીક છુટ આપવામાં આવી છે. દિશાનિર્દેશ જાણવા આ લિંક પર ક્લિક કરોઃ https://www. mohfw.gov.in/pdf/ જે લોકો વિદેશ પ્રવાસ કરવા માગે છે તેઓ આંતરરાષ્ટ્રીય પ્રવાસ રસીકરણ પ્રમાણપત્રને કો-વિન પોર્ટલ પરથી પણ ડાઉનલોડ કરી શકે છે. જે 110 દેશોએ રસીકરણ પ્રમાણપત્રોને પરસ્પર મંજૂરી માટે સંમતિ વ્યક્ત કરી છે, તેમાં કેનેડા, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, બેલ્જિયમ, આયર્લેન્ડ, નેધર્લેન્ડ્સ, સ્પેન, બાંગલાદેશ, ફિનલેન્ડ, માલી, ઘાના, સિયેરા લિયોન, નાઈજીરિયા, સર્બિયા, પોલેન્ડ, સ્લોવેક રિપબ્લિક, બલ્ગેરિયા, તુર્કી, ચેક ગણરાજ્ય, સ્વિટ્ઝર્લેન્ડ, સ્વીડન, ઓસ્ટ્રિયા,રશિયા. કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને કતારનો સમાવેશ થાય છે.

---

તેમની સલામતી સુનિશ્ચિત કરવાનો સરકારનો પ્રયાસ છે.

**'હર ઘર દસ્તક' અભિયાનઃ હવે ઘેર ઘેર રસી અપાશે**

ઓછું રસીકરણ કવરેજ ધરાવતા જિલ્લાઓ સાથેની સમીક્ષા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડ, મણિપુર, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય સહિતના રાજ્યોમાં રસીકરણનું ઓછું કવરેજ ધરાવતા 40થી વધુ જિલ્લાઓના અધિકારીઓ સાથે વાતચીત કરી અને તમામ અધિકારીઓને એ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કર્યા કે તેઓ વર્ષના અંત સુધી રસીકરણનું કવરેજ વધારવા પ્રયાસ કરે અને આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચય સાથે નવા વર્ષમાં પ્રવેશ કરે. આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી 'હર ઘર દસ્તક' અભિયાનને વેગ આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્યમંત્રીઓ સાથે 11 નવેમ્બરનાં રોજ બેઠક કરી. આ બેઠકમાં રસીકરણ અભિયાનને મજબૂત કરવા માટે મહત્વની ચર્ચા કરવામાં આવી. અફવાઓ અને ભ્રમની સ્થિતિને કારણે રસી લેવામાં ખચકાટ, દુર્ગમ વિસ્તારો, તાજેતરનાં મહિનાઓમાં હવામાનને કારણે સર્જાયેલા પડકારો તથા સ્થાનિક કારણોસર કેટલાંક જિલ્લામાં રસીકરણની સરેરાશ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી છે. જિલ્લાઓની સરેરાશ રાષ્ટ્રીય સરેરાશની નજીક લઈ જવાના પ્રયાસો અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનાં અત્યાર સુધીના અનુભવનાં આધારે માઈક્રો પ્લાનિંગ તૈયાર કરવા પર અને સ્થાનિક સ્તરે અવરોધોને દૂર કરીને રસીકરણ




- ભારતનો વર્તમાન રિકવરી રેટ 98.27 % છે. ભારતનો એક્ટિવ કેસ લોડ 1,30,793 છે, જે 525 દિવસમાં સૌથી ઓછો છે.
- સાપ્તાહિક પોઝિટિવિટી રેટ 0.97 છે અને છેલ્લાં 53 દિવસથી બે ટકાથી નીચે રહ્યો છે.
- હાલમાં એક્ટિવ કેસ દેશમાં કુલ પોઝિટિવ કેસના 0.38 ટકા છે, જે માર્ચ 2020થી સૌથી નીચા સ્તરે છે.
- અત્યાર સુધી ભારતમાં 62.57 કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

આંકડા 16 નવેમ્બર સુધીનાં છે



**100 વર્ષની આ સૌથી મોટી મહામારી દરમિયાન દેશે અનેક પડકારોનો સામનો કર્યો છે. કોરોના સામે દેશની લડાઈમાં એક ખાસ વાત એ પણ રહી કે આપણે નવા નવા ઉકેલ શોધ્યા, ઇનોવેટિવ ઉપાય શોધ્યા. બધાંને રસી મફત રસી અભિયાન અંતર્ગત આપણે એક દિવસમાં લગભગ અઢી કરોડ રસીના ડોઝ લગાવીને બતાવી ચૂક્યા છીએ. આ દર્શાવે છે કે આપણી ક્ષમતા શું છે, આપણું સામર્થ્ય શું છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વધારવા પર ભાર મૂકી રહ્યા છે અને જાગૃતિને જ એક માત્ર સમાધાન તરીકે જોઈ રહ્યા છે. એટલાં માટે જ તેમણે રાજ્યોના અધિકારીઓને આ અંગે ધર્મગુરુઓની મદદ લેવાનું સૂચન કર્યું. 16 જાન્યુઆરીનાં રોજ દેશભરમાં રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું,, જેમાં પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી લગાવવામાં આવી હતી. 2 ફેબ્રુઆરીથી ફ્રન્ટલાઈન વર્કર્સનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું. એ પછી સરકારે 1મેથી 18 વર્ષથી ઉપરના તમામ લાકોનાં રસીકરણની મંજૂરી આપીને રસીકરણ અભિયાનનું વિસ્તરણ કરવાનો નિર્ણય લીધો હતો.

## વિશ્વ માટે 500 કરોડ રસી બનાવવા તૈયાર

મજબૂત અર્થતંત્ર ધરાવતા વિશ્વના 20 દેશોના વડાઓની જી-20 બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને ભરોસો અપાવ્યો કે ભારત આગામી વર્ષ સુધી 500 કરોડ ડોઝનું ઉત્પાદન કરવા તૈયાર છે, જેનો મોટો હિસ્સો બીજા દેશોને આપવામાં આવશે. હકીકતમાં, ભારત જ એવો દેશ છે જેણે કોવિડ સંકટની ઘડીમાં આગળ આવીને બીજા દેશોને મદદ કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માનવું છે કે એક બીજાની મદદ કર્યા વગર મહામારીઓનો સામનો કરવો મુશ્કેલ બનશે. એટલાં માટે જ અનેક વિઘ્નો છતાં ભારતે 150 દેશોને દવાની સાથે સાથે રસી પણ પૂરી પાડી છે. આ બેઠકમાં વડાપ્રધાને 'વન અર્થ વન હેલ્થ'નું વિઝન પણ આપ્યું અને આ મુદ્દે જી-20માં વિશ્વના નેતાઓએ તેનું સ્વાગત કર્યું. ●

# દિવ્યાંગોની સગવડતા માટે 'સુગમ્ય ભારત'નું નિર્માણ કરાયું



**ભારત આત્મનિર્ભરતાના માર્ગ પર ચાલી રહ્યું છે ત્યારે દિવ્યાંગ કેમ આત્મનિર્ભર ન થાય?. આ જ વિચાર સાથે કેન્દ્ર સરકારે વીતેલાં સાત વર્ષોમાં 'સુગમ્ય ભારત' દ્વારા એવું ભૌતિક અને સામાજિક વાતાવરણ તૈયાર કર્યું, જેનાં કારણે દિવ્યાંગો હવે દરેક પ્રકારની શારિરિક ઉણપને પાછળ છોડીને આગળ વધી રહ્યા છે.**

**"પહેલાં વિકલાંગ શબ્દ સાંભળીને શરમ અનુભવાતી હતી. વડાપ્રધાન મોદીએ દિવ્યાંગ શબ્દનો ઉપયોગ શરૂ કરાવડાવ્યો. હવે લાચારી નથી અનુભવાતી. એવું લાગે છે જાણે અમારી પાસે દિવ્ય અંગ છે. આજે જ્યાં પણ જઈએ છીએ ત્યાં સમાજમાં અમને સન્માનની દ્રષ્ટિથી જોવામાં આવે છે."**

21 ઓક્ટોબરનાં રોજ દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલમાં કોવિડ રસીનો 100 કરોડમો ડોઝ લગાવ્યા બાદ વારાણસીના અરૂણ રોયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાતચીતમાં આ પ્રમાણે જણાવ્યું હતું.

દિવ્યાંગો પ્રત્યે સમાજની માનસિક ધારણા કંઈ એમ જ નથી બદલાઈ. આ માટે નવતર અભિગમ અને વિચારની જરૂર હતી, જે લોકોની માનસિક ધારણા બદલે, નવું ભૌતિક વાતાવરણ પૂરું પાડે અને એવા ભારતનું નિર્માણ કરે જે શારિરિક અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને સમાન તકો, સમાન સુવિધા પૂરી પાડે, જેથી તેમને અન્યાયની લાગણી ન થાય અને તેઓ પણ માનભેર જીવી શકે. આનો પ્રારંભ થયો 2015માં, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને એક આહવાન કર્યું, "મારા મનમાં એક વિચાર આવ્યો. આપણે કેમ દેશમાં વિકલાંગની જગ્યાએ 'દિવ્યાંગ' શબ્દનો ઉપયોગ ન કરીએ? આ એ લોકો છે જેમની પાસે એક કે તેનાથી વધુ અંગ છે, જેનામાં દિવ્યતા છે. દિવ્ય શક્તિનો સંચાર છે. આ બધું આપણે સામાન્ય શરીર ધરાવનારા પાસે નથી. મારા દેશવાસીઓ, આપણે ટેવવશ 'વિકલાંગ' શબ્દની જગ્યાએ 'દિવ્યાંગ' શબ્દ પ્રચલિત કરી શકીએ ખરા.? હું આશા રાખું છું, તમે બધાં આ વાતને આગળ વધારશો." આ સાથે 'સુગમ્ય ભારત' દ્વારા સમાજની જૂની પુરાણી માનિસકતા બદલવાની શરૂઆત થઈ. દિવ્યાંગોનું મનોબળ કેટલું મજબૂત હોય છે તે સમજવા એક ઉક્તિ ટાંકીએ. વ્હિલ ચેર પર સૌથી લાંબું અંતર કાપીને વિશ્વવિક્રમ સર્જનાર રોબર્ટ એમ હેન્સેલ કહ્યું હતું, "હું વિકલાંગ છું, એ સાચું છે. પણ તેનો અર્થ માત્ર એ જ છે કે મારે આગળ વધવા માટે તમારાથી થોડો અલગ રસ્તો લેવો પડશે."



# સુગમ્યતા બન્યો અધિકાર

આઝાદીના દાયકાઓ સુધી સમાજમાં ભાગીદારીથી લગભગ વંચિત રહેલા દિવ્યાંગો ઉદ્યોગ, રમતજગત સહિતના તમામ ક્ષેત્રોમાં સફળતાની ગાથા લખી રહ્યા છે, જેનો શ્રેય સુગમ્ય ભારત અભિયાનને જાય છે. દિવ્યાંગોને સહજ અને સરળ વાતાવરણ પૂરું પાડવા માટે 3 ડિસેમ્બર, 2015નાં રોજ તેની ઔપચારિક શરૂઆત કરવામાં આવી હતી, આ અભિયાનના ત્રણ પરિમાણ છે.

## સુગમ્ય વાતાવરણ ઊભું કર્યું

**લક્ષ્ય** કેન્દ્ર /રાજ્ય /કેન્દ્રશાસિત પ્રદેશોના જાહેર મકાનો, હોસ્પિટલોને દિવ્યાંગો માટે સુગમ્ય બનાવવી.

### પ્રગતિ

**1524** ઈમારતોને રેમ્પ, લિફ્ટ, પાર્કિંગ, શૌચાલય જેવી સુગમ્ય વિશેષતાઓ દ્વારા સુગમ્ય બનાવવામાં આવી છે.




- તેમાં કેન્દ્ર સરકારની 1030 અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની 494 ઈમારતો સામેલ છે. સુગમ્યતા માટે નિર્દિષ્ટ 1662 ઈમારતોનું ઓડિટ પૂરું થઈ ચૂક્યું છે.

## વાહનવ્યવહાર વ્યવસ્થાની સુગમ્યતા

**લક્ષ્ય** તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિમાનમથકોને દિવ્યાંગો માટે સંપૂર્ણ રીતે સુગમ્ય બનાવવા. તમામ A-1. 1 અને B શ્રેણીના રેલવે સ્ટેશનોને દિવ્યાંગો માટે સંપૂર્ણ રીતે અને બાકીનાં તમામ રેલવે સ્ટેશનોમાંથી 50 ટકાને સંપૂર્ણ સુગમ્ય બનાવવા.


### પ્રગતિ

- તમામ 35 આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અને 69 સ્થાનિક એરપોર્ટમાંથી 55માં સુગમ્યતાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.
- 1391 રેલવે સ્ટેશનો પર સુગમ્યતાની સુવિધા આપવામાં આવી છે, જેમાં 603 રેલવે સ્ટેશનોને સુગમ્ય અંતર-પ્લેટફોર્મ ટ્રાન્સફર અને પ્લેટફોર્મના છેડા પર ચિહ્ન લગાવવામાં આવ્યા છે.
- જાહેર પરિવહનમાં 62 રાજ્ય પરિવહન સાહસોની માલિકીની 1,47,368 બસોમાંથી 42,000થી વધુ બસોને આંશિક અને 10,000થી વધુ બસોને સંપૂર્ણ પણે સુગમ્ય બનાવવામાં આવી છે.
- વ્હિલચેર પર બેસીને સરળતાથી ચઢવા અને ઉતરવા માટે ફોલ્ડેબલ રેમ્પ અને પહોળા દરવાજા હવે જાહેર પરિવહન સેવાની ઓળખ બની ચૂકી છે.
- જાહેર પરિવહન સેવાઓમાં ઓડિયો જાહેરાત પ્રણાલિ અને વિડિયો અથવા ડિજિટલ જાણકારીની વ્યવસ્થા કરવામાં આવી છે.

સુગમ્ય ભારત અભિયાનનો હેતુ સરકારી ભવનો, રોડ, રેલવે, એરપોર્ટ, સરકારી વેબસાઈટ વગેરેને દિવ્યાંગજનોને અનુકુળ બનાવીને તેમને સારી સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે, જેથી તેમની શારિરિક અક્ષમતા જ તેમની ક્ષમતાનું માધ્યમ બની જાય. સુગમ્યતાના અધિકારને કાયદાકીય મજબૂતી આપવા માટે કેન્દ્ર સરકારે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, 2016 લાગુ કર્યો. આ અંતર્ગત દિવ્યાંગજન માટે સુગમ્યતા એક અધિકાર બની ગયો. અગાઉ આ માત્ર એક કલ્યાણકારી ઉપાય

## માહિતી અને સંદેશાવ્યવહાર પ્રણાલિને સુગમ્ય બનાવવી

**લક્ષ્ય** કેન્દ્ર અને રાજ્ય સરકારોની કુલ વેબસાઇટોમાંથી ઓછામાં ઓછી 50 ટકાને દિવ્યાંગો માટે સુગમ બનાવવી.




### પ્રગતિ

- રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની 588 વેબસાઇટોને અન્ય સુવિધાઓની સાથે સાથે સ્ક્રીન રીડર, કલર કોન્ટ્રાસ્ટ, ટ્રાન્સલેશન અને ફોન્ટ સાઇઝ કન્ટ્રોલ માટે સુગમ્ય બનાવવામાં આવી છે.
- કેન્દ્ર સરકારની 100થી વધુ વેબસાઇટને પહેલેથી જ સુગમ્ય બનાવવામાં આવી છે.
- ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા અલગ અલગ અભ્યાસક્રમો દ્વારા આશરે 1500 સાંકેતિક ભાષા દુભાષિયાઓને તાલીમ આપવામાં આવી છે.
- તબક્કાવાર રીતે ટેલિવિઝન પર સુગમ્ય સામગ્રીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેમાં ટીવી ચેનલો પર સુગમ્ય ન્યૂઝ બુલેટિન અને સામાન્ય મનોરંજન ચેનલો પર સબટાઇટલ દ્વારા પ્રસારણને સુગમ્ય બનાવવાનો સમાવેશ થાય છે.

## દિવ્યાંગજનના સશક્તિકરણ માટે નવી પહેલ

- દિવ્યાંગોની ભરતી માટે વિશેષ અભિયાન અંતર્ગત અનામત ક્વોટા ત્રણથી વધારીને ચાર ટકા કરવામાં આવ્યો. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આ ક્વોટા હવે ત્રણને બદલે પાંચ ટકા છે.
- 6થી 18 વર્ષની ઉંમરના બાળકો માટે મફત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે, તો સરકારી અને સરકારી સહાય મેળવતી શાળાઓને રેમ્પ, હેન્ડરેલ અને સુગમ્ય શૌચાલય દ્વારા દિવ્યાંગ બાળકો માટે સરળતા કરી આપવામાં આવી છે.
- ધોરણે 1થી 12 સુધી અને બીએડ અભ્યાસક્રમમાં હવે સુગમ્યતાને એક વિષય તરીકે સામેલ કરવામાં આવ્યો છે.
- ઇન્ડિયન સાઇન લેંગવેજ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ સેન્ટરની સ્થાપનાને પગલે દૈનિક ઉપયોગના શબ્દ, એકેડેમિક શબ્દ, કાયદાકીય અને વહીવટી શબ્દ, મેડિકલ શબ્દ, ટેકનોલોજી તથા કૃષિ જેવા વિષયોના કુલ 10,000 શબ્દો સાથે પ્રથમ વાર સાઇન લેંગવેજ માટે શબ્દકોષ બનાવવામાં આવ્યો.
- દિવ્યાંગજનોને સ્વાવલંબી બનાવવા માટે કૌશલ્ય તાલીમની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સુગમ્ય પુસ્તકાલયના રૂપમાં અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવા ઓનલાઇન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જ્યાં ઓનલાઇન સુવિધા નથી ત્યાં ટપાલ દ્વારા અભ્યાસ સામગ્રી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- દિવ્યાંગજનોની સુવિધા માટે 10 ભાષાઓમાં સુગમ્ય ભારત એપની શરૂઆત કરવામાં આવી છે. આ એક ક્રાઉડસોર્સિંગ મોબાઇલ એપ્લિકેશન છે, જેમાં દિવ્યાંગજન અને વડીલો

જ હતો.

સમગ્ર વિશ્વમાં ભારતની વિશેષ ઓળખ બનેલાં ગુજરાતના કેવડિયા સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલનું સ્મારક સંપૂર્ણપણે સુગમ્ય છે. અહીં વ્હિલચેર પર આવનારા પ્રવાસીઓ માટે નિર્વિરોધ સલામતી તપાસ, સુગમ્ય લિફ્ટ, ઇ-કાર્ટ, શૌચાલય, સાઇનેજ, પીવાના પાણી જેવી તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે, જે શારીરિક સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે જરૂરી છે. લાંબા સમય સુધી આ સુવિધાઓથી વંચિત રહેલા દિવ્યાંગજનો માટે આ આશીર્વાદ સમાન સુવિધા છે અને તેમનાં પ્રત્યે સરકારના બદલાયેલા અભિગમનું પ્રતીક પણ છે. સુગમ્ય ભારત દ્વારા દિવ્યાંગજન પ્રત્યે સમાજનો અભિગમ બદલવાની પહેલ સરકારે કરી છે, હવે સમાજનો વારો છે. ●

## કેબિનેટના નિર્ણયો

# શેરડી, શણના ખેડૂતોના લાભમાં નિર્ણય લેવાયોઃ MPLADS પુનઃ બહાલ

**10 નવેમ્બરે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કેટલાંક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. વર્ષો સુધી ઉપેક્ષિત જનજાતિ ગૌરવને સન્માન અપાવવા માટે 2014થી ચાલી રહેલી પહેલમાં કેન્દ્ર સરકારે ભગવાન બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને દર વર્ષે જનજાતિ ગૌરવ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રીમંડળે શેરડીના ખેડૂતોને મોટી રાહત આપી છે, શણના ખેડૂતોની આજીવિકા વધારવા પેકેજિંગમાં શણના ફરજિયાત ઉપયોગમાં અનામત અંગેના નિયમોને મંજૂરી આપી હતી. આ ઉપરાંત, કોવિડ બાદ સ્થગિત કરવામાં આવેલી સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS)ને પૂર્વવત કરી છે.**



**નિર્ણયઃ કેબિનેટે સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજનાને પૂર્વવત કરવા અને 15મા નાણાં પંચની મુદતની સાથે સાથે નાણાંકીય વર્ષ 2025-26 સુધી તેને ચાલુ રાખવા મંજૂરી આપી છે.**

**અસરઃ** કોવિડના સમયમાં કેન્દ્ર સરકારે 6 એપ્રિલ, 2020નાં રોજ સાંસદ ભંડોળ પર રોક લગાવી હતી, જેથી આ મહામારી સામેની લડાઈને મજબૂત રીતે લડી શકાય.

- દેશ હવે આર્થિક રિકવરીના પંથે છે અને આ યોજના ટકાઉ સામુદાયિક અસ્કયામતો ઉભી કરવા માટે લાભદાયી હોવાથી અને દેશમાં કૌશલ્ય વિકાસ અને રોજગાર નિર્માણની સમુદાયની સ્થાનિક જરૂરિયાતોને સંતોષી શકાય અને આત્મનિર્ભર ભારતનો ઉદ્દેશ હલ થઈ શકે તેમ છે.
- આત્મનિર્ભર ભારતના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં આ યોજનાની બહાલી અત્યંત મદદરૂપ સાબિત થશે, એટલાં માટે કેન્દ્રીય મંત્રીમંડળે નાણાંકીય વર્ષ 2021-22ના બાકીના મહિનાઓ દરમિયાન સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS)ને પૂર્વવત કરવાનો નિર્ણય લીધો છે.

**નિર્ણયઃ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન આપતા ખાંડ સીઝન 2020-21 માટે ખાંડ આધારિત કાચા માલમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.**

**અસરઃ** ઈથેનોલ સપ્લાયર્સને ભાવમાં સ્થિરતા તેમજ વળતરદાયક ભાવ મળશે.

- C ભારે મોલાસીસમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમત લીટર દીઠ રૂ. 45.69 થી વધારીને લીટર દીઠ રૂ. 46.66,
- B ભારે મોલાસીસમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમત લીટર દીઠ રૂ. 57.61 થી વધારીને લીટર દીઠ રૂ. 59.08,
- શેરડીના ખેડૂતોના બાકી લેણાં ઓછા કરવામાં આવશે.
- આધુનિક જૈવ ઇંધણ રિફાઈનરીઓની સ્થાપના થશે અને કાચા તેલના આયાત પરનાં અવલંબનમાં ઘટાડો થશે.
- જીએસટી અને પરિવહન ચાર્જ લાગુ થશે.
- જાહેર ઓઈલ કંપનીઓને 2G ઈથેનોલનો ભાવ નક્કી કરવાની સ્વતંત્રતા મળશે.

**નિર્ણયઃ શણના ખેડૂતો અને કામદારો માટે બજાર સુનિશ્ચિત કરવા શણના પેકેજિંગ સામગ્રીના નવા અનામત માપદંડોને મંજૂરી**

**અસરઃ** 100 ટકા ખાદ્યાન્ન અને 20 ટકા ખાંડને શણના કોથળામાં પેક કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આનાથી શણની મિલોમાં કામ કરતા 3.7 લાખ શ્રમિકોને રાહત મળશે અને પર્યાવરણ સંરક્ષણની સાથે સાથે 40 લાખ ખેડૂત પરિવારોની આજીવિકા વધશે.

**નિર્ણયઃ ખેડૂતોની સમસ્યા દૂર કરવા માટેની નિરંતર પહેલમાં હવે 2014-15થી 2020-21 દરમિયાન કપાસના લઘુતમ ટેકાના ભાવ (MSP) કામગીરી હેઠળ થયેલા નુકસાનને ભરપાઈ કરવામાં આવશે.**

**અસરઃ** ભારતીય કપાસ પંચ (સીસીઆઈ)ને રૂ. 17,408.85 કરોડની મદદ કરવામાં આવશે. 58 લાખ કપાસ ખેડૂતો અને કપાસ પ્રોસેસિંગ અને વેપાર સાથે સંકળાયેલા 4-5 કરોડ લોકોને લાભ થશે. કપાસના ભાવને સ્થિર રાખવામાં મદદ મળશે. ●

કેબિનેટની બેઠકનું સંપૂર્ણ બ્રીફિંગ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# નવા ભારતના ગુમનામ નાયકો



77 વર્ષીય તુલસી ગૌડા 30,000થી વધુ વૃક્ષો રોપીને પર્યાવરણને બચાવવાની ઝૂંબેશ ચલાવી રહ્યા છે. કર્ણાટકમાં લોકો તેમને 'જંગલોના એનસાઇક્લોપિડિયા'ના નામે જાણે છે.

**રાષ્ટ્રની પ્રગતિમાં દરેક નાગરિકનું મહત્વપૂર્ણ પ્રદાન હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ વિચાર 2020 અને 2021ના પદ્મ પુરસ્કારોની યાદીમાં ઝલકાય છે. આ યાદીમાં એવાં અનેક નામો છે જેને તમે પહેલાં નહોતા જાણતા. આ એવા લોકો છે જેઓ સામાન્ય રીતે મોટાં શહેરો, ટીવી, અખબારો અને કોઇ સમારોહમાં દેખાતા નથી. તેમને બહુ લોકો નથી ઓળખતા પણ તેમની સેવાઓ અદભૂત છે. હવે પદ્મ પુરસ્કારો માટે નામ, ઓળખ કે ચહેરો નહીં પણ કામનું મહત્વ વધી ગયું છે. નવા ભારતમાં દેશનો સામાન્ય માણસ પણ પોતાના વિશેષ કાર્યો દ્વારા દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવી શકે છે. પદ્મ પુરસ્કારો માટે કોઈ પણ નાગરિક કોઇને પણ નોમિનેટ કરી શકે છે.**



મેંગલોરના 68 વર્ષીય ફળ વિક્રેતા હરેકાલા હજબ્બાને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે શિક્ષણના ક્ષેત્રમાં જે યોગદાન આપ્યું છે તે જાણીને તમે આશ્ચર્યચકિત થઈ જશો. સંતરા વેચીને રોજના 150 રૂપિયા કમાનાર હરેકાલા હજબ્બાએ પ્રાથમિક શાળાની સ્થાપના કરી દીધી.



ભોપાલના જે ભારત ભવનમાં એક સમયે ભુરી બાઈ મજૂરી કરતી હતી, તે સ્થળે તેમનાં પેઈન્ટિંગ્સ લગાવાયા છે. ભીલ જનજાતિની સંસ્કૃતિને દિવાલો અને કેનવાસ પર ઊભારવાની કલાને તેમણે જીવંત કરી દીધી છે. તેમણે બનાવેલા પેઈન્ટિંગ્સ મધ્યપ્રદેશ સંગ્રહાલયથી માંડીને અમેરિકા સુધી પોતાની છાપ છોડી ચૂક્યાં છે.

**" હું પેઈન્ટિંગ કળા પ્રત્યે સમર્પિત છું. મારી એક પેઈન્ટિંગે મને મજૂરમાંથી કલાકાર બનાવી દીધી. હું બહુ ખુશું છું કે આજે મને આટલું મોટું સન્માન મળ્યું છે."**



આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના રહેવાસી દલવાયી ચલપતિરાવ છાયા લેધર પપેટ આર્ટિસ્ટ છે. પેઢીઓથી ચાલી રહેલી શેડો પપેટ્રીની કળાને બચાવીને તેને પ્રોત્સાહન આપવા બદલ તેમને અનેક પુરસ્કાર મળી ચૂક્યા છે.



રાજસ્થાનના નાગૌર જિલ્લાના રહેવાસી હિમ્મતારામ ભાંભુ છેલ્લાં 25 વર્ષથી વૃક્ષનો સંરક્ષણ માટે કામ કરી રહ્યા છે. નાગૌર, જોધપુર, જેસલમેર, બાડમેર, સીકર, અજમેર જેવા ઓછા વૃક્ષો ધરાવતા રાજસ્થાનના જિલ્લાઓમાં તેઓ 5.5 લાખ વૃક્ષો રોપી ચૂક્યા છે.




'બીજ માતા' એટલે કે 'સીડ' મધરના નામે જાણીતા રાહીબાઈ સોમા પોપેરે મહારાષ્ટ્રના અહમદનગરના છે. પરિવાર પાસેથી પારંપારિક પધ્ધતિઓ શીખીને તેઓ 50 એકર જમીન પર 17થી વધુ પાક ઉગાડી રહ્યા છે. રાહીબાઈ નારી શક્તિ પુરસ્કાર પણ મેળવી ચૂક્યા છે. વૈજ્ઞાનિકો પણ તેમની પ્રશંસા કરે છે.




અયોધ્યામાં રહેતા 83 વર્ષના સાયકલ મિકેનિક મોહમ્મદ શરીફને પણ પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા. તેમને આ પુરસ્કાર સમાજ કલ્યાણ ક્ષેત્રમાં આપવામાં આવ્યો છે. 'શરીફ ચાચા'ના નામે જાણીતા મોહમ્મદ શરીફે અત્યાર સુધી 25,000થી વધુ બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર કર્યા છે.

**"દેશનું પ્રતિષ્ઠીત સન્માન મળ્યા બાદ મને એવી અનુભૂતિ થઈ રહી છે કે મોદી સરકાર સમાજ સેવાની કદર કરે છે. 28 વર્ષની સેવાનું ફળ મને મળ્યું છે. જ્યાં સુધી મારા શરીરમાં તાકાત છે, ત્યાં સુધી હું બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર કરતો રહીશ."-મોહમ્મદ શરીફ**



કર્ણાટકની મંજમ્મા જોગાતી પદ્મ સન્માન મેળવનાર દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર છે. તેમણે અત્યંત સંઘર્ષભર્યું જીવન જીવ્યું છે. જોગપ્પા લોકોના લોક નૃત્ય જોગતીમાં મંજમ્મા એટલા નિપુણ  છે કે લોકો હવે આ નૃત્યને તેમનાં નામે ઓળખે છે.



સજ્જાદ અલી ઝહીરને લોકો 1971ના યુધ્ધનો હીરો પણ કહે છે. એ વખતે પાકિસ્તાનની સૈન્યમાં ફરજ બજાવતા ઝહીર પૂર્વ પાકિસ્તાન (હાલનું બાંગલાદેશ)માં સૈન્યના અત્યાચાર અને હત્યાકાંડના પુરાવાઓ લઈને ભારત આવી ગયા હતા. બાંગલાદેશની રચનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. વર્ષો પછી તેમનાં કામની કદર થઈ છે.



ઉષા ચૌમાર રાજસ્થાનના અલવર શહેરમાં માથે મેલું ઉપાડવાનું કામ કરતી હતી. સાત વર્ષની ઉંમરથી આ કામ કરનાર ઉષાએ આ કુપ્રથા સામે અવાજ ઉઠાવ્યો અને પોતાની અનેક સાથી કર્મચારીઓને પણ આ કામમાંથી મુક્તિ અપાવી.



છુલ્ટીમ છોંજોરને લોકો લડાખના દશરથ માંઝી પણ કહે છે. લડાખની ઝંસ્કાર ખીણના સ્તોંગદે ગામના રહેવાસી છુલ્ટીમ છોંજોરે દારચાથી શિંકુલા સુધીનો આશરે 40 કિ.મી. લાંબો રોડ જાતે જ બનાવી દીધો. આ માટે તેમને પોતાની જમીન અને સંપત્તિ પણ વેચી નાખી.

> **“પદ્મશ્રી સન્માન મળ્યું તો મને લાગ્યું કે જાણે મારી મહેનત સફળ થઈ ગઈ. જ્યારે રોડ બનાવતો હતો ત્યારે ક્યારેય એવો વિચાર નહોતો આવ્યો કે આવું પણ શક્ય બની શકે છે.” છુલ્ટીમ છોંજોર**



લગભગ ત્રણ દાયકા સુધી ક્યારેક આયા તો ક્યારેક શાકભાજી વિક્રેતાનું કામ કરનાર સુભાષિનીએ એક એક પૈસો જોડીને પશ્ચિમ બંગાળના દક્ષિણ 24- પરગણા જિલ્લાના ઠાકુરપુર વિસ્તારમાં હ્યુમેનિટીઝ હોસ્પિટલની સ્થાપના કર છે, જેથી કોઈ ગરીબને સારવારના અભાવે મરવું ન પડે. અહીં બધાંને મફતમાં સારવાર આપવામાં આવે છે. ●

# જેમણે દેશવાસીઓને સાહસ અને નિઃસ્વાર્થતાના પાઠ ભણાવ્યા

**ભારતની આઝાદીની લડાઈ એવું અનોખું ઉદાહરણ છે, જેમાં સમગ્ર દેશે ભાગ લીધો હતો અને તમામ ક્ષેત્રના લોકો વિદેશી આક્રમણખોરોને દેશની ધરતી પરથી બહાર ભગાડવા એકત્ર થયા હતા. આઝાદીના સાત દાયકાથી પણ વધુ સમય વીત્યા બાદ સાહસ, નિઃસ્વાર્થતા અને દ્રઢ સંકલ્પની આ કહાનીઓ આપણને પ્રેરણા આપે છે અને ગર્વથી પરિપૂર્ણ કરે છે. ગુલામીમાંથી દેશને સ્વતંત્ર કરાવનારા સેનાનીઓ દેશ માટે જીવ આપી દેવા પણ તૈયાર હતા. તેમનાં આ સાહસ અને જુસ્સાને કારણે જ લોકોમાં સ્વાભિમાનની ભાવના જાગી, જે આગળ જતાં સ્વતંત્રતા અને સ્વરાજની મશાલ રૂપે પ્રજ્વલિત થઈ અને તેનાં જોરે જ આપણને 1947માં આઝાદી મળી...**



આઝાદ ભારતની પ્રથમ કેબિનેટમાં સરદાર વલ્લભભાઈ પટેલ (જમણે)ને શપથ અપાવી રહેલા તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ

ભારતની આઝાદી માટે આપણા સંખ્યાબંધ સ્વતંત્રતા સેનાનીઓએ પોતાનું સર્વોચ્ચ બલિદાન આપીને ક્રાંતિની મશાલ પ્રજ્વલિત કરી, જેણે દેશની જનતાને એક તાંતણે બાંધીને અંગ્રેજી શાસનના પાયાને હચમચાવી દીધો. ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અનેક વીરોએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. આત્મગૌરવ મેળવવાની આ લડાઈમાં ભારતીય મહિલાઓ પણ પાછળ ન રહી, તેમણે પણ પુરુષ ક્રાંતિકારીઓના ખભા સાથે ખભો મિલાવીને સાથ આપ્યો. આવા વીરોની યાદમાં લખાયેલી અમરગાથાને પુનર્જીવિત કરવા અને નવી પેઢીમાં દેશભક્તિના જુસ્સાને જગાવીને દેશના વિકાસ સાથે જોડવા માટે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે, જે આપણા પાયાના મૂલ્યો અને આપણી સમૃધ્ધ સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. સ્વાભિમાન અને સ્વતંત્રતા બાદ હવે દેશ સ્વાવલંબનના માર્ગ પર સતત આગળ વધી રહ્યો છે. આઝાદી દરમિયાન જે બીજારોપણ કરવામાં આવ્યું હતું તેનું પરિણામ વટવૃક્ષના રૂપમાં આપણી સામે છે. સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ પર શરુ થયેલો આઝાદીનો અમૃત મહોત્સવ સ્વાવલંબનની દિશામાં ઉઠાવવામાં આવેલું એક મહત્વનું પગલું છે, જેને ભારત સરકારે 15 ઓગસ્ટ, 2023 સુધી મનાવવાનો નિર્ણય લીધો છે. આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં એવા વીરોને કહાનીઓ જેમણે દેશને આઝાદી અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી એટલું જ નહીં, પણ આઝાદીની પહેલાં અને આઝાદી બાદ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી.

# ડો. રાજેન્દ્ર પ્રસાદે આઝાદીના આંદોલનમાં સક્રિય ભૂમિકા નિભાવી


જન્મઃ 3 ડિસેમ્બર, 1884 મૃત્યુઃ 28 ફેબ્રુઆરી, 1963



એક વિદ્યાર્થીની ઉત્તરવહી વાંચીને એક પરીક્ષકે કહ્યું હતું, 'The Examinee is better than Examiner.' આનો અર્થ થાય, 'પરીક્ષક કરતા પરીક્ષાર્થી હોંશિયાર છે.' આ વિદ્યાર્થી બીજું કોઈ નહીં, પણ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ હતા, જેઓ ભણવામાં ખૂબ હોંશિયાર હતા. બિહારમાં ભાગ્યે જ એવો વિદ્યાર્થી હશે જેને ઘર, શાળા કે રસ્તામાં ચાલતા એવી શિખામણ નહીં મળી હોય કે, 'ભણો તો રાજેન્દ્ર બાબુ જેવું ભણો'. રાજેન્દ્ર પ્રસાદની યાદશક્તિ વિલક્ષણ હતી અને જીવનની દરેક ઘટના તેમને યાદ હતી. કહેવાય છે કે તેમણે 1900 પાનાની પોતાની આત્મકથા લખવા માટે કોઈ ડાયરીની મદદ લીધી નહોતી. આ આત્મકથામાં તેમણે પોતાના જીવનનો ઈતિહાસ એટલી સરળતાથી લખી દીધો, જાણે ગઈ કાલે બનેલી ઘટનાઓ લખવાની હોય. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ 3 ડિસેમ્બર, 1884નાં રોજ બિહારના છપરા જિલ્લાના જીરાદેઈ નામના નાનકડા ગામમાં થયો હતો અને ભણી ગણીને વકીલ બન્યા. જો કે, ગોપાલ કૃષ્ણ ગોખલેના વિચારોથી પ્રભાવિત થઈને તેઓ ભારતની આઝાદીની લડાઈમાં જોડાઈ ગયા. ગાંધીજીએ મીઠાંનો સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે રાજેન્દ્ર પ્રસાદ પણ અનેક સત્યાગ્રહીઓ સાથે તેમાં જોડાઈ ગયા. એ પછી તેમણે 'ભારત છોડો' આંદોલનમાં પણ ભાગ લીધો. 1947માં દેશ આઝાદ થયો ત્યારે ભારતનું બંધારણ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી અને રાજેન્દ્ર પ્રસાદને તેના ચેરમેન બનાવવામાં આવ્યા. બંધારણ તૈયાર થઈ ગયા પછી તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા. તેઓ 26 જાન્યુઆરી, 1950થી 14 મે, 1962 સુધી રાષ્ટ્રપતિપદે રહ્યા. બે મુદત પૂરી કરનારા તેઓ એક માત્ર રાષ્ટ્રપતિ છે. 11 મે, 1951નાં રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ તરીકે રાજેન્દ્ર પ્રસાદ સોમનાથ મંદિરના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. એ વખતે સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ કર્યા બાદ તેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. 1962માં તેમને સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સ્વતંત્રતા સંગ્રામથી આઝાદી સુધી દેશની સેવા કરનાર સી. રાજગોપાલાચારી

જન્મઃ 10 ડિસેમ્બર, 1878 મૃત્યુઃ 25 ડિસેમ્બર, 1972



સ્વામી વિવેકાનંદે એક વાર છાત્રાલયની મુલાકાત લીધી. ત્યાં તેમણે એક વિદ્યાર્થીને પૂછ્યું, ભગવાન વિષ્ણુને શા માટે તમામ તસવીરોમાં ભૂરા રંગમાં દર્શાવવામાં આવે છે? પેલા વિદ્યાર્થીએ જવાબ આપ્યો, "તેમનું સ્વરૂપ અનંત આકાશ અને અસીમ મહાસાગરનું પ્રતિનિધિત્વ કરે છે, એટલા માટે." કહેવાય છે કે આ વિદ્યાર્થીનો જવાબ સાંભળીને સ્વામી વિવેકાનંદ ખૂબ પ્રભાવિત થયા. સ્વામી વિવેકાનંદના સવાલનો જવાબ આપનાર આ વિદ્યાર્થી હતા ચક્રવર્તી રાજગોપાલાચારી, જેમને દુનિયા સી. રાજગોપાલાચારી અથવા રાજાજીના નામે ઓળખે છે. રાજગોપાલાચારીનો જન્મ 10 ડિસેમ્બર, 1878નાં રોજ તત્કાલીન મદ્રાસ પ્રાંત (હાલ તામિલનાડુ)ના સેલમ જિલ્લામાં ધોરપલ્લી ગામમાં થયો હતો. તેઓ વકીલ, કુશળ અમલદાર અને પ્રસિધ્ધ રાજકારણી હતા. તેઓ મહાત્મા ગાંધીથી ખૂબ પ્રભાવિત હતા અને સ્વતંત્રતા સંગ્રામમાં ગાંધીના સત્ય અને અહિંસાના સિધ્ધાંતોથી પ્રેરિત હતા. 1930માં ગાંધીજીએ દાંડી કૂચ કરી ત્યારે તેમણે પણ મીઠાના કાયદાનો ભંગ કર્યો. તેઓ નાત-જાતના આડંબરના વિરોધ હતા અને જીવનભર તેની વિરુધ્ધ લડતા રહ્યા. અંતિમ ગવર્નર લોર્ડ માઉન્ટબેટન પછી રાજગોપાલાચારી પ્રથમ ભારતીય હતા, જેઓ ગવર્નર પણ બન્યા. તેમણે દક્ષિણ ભારતમાં હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારમાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું હતું. દેશ આઝાદ થયો પછી 1950માં જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજગોપાલાચારી ગૃહમંત્રી બન્યા. 1952માં તેમણે મદ્રાસના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. જો કે નહેરુ સાથે વૈચારિક મતભેદોને પગલે તેઓ કોંગ્રેસથી અલગ થઈ ગયા અને પોતાનો નવો પક્ષ બનાવ્યો. તેમણે આ પક્ષનું નામ 'એન્ટી કોંગ્રેસ સ્વતંત્ર પાર્ટી' રાખ્યું. સામાજિક ક્ષેત્રમાં યોગદાન આપવા બદલ 1954માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા. જેલવાસ દરમિયાન તેમણે 'મેડિટેશન ઈન જેલ' નામનું પુસ્તક લખ્યું અને તામિલ ભાષામાં રામાયણ પણ લખી. 25 ડિસેમ્બર, 1972નાં રોજ તેમનું અવસાન થયું.

# મહિલા સશક્તિકરણ અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક સુબ્રમણ્યમ ભારતી


જન્મઃ 11 ડિસેમ્બર, 1882 મૃત્યુઃ 11 સપ્ટેમ્બર, 1921



વર્ગખંડમાં એક વાર શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યું, "અમે સાંભળ્યું છે, તુ કાલમેઘ છે. કોઈ કવિતા સંભળાવ. વિદ્યાર્થીએ તરત જવાબ આપ્યો, સર, કાલમેઘ આદેશથી નહીં, પોતાની ઈચ્છાથી વર્ષા કરે છે. "શિક્ષકને આવો જવાબ આપનાર વિદ્યાર્થી હતા સુબ્રમણ્યમ ભારતી, જેમની કવિતાની કેટલીક પંક્તિઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, 2018નાં રોજ લાલ કિલ્લા પરથી સંભળાવી હતી. આ પંક્તિ હતી, **"एल्लारुम् अमरनिलई आईदुमनान, मुरईअई इंदिया उलागिरिक्को अलिक्कुसम..."** જેનો અર્થ થાય છે "ભારત સમગ્ર વિશ્વને દરેક પ્રકારના બંધનોમાંથી મુક્તિ અપાવવાનો માર્ગ દર્શાવશે... .." સુબ્રમણ્યમ ભારતી ભારતના એવા અસાધારણ પુત્ર હતા જેમની દેશભક્તિની કવિતાઓએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દેશની જનતાને પ્રેરણા આપી. 11 ડિસેમ્બર, 1882નાં રોજ જન્મેલા ભારતીની રચનાઓથી પ્રભાવિત થઈને દક્ષિણ ભારતમાં મોટી સંખ્યામાં લોકો આઝાદીની લડાઈમાં જોડાયા હતા. માત્ર 11 વર્ષની વયે તેમને એત્તાયુપુરમ દરબારમાં ભારતીની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બહુ મોટી ઉપલબ્ધિ કહેવાય. પોતાની નવી શૈલી અને અભિવ્યક્તિઓ, સરળ શબ્દો, દેશી મુહાવરા અને ગીતોની ધૂન દ્વારા મહાકવિ ભારતીની કવિતા તામિલ સાહિત્યને નવા યુગમાં લઈ ગઈ. આટલું જ નહીં, દેશપ્રેમની ભાવનાથી ઓતપ્રોત કવિતાઓ લખનાર સુબ્રમણ્યમ ભારતી કવિની સાથે સાથે સ્વતંત્રતા સેનાની, સમાજ સુધારક અને પત્રકાર પણ હતા, જેમણે ગરીબો અને દલિતોને તેમનાં અધિકાર અપાવ્યા. તેઓ, સ્વામી વિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતાને પોતાના ગુરુ માનતા હતા અને તેમની સાથેની મુલાકાત બાદ મહિલા સ્વતંત્રતા અને સશક્તિકરણના કટ્ટર સમર્થક બની ગયા. તામિલ, અંગ્રેજી, ફ્રેન્ચ, સંસ્કૃત, હિન્દી અને તેલુગુ સહિતની અનેક ભાષાઓની સારી સમજ ધરાવતા ભારતીએ ચક્રવર્તિની મેગેઝીનના સંપાદક તરીકે જાહેરાત કરી હતી કે ચક્રવર્તિનીનો લક્ષ્ય મહિલાઓનું સશક્તિકરણ છે. 11 સપ્ટેમ્બર, 1921નાં રોજ તેમનું અવસાન થયું હતું.

# હિન્દી ભાષાની પ્રગતિમાં મહત્વપૂર્ણ પ્રદાન કરનાર દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

જન્મઃ 1 ડિસેમ્બર, 1885 મૃત્યુઃ 21 ઓગસ્ટ, 1981



હિન્દી ભાષાના વિકાસ અને પ્રચારમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર પ્રખર દેશભક્ત હતા, જેમણે સમગ્ર ભારતનો પ્રવાસ ખેડ્યો અને ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષામાં પ્રવાસવર્ણન લખ્યા. તેમના પ્રવાસવર્ણન એટલાં જીવંત હોય છે કે વાચકોને એવું જ લાગે કે તે પોતે એ વર્ણન કરેલા સ્થળે પહોંચી ગયો છે. મહાત્મા ગાંધીના નજીકના સહયોગી દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરને દુનિયા કાકા કાલેલકર તરીકે જાણે છે. બહુમુખી પ્રતિભા ધરાવતા કાકા કાલેલકર લેખક, શિક્ષણવિદ્, સમાજ સુધારક અને ઈતિહાસકાર જેવા અનેક ગુણો ધરાવતા હતા. 1 ડિસેમ્બર, 1885નાં રોજ જન્મેલા કાકા કાલેલકરે દેશને અંગ્રેજોના પંજામાંથી છોડાવવા માટે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો હતો. શિક્ષણવિદ્ તરીકે તેમણે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેના ઉપકુલપતિ પણ રહ્યા. કાકા કાલેલકર પ્રારંભમાં ગુજરાતીમાં લખતા હતા પણ પછીથી તેમણે હિન્દીમાં પણ લખવાનું શરૂ કર્યું. એટલું જ નહીં, તેમણે હિન્દી ભાષાના ઉત્થાન માટે ઘણું કામ કર્યું અને મૈથિલીશરણ ગુપ્ત, હજારી પ્રસાદ દ્વિવેદી, શેઠ ગોવિંદદાસ જેવા લોકો સાથે મળીને હિન્દીને રાજભાષા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમનાં પ્રયાસોને પગલે જ દેવનાગરી લિપિમાં લખાયેલી હિન્દીને 14 સપ્ટેમ્બર, 1949નાં રોજ ભારતની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારવામાં આવી. 1950ના દાયકામાં કાકા કાલેલકરના વડપણમાં પ્રથમ પછાતવર્ગ પંચની નિયુક્તિ કરવામાં આવી હતી. જો કે તેમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા અને 2017માં નરેન્દ્ર મોદી સરકારે સંસદમાં 123મો બંધારણીય સુધારો પસાર કર્યો. ઓગસ્ટ 2018માં આ વિધેયકને રાષ્ટ્રપતિની મંજૂરી મળી અને અંતે રાષ્ટ્રીય પછાત પંચને બંધારણીય દરજ્જો મળ્યો. 1965માં કાકાસાહેબને સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 21 ઓગસ્ટ, 1981નાં રોજ તેમનું અવસાન થયું.

# રાજનારાયણ મિશ્રએ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા અંગ્રેજો સામે લડાઈ લડી હતી

**જન્મઃ 26 ઓગસ્ટ, 1920 મૃત્યુઃ 9 ડિસેમ્બર, 1944**




અંગ્રેજ સરકાર વિરુધ્ધ ક્રાંતિની મશાલ પ્રજ્વલિત કરનાર રાજનારાયણ મિશ્રએ સશસ્ત્ર ક્રાંતિના જોરે અંગ્રેજી શાસનને ઝૂકાવી દીધું હતું. તેઓ એવા ક્રાંતિકારી હતા, જેમણે બ્રિટિશરોની જોહૂકમી સહન નહીં કરવાની અને આઝાદી માટે પોતાનું બલિદાન આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમની પ્રતિજ્ઞાથી ગભરાયેલી અંગ્રેજ સરકારે તેમને ફાંસી આપી દીધી હતી. કહેવામાં આવે છે કે અંગ્રેજ સરકારે ભારતમાં આપેલી આ છેલ્લી ફાંસી હતી. રાજનારાયણ મિશ્રને 9 ડિસેમ્બર, 1944નાં રોજ સવારે ચાર વાગ્યે ફાંસી આપવામાં આવી હતી. માનવામાં આવે છે કે રાજનારાયણ મિશ્રને ફાંસી આપવામાં આવી રહી હતી ત્યારે તેમને અંતિમ ઈચ્છા પૂછવામાં આવી. તેમણે બે ઈચ્છા જાહેર કરી હતી. એક, તેઓ પોતાની ફાંસીના ગાળિયાને પોતે ગળામાં લગાવશે અને બીજી, તેમના પાર્થિવ શરીરને તેમના ક્રાંતિકારી મિત્રોને સોંપવામાં આવે. લખીમપુર ખીરીના મિતૌલી તાલુકાના ભીખમપુર ગામમાં રહેતા રાજનારાયણ મિશ્રનો જન્મ 26 ઓગસ્ટ, 1920નાં રોજ થયો હતો. પાંચ ભાઈઓમાં સૌથી નાના રાજનારાયણ મિશ્રએ માત્ર 22 વર્ષની ઉંમરમાં શસ્ત્રો એકઠાં કરીને અંગ્રેજોને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. 1942માં લખીમપુરમાં શસ્ત્રો લૂંટવા દરમિયાન ગોળી વાગવાથી જિલ્લાદારનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ તેઓ ગામમાંથી ભાગી ગયા અને અંગ્રેજોએ તેમના પરિવારની હેરાનગતિ કરી અને ખૂબ ત્રાસ આપ્યો. અંતે, ઓક્ટોબર, 1943માં મેરઠના ગાંધી આશ્રમમાંથી તેમની ધરપકડ કરવામાં આવી. 27 જૂન, 1944નાં રોજ તેમને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી. જો કે, તેઓ આ સજાથી સહેજ પણ વિચલિત થયા નહીં. 9 ડિસેમ્બર, 1944નાં રોજ તેમને ફાંસી આપવામાં આવી ત્યારે માં ભારતીના આ મહાન સપૂતે 'ઈન્કલાબ ઝીંદાબાદ'ના સૂત્રો પોકારતા શહાદત વ્હોરી લીધી હતી.

# ટોગન નેંગમિન્જા સંગમાઃ ગારો પર્વતના યોધ્ધા અને સ્વતંત્રતા સેનાની

**જન્મઃ ઉપલબ્ધ નથી, મૃત્યુઃ 12 ડિસેમ્બર, 1872**



અંગ્રેજોએ 1972માં ગારો પર્વત પર કબ્જો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ઘણાં દિવસો સુધી સાહસપૂર્વક સામનો કરીને તેમને રોકી રાખનારા વ્યક્તિ ટોગન નેંગમિન્જા સંગમા હતા, જેમના વડપણ હેઠળ અનોખી લડાઈ લડવામાં આવી હતી. ભારતના મહાન ક્રાંતિકારી યોધ્ધા ટોગન નેગમેઈયા સંગમા ભારતીય સ્વતંત્રતા સેનાનીઓના પ્રેરણાસ્ત્રોત હતા, જેઓ યુધ્ધના મેદાનમાં શહીદ થયા. સંગમાનો જન્મ શિલોંગના વિલિયમનગર પાસે ગારો પર્વતીય વિસ્તારના સમંદા ગામમાં થયો હતો. એ વખતે તેમનું ગામ ગાઢ જંગલો અને પર્વતોથી ઘેરાયેલું હતું. બાળપણથી જ તેમનાંમાં નેતૃત્વના ગુણ હતા અને જાતિગત સંઘર્ષોમાં મહત્વની ભૂમિકા ભજવતા હતા. આ રીતે, તેઓ ધીરે ધીરે અનેક ગામોના વડા બની ગયા. 1857માં ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ પછી અંગ્રજો સમગ્ર દેશ પર કબ્જો કરવા માટે ષડયંત્ર કરી રહ્યા હતા અને ઝડપથી આગળ વધી રહ્યા હતા. આ અભિયાન અંતર્ગત અંગ્રેજોએ મેઘાલય અને ગારો પર્વતને પણ પોતાનું નિશાન બનાવ્યાં. દેશભક્ત ટોગન સંગમા આ સ્વીકારવા તૈયાર નહોતા. તેમણે જાહેરાત કરી- 'અંગ્રેજોને અમારા વિસ્તારમાં રાજ નહીં કરવા દઈએ. લોકોને તેમનાં ગુલામ નહીં બનવા દઈએ.' એ પછી, તેમણે પોતાનું અભિયાન શરૂ કર્યું અને યુવકોને આખી સેના ઊભી કરી દીધી. જો કે, અંગ્રેજોનો સામનો કરવા માટે તેમની પાસે માત્ર પરંપરાગત ઢાલ, તલવાર, ભાલા, ધનુષ-બાણ સિવાય બીજું કોઈ નહોતું. તેમ છતાં આઝાદી મેળવવાનું એટલું ઝનૂન હતું કે ટોગન અને તેમના સાથીઓએ અંગ્રેજોના કેમ્પ પર હૂમલો કર્યો અને તેમાં આગ લગાવી દીધી. અંગ્રેજોને આવો હૂમલો થવાનો બિલકુલ અંદેશો નહોતો. તેઓ ઉંઘતા ઝડપાયા. બાદમાં અંગ્રેજોએ ટોગનને ષડયંત્ર રચીને બોલાવ્યા અને તેમને ગોળીઓથી વીંધી નાખ્યા. માં ભારતીની આઝાદી માટે લડતાં તેઓ શહીદ થઈ ગયા. આજે પણ લોકો વીર ટોગન સંગમાને બહુ યાદ કરે છે અને 12 ડિસેમ્બરનાં રોજ તેમની યાદમાં ગારો વિસ્તારમાં સ્વાતંત્ર્ય સૈનિક દિવસ મનાવે છે. ●



## 52મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ

# પ્રથમ વાર ઓટીટી પ્લેટફોર્મને તક મળી

**ગોવામાં 20થી 28 નવેમ્બર દરમિયાન યોજાયેલા 52મા ભારતીય ફિલ્મોત્સવ (IFFI)માં યુવા આશાસ્પદ પ્રતિભાઓને મુખ્યધારાની ફિલ્મોના નિર્માણ સાથે જોડાવા મંચ પૂરો પાડવામાં આવ્યો છે. આ મહોત્સવનો હેતુ યુવા ફિલ્મસર્જકો, કલાકારો, ગાયકો, પટકથા લેખકો તથા સિનેમા સાથે સંકળાયેલા અન્યોને તેમની પ્રતિભા દર્શાવવા તક આપવાનો હતો...**

હંગેરીના સુપ્રસિધ્ધ ફિલ્મ દિગ્દર્શક અને છેલ્લાં કેટલાંક દાયકાઓમાં ભારે પ્રતિષ્ઠા મેળવનાર ઈસ્તેવાન સાબો અને હોલીવુડના નવા યુગના ટોચના ફિલ્મસર્જક માર્ટિન સ્કોરસેઝીને 52મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં 'સત્યજીત રે લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈસ્તેવાન સાબો મેફિસ્ટો (1981) અને ફાધર (1966) જેવી ઉમદા ફિલ્મો માટે જાણીતા છે, જ્યારે માર્ટિન સ્કોરસેઝી ફિલ્મ ઈતિહાસના મહાન અને સૌથી અસરકારક ફિલ્મકારોમાંના એક તરીકે ઓળખવામાં આવે છે.

### અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ્સ સાથે સમજૂતિ

IFFI માં પ્રથમ વાર અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ્સને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. ફિલ્મ ફેસ્ટીવલમાં પ્રથમ વાર નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, ઝી5, વુટ અને સોની લિવે ભાગ લીધો હતો. બધાંએ OTT એક્સ્લુઝિવ માસ્ટરક્લાસ, કન્ટેન્ટ લોંચ અને પ્રિવ્યુઝ, પસંદગીની ફિલ્મોનાં પ્રદર્શનો અને ફિઝીકલ તથા વર્ચ્યુઅલ કાર્યક્રમ દ્વારા ભાગ લીધો હતો. લોકડાઉન બાદ ઓટીટી પર ફિલ્મો જોવાનું ચલણ વધી ગયું છે અને IFFI નવી ટેકનોલોજી અપનાવી રહ્યું છે. ઓટીટી ઉદ્યોગના કલાકારોને દિગ્ગજોની સાથે આદાનપ્રદાન કરવાન તક પૂરી પાડવામાં આવી હતી. ●



**"ભારત વાર્તાઓની ધરતી છે. આપણી કહાનીઓએ વિશ્વની કલ્પનાશીલતાને પ્રભાવિત કરી છે. ભારતમાં તમામ પ્રકારની કહાનીઓ ઉપલબ્ધ છે, જે તેને સાચા અર્થમાં કથાવસ્તુની ધરતી બનાવે છે.**
**-અનુરાગ ઠાકુર, માહિતી અને પ્રસારણ મંત્રી**

### 52મો IFFI : ઊડતી નજરે..

- IFFIમાં ભારતની યુવા પ્રતિભાઓને મંચ પૂરો પાડવામાં આવ્યો હતો અને મહોત્સવમાં 35 વર્ષથી ઓછી ઉંમરની 75 સર્જનાત્મક પ્રતિભાઓને આમંત્રણ આપવામાં આવ્યા હતા. તેમણે ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજો સાથે આદાનપ્રદાન કર્યું હતું અને માસ્ટરક્લાસમં પણ ભાગ લીધો હતો.
- પ્રથમ વાર બ્રિક્સ ફિલ્મ મહોત્સવ દ્વારા પાંચ બ્રિક્સ દેશોની ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પાંચ દેશ છે બ્રાઝીલ, રશિયા, દક્ષિણ આફ્રિકા, ચીન અને ભારત. કાર્લોસ સૌરા દ્વારા દિગ્દર્શિત ધ કિંગ ઓફ ઓફ ધ વર્લ્ડ (અલ રે દ તોદો અલ મુંદો) દ્વારા ફિલ્મોત્સવની શરૂઆત થઈ હતી અને આ ફિલ્મનો આંતરરાષ્ટ્રીય પ્રીમિયર પણ યોજાયો હતો.
- IFFIમાં દિલીપકુમાર, સુમિત્રા ભાવે, બુધ્ધદેબ દાસગુપ્તા, સંચારી વિજય, સુરેખા સિકરી, જ્યાં-પોલ બેલમૂન્દો, બર્ટાન્ડ તેવેનિયર, ક્રિસ્ટોફર પ્લમર અને જ્યાં-ક્લોડ કારિયેરને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



**PMO India** @PMOIndia
पिछले मुख्यमंत्रियों के लिए विकास वहीं तक सीमित था जहां उनका घर था।

लेकिन आज जितनी पश्चिम की पूछ है, उतनी ही पूर्वांचल के लिए भी प्राथमिकता है।

पूर्वांचल एक्सप्रेसवे आज यूपी की इस खाई को पाट रहा है, यूपी को आपस में जोड़ रहा है: PM @narendramodi



**Rajnath Singh** @rajnathsingh
The UP state government under the leadership of CM @myogiadityanath ji has done commendable work in maintaining law and order.

The Union Government is working hand-in-hand with the state government to promote R&D and growth of MSMEs.



**Amit Shah** @AmitShah ·
प्रधानमंत्री @narendramodi जी स्वयं उत्तर प्रदेश से सांसद भी हैं जो यहाँ की समृद्धि हेतु निरंतर प्रयासरत रहते हैं।

मोदी जी ने यूपी के विकास हेतु भारत सरकार के खजाने खोले और योगी जी ने योजनाओं को नीचे तक पहुँचाने का काम किया।

जिसके फलस्वरूप आज यूपी हर क्षेत्र में नंबर 1 बना है।



**Nitin Gadkari** @nitin_gadkari
माँ अन्नपूर्णा देवी जी का वाराणसी में अपने सही स्थान पर लौटना यह हमारी समृद्ध संस्कृति और विरासत को बहाल करने में प्रधानमंत्री श्री @narendramodi जी की मंशा और उद्देश्य को स्पष्ट रूप से दर्शाता है।
#BringingOurGodsHome
पिछले 7 वर्षों के दौरान हमारी 75% मूर्तियां और सांस्कृतिक विरासत की वस्तुएं भारत वापस आ गई हैं। इसके लिए मैं माननीय प्रधानमंत्री जी को धन्यवाद देता हूं। #BringingOurGodsHome



**Piyush Goyal** @PiyushGoyal
I thank PM @NarendraModi ji for institutionalising role of auditing in nation-building, by marking the first #AuditDiwas.

The CAG's role in strengthening transparency & accountability in governance is paramount.

The institution's legacy must be protected & improved.



**Dharmendra Pradhan** @d...
अच्छी सड़कें विकास की बुनियादी जरूरत है। आज #PurvanchalExpressway के लोकार्पण के साथ ही उत्तर प्रदेश देश का सबसे बड़े एक्सप्रेसवे नेटवर्क वाला राज्य बन गया है। इस उपलब्धि पर मैं सभी प्रदेशवासियों और मुख्यमंत्री श्री @myogiadityanath जी को बधाई देता हूँ।
#एक्सप्रेस_प्रदेश

## बेहतर कनेक्टिविटी से जीवन में सुधार

उत्तर प्रदेश में विकास के एक्सप्रेस वे से बदलती तस्वीर

### यूपी एक्सप्रेस वे सफलता की नई राहें

### अब एक्सप्रेस-वे हैं प्रदेश के मुख्य मार्ग



क्रिप्टोकरेंसी पर प्रधानमंत्री की बैठक, भारी रिटर्न के भ्रामक दावों पर मंथन

## धन शोधन, आतंकी वित्तपोषण के जोखिमों पर चिंता जताई

## गौरवपूर्ण इतिहास-वैभवशाली भविष्य का संगम

भोपाल, (पंजाब केसरी): प्रधानमंत्री नरेंद्र मोदी ने भोपाल में 100 करोड़ की लागत से बने रानी कमलापति रेलवे स्टेशन (हबीबगंज) का लोकार्पण कर दिया। प्रधानमंत्री ने कहा कि रानी कमलापति का नाम जुड़ने से गोंड गौरव भारतीय रेलवे से जुड़ा है। आज का दिन देश के लिए गौरवपूर्ण इतिहास और वैभवशाली भविष्य के संगम का दिन है। भारतीय रेल का भविष्य कितना आधुनिक है। कितना उज्ज्वल है। इसका प्रतिबिंब भोपाल के इस भव्य रेलवे स्टेशन में जो भी आएगा, उसे दिखाई देगा। भोपाल के इस ऐतिहासिक रेलवे स्टेशन का सिर्फ कायाकल्प नहीं हुआ है, बल्कि गिन्नौरगढ़ की रानी का नाम जुड़ने से इसका महत्व और बढ़ गया है।



## मोदी की बिरसा मुंडा की जयंती पर श्रद्धांजलि

नई दिल्ली, (पंजाब केसरी): प्रधानमंत्री नरेंद्र मोदी ने स्वतंत्रता सेनानी बिरसा मुंडा को सोमवार को उनकी जयंती पर श्रद्धांजलि दी। इस अवसर पर प्रधानमंत्री ने झारखंड वासियों को भी शुभकामनाएं दीं। झारखंड राज्य की स्थापना वर्ष 2000 में बिरसा मुंडा की जयंती पर की गई थी। मोदी ने कहा, ''झारखंड के सभी निवासियों को राज्य स्थापना दिवस की ढेरों शुभकामनाएं। अपनी विशिष्ट संस्कृति के साथ ऐतिहासिक पहचान रखने वाली भगवान बिरसा मुंडा की यह धरती विकास यात्रा में आगे बढ़े, यही कामना है।''
उन्होंने कहा कि मुंडा ने हमेशा आदिवासियों के अधिकारों के संरक्षण के लिए और स्वतंत्रता संग्राम को गति प्रदान करने के लिए संघर्ष किया। प्रधानमंत्री ने ट्वीट में कहा कि बिरसा मुंडा के देश के लिए योगदान को हमेशा याद रखा जाएगा। ...



### अमेरिकी सांसदों के प्रतिनिधिमंडल ने की प्रधानमंत्री मोदी से मुलाकात

### दुनिया की बड़ी से बड़ी ताकत भारत पर आंख नहीं उठा सकती: राजनाथ

## कॉप26 : भारत की दलीलों के बाद समझौते में बदलाव पर बनी आमराय

ग्लासगो में पर्यावरण मंत्री बोले-जीवाश्म ईंधन से विकसित देश तो संपति बना चुके



विकासशील देशों को नागरिकों की गरीबी भी दूर करनी है

RNI No. :
DELGUJ/2020/78810
DECEMBER 1-15, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date November 19, 2021, Pages - 56)

65મો મહાપરિનિર્વાણ દિવસ (6 ડિસેમ્બર, 2021)

# બાબા સાહેબને નમન



"ભગવાન બુધ્ધએ 'ભવતુ સત મંગલમ'નો મંત્ર આપ્યો હતો. બાબાસાહેબ આંબેડકર આ મંત્રનો પુનરોચ્ચાર કરતા હતા. તેઓ એવો તર્ક આપતા હતા કે લોકશાહીમાં દરેક સરકારની એ ફરજ અને કર્તવ્ય છે. બધાં લોકોનું ભલું થાય તે જોવાનું દરેક સરકારનું મિશન હોવું જોઇએ. રાજકીય પક્ષો તેને અલગ નામ આપી શકે છે. જેમ કે.. સબકા વિકાસ, સબકા વિશ્વાસ."

-રામનાથ કોવિંદ, રાષ્ટ્રપતિ

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020